कर भला होगा भला
- છગનભા

વર્ષ : 1 ✦ અંક : 4
જુલાઈ-ઑગસ્ટ, 2011

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળ જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

– ઉમાશંકર જોશી

*

``The real teacher is like the gardener who nurtures the plant and not a carpenter who cuts pieces of wood to fit into certain locations or a painter who covers them with an exterior coat of paint. Unless the tutor stimulates thinking rather than mere memorizing, deeper intellectual interests rather than aversion to thought, better perception of values rather than in appreciation, he serves no useful purpose but may nourish wrong habits which will be difficult to eradicate. The tutor has to bear in mind that he is - not merely teaching a subject, but is educating men and women to take their places as intelligent citizens of the nation."

``...The right kind of teacher... not only loves his subject, he loves also those whom he teaches. His success will be measured not in terms of percentage of passes alone... but equally through the quality of life and character of men and women whom he has taught."

– Radhakrishnan Education Commission
1948-49






શ્રીમતી એમ.બી. પટેલ
કન્યા પ્રાથમિક શાળા,
ગાંધીનગર દ્વારા આયોજિત
પ્રવેશોત્સવનું એક દશ્ય




હીરાબહેન વિઠ્ઠલભાઈ પટેલ
કન્યા બાલમંદિર ગાંધીનગર દ્વારા
આયોજિત શાળા પ્રવેશોત્સવનું એક દશ્ય



એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા
આયોજિત આચાર્યશ્રીઓનું સ્નેહમિલન



કે.એસ.વી.ના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા દ્વારા
બી.એડ્. અને એમ.એડ્. કૉલેજોના શૈક્ષણિક સત્રનું ઉદ્‌ઘાટન

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૪, જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | સંસ્થા પરિચય | ૫ |
| | – પત્રકારત્વ અનુસ્નાતક વિભાગ | ૫ |
| ૩. | પ્રાસંગિક | ૫ |
| | – સ્વ. બાબુભાઈ જશભાઈ જન્મશતાબ્દી વંદના... | ૫ |
| ૪. | સર્વ વિદ્યાલય, કડીના આદ્ય આચાર્યશ્રીઓ | |
| | – સ્વ. પોપટલાલ પટેલ | ૭ |
| | – સ્વ. બાપુભાઈ ગામી | ૯ |
| | – સ્વ. નાથાભાઈ દેસાઈ | ૧૦ |
| | – શ્રી મોહનલાલ પટેલ | ૧૨ |
| | – શ્રી મનુભાઈ પટેલ | ૧૫ |
| ૫. | સંપન્ન શિક્ષકત્ત્વની ખોજ : સંસ્થાસ્થિત સાધના | ૧૬ |
| ૬. | ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે પડકારો | ૨૨ |
| ૭. | છલોછલ શિક્ષકત્ત્વ | ૨૫ |
| ૮. | એક અપરાધ કથા | ૨૮ |
| ૯. | Education Reforms Need Constitution Amendments | ૩૧ |
| ૧૦. | અધ્યાપનના ઝરૂખેથી | ૩૩ |
| ૧૧. | ગ્રંથસૌરભ | |
| | – સ્વ. મુકુન્દરાય વિ. પારાશર્ય સ્મૃતિગ્રંથ | ૩૬ |
| ૧૨. | સંસ્થા-વૃત્ત | |
| | – યુનિવર્સિટી/કૉલેજ વિભાગ | ૪૧ |
| | – શાળા વિભાગ | ૪૬ |


**પત્રવ્યવહારનું સરનામું**

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

૫મી સપ્ટેમ્બર સમગ્ર દેશમાં 'શિક્ષક પર્વ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે શાળા-કૉલેજોમાં શિક્ષકોના માન-સન્માન – ગૌરવનું મહિમાગાન કરતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે, તેમજ આ જ દિવસે પ્રતિવર્ષ ભારતના રાષ્ટ્રપતિ દ્વારા દેશના શ્રેષ્ઠ શિક્ષકોને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવે છે.

મૂલત : ૫મી સપ્ટેમ્બર એ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ અને ૨૦મી સદીના વિશ્વવિખ્યાત ફિલસૂફ અને રાજનીતિજ્ઞ સદ્‌ગત ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (૧૮૮૮–૧૯૭૫)નો જન્મદિવસ છે. તેમણે કારકિર્દીની શરૂઆત પ્રેસિડેન્સી કૉલેજ, મદ્રાસમાં મદદનીશ વ્યાખ્યાતા (૧૯૦૯) તરીકે કરી હતી. ત્યારબાદ ઉત્તરોત્તર મદ્રાસ યુનિવર્સિટી, કલકત્તા યુનિવર્સિટી અને ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં તત્વજ્ઞાનના પ્રોફેસર, આન્ધ્ર યુનિવર્સિટી અને બનારસ હિંદુ યુનિવર્સિટીના કુલપતિ તથા યુનિવર્સિટી એજ્યુકેશન કમિશન(૧૯૪૮–૪૯)ના ચેરમેન તરીકે પ્રશસ્ય સેવાઓ આપી હતી. આમ, તેઓ ખરા અર્થમાં આજીવન શિક્ષક બની રહ્યા હતા. આ ઉપરાંત

અન્ય ક્ષેત્રોમાં તેમણે આપેલી સેવાઓ સુવિદિત છે જ.

ભારતના પૂર્વ સર્વોચ્ચ બંધારણીય વડા – રાષ્ટ્રપતિ – ડૉ. રાધાકૃષ્ણને પોતાનો જન્મદિન શિક્ષકદિન તરીકે ઊજવવાનું નક્કી કરવા પાછળનું મૂળભૂત કારણ પ્રવર્તમાન સમયમાં વિસરાતી જતી પ્રાચીન ભારતીય પરંપરા 'आचार्य देवो भव ।' ને પુનર્જીવિત કરી શિક્ષકોના ગૌરવની પ્રસ્થાપના કરવાનું રહ્યું છે. આપણા પ્રાચીન ઋષિઓ – આચાર્યો યાજ્ઞવલ્ક્યી પરંપરાના હતા કે જેઓ પોતાના નિર્વાહ અર્થે ધન લેતા પરંતુ સ્વધર્મનું નિષ્ઠાપૂર્વક પાલન કરીને. અર્થાત્ આશ્રમના શિષ્યોને વિદ્યાપ્રાપ્તિથી સંતુષ્ટ કરીને. પ્રવર્તમાન સ્થિતિ સંદર્ભે તુલના કરતાં પૌર્વાત્યવિદ્ રસિકલાલ પરીખે નોંધ્યું છે કે 'આજે સવારથી શાળાના સમય સુધી ટ્યુશનોથી થાકી ગયેલો શાળા કે કૉલેજનો શિક્ષક આ યાજ્ઞવલ્ક્યની પરંપરાનો છે ? શિષ્યને કૃતાર્થ કરી પોતાનું વેતન મેળવે છે ? કાલિદાસે તો આને ('मालविकाग्निमित्र' નાટકમાં) જ્ઞાનપણ્ય વણિક – જ્ઞાન વેચતી હાટડી જ કહેલ છે. 'यस्यागमःकेवलजीविकायै तं ज्ञानपण्यं वणिजं वदन्ति' આમાંયે જીવિકા સામે વાંધો નથી; જેની વિદ્યા ફક્ત જીવિકા મેળવવા માટે છે તે શિક્ષક નથી. વિદ્યા વેચતો એ વાણિયો [વેપારી] છે એ તાત્પર્ય છે.'

રાષ્ટ્રના ચારિત્ર્યઘડતર અને રાષ્ટ્રનિર્માણમાં યુગોથી શિક્ષકોની અહમ્ ભૂમિકા રહી છે, જેનો ઈતિહાસ સાક્ષી છે. પ્રાચીન સમયમાં ગુરુઓ શિષ્યના દોષોની જવાબદારી પોતાના માથે સ્વીકારી લેતા. આજે આપણે આ ઉત્તરદાયિત્વ પૂર્ણ સભાનતા સાથે નિભાવીએ છીએ ખરા ? સુપ્રસિદ્ધ શિક્ષણવિદ્ ડૉ. દાઉદભાઈ ઘાંચીએ સંપન્ન શિક્ષકત્ત્વ માટે વ્યક્તિત્વ, જ્ઞાનસાધના, અધ્યયન-અધ્યાપન ક્ષમતાઓ, સામાજિક સંવેદનશીલતા વગેરે ૧૦ પરિમાણો ગણાવ્યાં છે (જુઓ આ અંકમાં તેમનો લેખ) તદ્અનુસાર આપણે ક્યાં છીએ ? આ સંદર્ભે આપણે ક્યાંય ઊણા તો નથી ઊતર્યા ને ? આ હેતુસર આત્મનિરીક્ષણ કરવાની અનિવાર્ય આવશ્યકતા છે. આ શિક્ષક પર્વની સાચી ઉજવણી શિક્ષકધર્મનું આત્મચિંતન કરવામાં અને તેના પરિણામસ્વરૂપે હૃદયમાંથી ઉદ્ભવતો આત્માનો અવાજ કાને ધરીને પ્રાપ્તકર્મ કરવામાં આવે તો નિઃશંકપણે કર્તવ્યપાલનમાં આનંદ અને સંતર્પક સંતુષ્ટિ અનુભવાશે તેમ જ ધારી સફળતા હાંસલ પણ થશે.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણ તથા શિક્ષણ સંસ્થાઓ અને આ સંબંધી સરકારી રીતિ-નીતિઓ સામે અસંતોષ કે કંઈક અંશે જનાક્રોશ જોવા મળે છે, જેનાં કેટલાંક કારણો નીચે મુજબ છે.

- શિક્ષણનું વ્યાપારીકરણ. સ્વનિર્ભર કૉલેજોમાં દિનપ્રતિદિન વધતો જતો અસહ્ય ફી વધારો. મેરિટ અનુસાર પ્રવેશપાત્રતા હોવા છતાં આર્થિક રીતે ઘણા પરિવારોના કિસ્સામાં ખોરડું વેચે પણ પહોંચી ન વળાય તેવી સ્થિતિનું નિર્માણ. આટલું કરવા છતાંય શિક્ષણની ગુણવત્તા સામે પ્રશ્નાર્થ તો ખરા જ ?
- સરકારી કે અનુદાનિત શાળા-કૉલેજ-યુનિવર્સિટીઓમાં શિક્ષકો-ગ્રંથપાલો અને અન્ય કર્મચારીઓની ભરતીમાં વિલંબ-નીતિ.
- ઘટતી જતી વાચનરુચિ અને સૂનાં પડી રહેલાં શૈક્ષણિક ગ્રંથાલયો.
- ખાનગી શાળા-કૉલેજોમાં નિયમાનુસાર સંખ્યામાં કે આવશ્યક લાયકાત ધરાવતા અધ્યાપકોનો અભાવ.
- પ્રત્યેક વર્ગમાં નિર્ધારિત સંખ્યાની તુલનાએ

અમર્યાદ સંખ્યામાં પ્રવેશ ઉદા. તરીકે યુજીસીના વર્ગદીઠ ૮૦ વિદ્યાર્થીઓના પ્રવેશના નિયમ સામે ૧૨૦થી ૧૬૦ સુધી પ્રવેશ. વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની હાજરી અંગે આંખ આડા કાન.

- પર્યાપ્ત માત્રામાં ભૌતિક સુવિધાઓનો અભાવ.
- ઘણી કૉલેજોમાં તૃતીય તાસ બાદ પાંખી હાજરી.
- ઊતરતું જતું શિક્ષણ-સ્તર.
- ખાનગી શાળા-કૉલેજોમાં શિક્ષકો-ગ્રંથપાલો અને અન્ય કર્મચારીઓનું શોષણ.
- વિજ્ઞાનપ્રવાહના ધોરણ ૧૧-૧૨માં વર્ગખંડોમાં વિદ્યાર્થીઓની નહિવત્ હાજરી.
- ટ્યુશન પ્રથાની પાંગરતી જતી બદી.
- કૉલેજો અને યુનિવર્સિટીઓમાં શિક્ષકો-ગ્રંથપાલોની ભરતીમાં ગણવત્તાનું પાલન થાય તેવાં કડક નિયંત્રણોનો અભાવ.
- ઉચ્ચ શિક્ષણની જવાબદારીમાંથી સરકારની પીછેહઠ.
- કૉલેજો અને યુનિવર્સિટીઓને મંજૂરી આપતાં કે મૂલ્યાંકન કરી ગ્રેડ નિર્ધારિત કરતાં વિવિધ સત્તામંડળો / કાઉન્સિલોએ પોતાના જ દ્વારા નિયત કરેલા નિયમોના પાલનમાં શિથિલતા.
- વધતી જતી ભ્રષ્ટાચારી રીતરસમો.
- કુલપતિપદને ગૌરવ બક્ષે તેવી પ્રતિભાઓના સ્થાને અનુકૂળ વ્યક્તિઓની નિમણૂકો થતાં કુલપતિપદની શાખમાં ઘટાડો અને તેના પરિણામે સમાજમાં પેદા થતા વિપરિત પ્રત્યાઘાતો.
- રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત યુનિવર્સિટીઓમાં અનુદાનિત અનુસ્નાતક વિભાગો શરૂ કરવામાં ભારે વિસંગતતા અને આ વિભાગોમાં જે તે યુનિવર્સિટીના જ ૯૫ % વિદ્યાર્થીઓથી બેઠકો ભરવાની જોગવાઈથી નવી સ્થપાયેલી યુનિવર્સિટીઓ કે કોઈ એક વિષયનો અનુસ્નાતક વિભાગ પોતાની યુનિવર્સિટીમાં ન હોય તેવા વિદ્યાર્થીઓ માટે અન્ય યુનિવર્સિટીના અનુદાનિત વિભાગમાં પ્રવેશની નહિવત્ શક્યતાના કારણે સ્વનિર્ભર રીતે ચાલતા વિભાગોમાં અભ્યાસ કરવાની ફરજ પડે છે.

શિક્ષણક્ષેત્રે પ્રચલિત અરાજકતા ભરી યાદી આથી પણ લાંબી થઈ શકે. શું આપણે સ્વીકારી શકીએ કે કેન્દ્ર, રાજ્ય સરકારો, નીતિનિર્ધારકો, વિરોધપક્ષો, શિક્ષણવિદ્દો, સ્વનિર્ભર સંસ્થાઓના સંચાલકો વગેરે આ પરિસ્થિતિથી પરિચિત નહીં હોય ? આ સમસ્યાઓના ઉકેલ અર્થે સહચિંતન કરવાની જરૂરિયાત છે. ક્યાં સુધી આંખમિંચામણાં ચલાવી લઈશું ? કવિ-મનીષી-ચિંતક ઉમાશંકરની આર્ષવાણીનું અહીં સહજ સ્મરણ થઈ આવે છે.

**ભૂખ્યા જનો નો જઠરાગ્નિ જાગશે**
**ખંડેરની ભસ્મ કણી ન લાધશે.**

પ્રસ્તુત વૃત્તપત્રનો જુલાઈ-ઑગસ્ટનો અંક સપ્ટેમ્બર માસના પ્રારંભમાં પ્રગટ થતો હોવાથી આ અંકમાં 'શિક્ષકપર્વ' નિમિતે પ્રવર્તમાન સમયમાં ભારત અને સવિશેષતઃ ગુજરાતના શિક્ષણની સમસ્યાઓ તેમજ શિક્ષકધર્મ કે શિક્ષકો વિશેનાં સંસ્મરણો / ખ્યાલો વિશેના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંદર્ભે ગુજરાતના કેટલાક શિક્ષણવિદ્દોને વિનંતી કરતાં અમને તેમના તરફથી સુચિંતનીય લેખો પ્રાપ્ત થયા છે.

જાણીતા શિક્ષણવિદ્દ અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ ડૉ. દાઉદભાઈ ઘાંચીએ 'સંપન્ન શિક્ષકત્ત્વની ખોજ :

સંસ્થા સ્થિત સાધના'માં શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મહત્ત્વનું ચાલક બળ તે શિક્ષક છે એમ સ્વીકારીને શિક્ષકત્ત્વનાં ૧૦ પરિમાણો – વ્યક્તિત્વ, જ્ઞાનસાધના, અધ્યાપન-અધ્યયન ક્ષમતાઓ, ટેકનોલોજીની આવડતો, સંચાલન-વ્યવસ્થાપન કૌશલ્યો, સર્જનશીલતા, સુરુચિઓનો વિશાળ પટ, સામાજિક સક્રિયતા અને સંવેદનશીલતા, સંશોધન ક્ષમતાઓ અને નૈતિક-આધ્યાત્મિક જીવન અભિગમ વિશે છણાવટ કરવા ઉપરાંત શિક્ષકો માટે પૂર્વવ્યવસાય તાલીમ વ્યવસ્થાની અને સંસ્થાસ્થિત શિક્ષક તાલીમ વ્યવસ્થા વિશે વિવેચનાત્મક અભિગમથી ચર્ચા કરી છે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ અને જાણીતા શિક્ષણ ચિંતક શ્રી પ્રવીણ લહેરીએ 'ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પડકારો' લેખમાં દો ટૂક શબ્દોમાં નોંધ્યું છે કે 'આર્થિક રીતે સદ્ધર દેખાતા ગુજરાતમાં અનેક સ્થળો અને વિવિધ સમૂહો અને લાખો પરિવારો વિકાસના લાભોથી વંચિત છે. આ કારણે જ અનેક પ્રયત્નો બાદ ગુજરાતનો માનવ વિકાસ સૂચકાંક નીચો છે, જે ચિંતાજનક છે. ખાસ કરીને શૈક્ષણિક વિકાસના માપદંડોમાં ગુજરાત ઊણું ઊતરે ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે આવું કેમ ?' આ સમસ્યાના મૂળમાં તેમણે નિરક્ષરતા, સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા થતું શોષણ, ખાલી જગ્યાઓનો ખાલીપો, શિક્ષણના માધ્યમની ભાષા અને શિક્ષણની ગુણવત્તાના મુદ્દાઓ હેઠળ નીરક્ષીર ભાવે યથાતથ વિશ્લેષણ પ્રસ્તુત કર્યું છે.

જાણીતા સર્જક અને શીલભદ્ર શિક્ષક-આચાર્ય શ્રી મોહનલાલ પટેલે 'એક અપરાધ કથા' લેખમાં નોંધ્યું છે કે ત્રીજી પંચવર્ષીય યોજના હેઠળ કેન્દ્ર સરકાર, યુનિસેફ અને રાજ્ય સરકારના સહયોગથી દેશમાં ૬૫ પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી હતી. આ પૈકી ગુજરાતમાં ૪ કેન્દ્રો સ્થાપવામાં આવેલાં. ૧ કેન્દ્ર સને ૧૯૬૫માં સર્વ વિદ્યાલય, કડીને પણ ફાળવ્યું હતું. ૩ વર્ષના આ કોર્સમાં ધોરણ-૪ પાસ કર્યું હોય તેવા ૧૧થી ૧૬ વર્ષની વયના કિશોરેને પ્રવેશ આપવામાં આવતો. આ કોર્સનાં ઘણાં સારાં પરિણામો સાંપડ્યાં હોવા છતાં સરકારના નકારાત્મક અભિગમને કારણે ગુજરાતનાં આ કેન્દ્રો ૧૯૭૭માં બંધ કરવામાં આવ્યા સંબંધી સટિપ્પણ ચર્ચા કરી છે.

શિક્ષણશાસ્ત્રના પ્રોફેસર, શિક્ષણ ચિંતક અને 'પ્રગતિશીલ શિક્ષણ'ના સંપાદક ડૉ. પી. જી. પટેલે 'છલોછલ શિક્ષકત્ત્વ'માં શિક્ષકનું આદર્શ ચિત્ર પ્રસ્તુત કર્યું છે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્ય સચિવ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારમાં લાંબા સમય સુધી શિક્ષણવિભાગનો હવાલો સંભાળનાર શ્રી સુધીર માંકડે 'Education Reforms need Constitution Amendments'માં બંધારણમાં રહેલ કેટલીક સંદિગ્ધતાઓને ધ્યાને લઈ શિક્ષણસુધારણા માટે ભારતીય બંધારણમાં કેટલાક ફેરફારો કરવા તથા વિવિધ કાઉન્સિલો દ્વારા આચરવામાં આવા ભ્રષ્ટાચાર તરફ અંગુલિનિર્દેશ કર્યો છે.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના પૂર્વ ઉપકુલપતિ અને તુલનાત્મક સાહિત્યના અભ્યાસી પ્રોફેસર મહાવીરસિંહ ચૌહાણે 'અધ્યાપનના ઝરૂખેથી'માં જ્ઞાનના વિસ્તારમાં અધ્યાપકની ભૂમિકા મહત્ત્વપૂર્ણ ગણાવીને સમાજના બૌદ્ધિક અને આર્થિક સમૃદ્ધિમાં તેના ફાળાની ચર્ચા કરી છે. સાથે સાથે ઊતરતા જતા શિક્ષણસ્તર અને શિક્ષણ એ વ્યાપારની ચીજ બની ગઈ છે તે અંગે ખેદ પણ વ્યક્ત કર્યો છે, તેમજ આજના સંદર્ભે સમાજમાં સાહિત્યની ભૂમિકાની તપાસ કરવાની અપેક્ષા સેવી છે.

**મણિભાઈ પ્રજાપતિ**

## સંસ્થા પરિચય

### પત્રકારત્વ અનુસ્નાતક વિભાગ

પત્રકારત્વ ક્ષેત્રની ઉપલબ્ધિઓ અને સંભાવનાઓને ધ્યાને લઈ આ અભ્યાસક્રમ શરૂ કરવાની માંગ અને આવશ્યકતાને ધ્યાને લેતાં વિશ્વવિદ્યાલય દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧થી એક વર્ષના સમયગાળાનો સ્નાતકોત્તર ડિપ્લોમા શરૂ કરવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે કોઈપણ વિદ્યાશાખાના સ્નાતકની ડિગ્રી અનિવાર્ય છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ અદ્યતન અને સઘન અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને વર્ગશિક્ષણ ઉપરાંત પ્રત્યક્ષ કામગીરી માટે અધ્યાપકોના સીધા માર્ગદર્શન હેઠળ વિવિધ દૈનિકો અને સાપ્તાહિકોનાં કાર્યાલયો ઉપરાંત ઇલેક્ટ્રોનિક મીડિયાની જાણકારી માટે રેડિયો સ્ટેશન, દૂરદર્શન, વિવિધ ન્યૂઝ ચેનલો વગેરેની કામગીરીના પ્રત્યક્ષ અનુભવ માટે મોકલવામાં આવે છે. પત્રકારત્વ એક એવો અભ્યાસક્રમ છે કે જેમાં વિજ્ઞાન, કલા, સાહિત્ય, લેખન, સર્જકત્વ, સાહસવૃત્તિ વગેરેનો સુભગ સમન્વય અનિવાર્ય બની રહે છે.

પ્રસ્તુત અભ્યાસક્રમના અધ્યાપન માટે પ્રા. મિતેષ મોદી (મો. ૮૪૦૧૮૬૩૨૨૯, ૯૪૨૭૮૩૨૭૮૫) ઉપરાંત અનુભવી વ્યવસાયિક પત્રકારો સર્વ શ્રી કૃષ્ણકાંત ઝા, શ્રી વિષ્ણુ પંડ્યા, શ્રી પુલક ત્રિવેદી, ડૉ. શરદ વ્યાસ, શ્રી પદ્મકાન્ત ત્રિવેદી, શ્રી હિરેન ભટ્ટ, શ્રી હિમાંશુ મહેતા વગેરેની મુલાકાતી અધ્યાપકો અને તજ્જ્ઞ વક્તાઓ તરીકે સેવાઓ લેવામાં આવે છે.

## પ્રાસંગિક

### સ્વ. બાબુભાઈ જશભાઈ શતાબ્દી વંદના

ગાંધી મિત્રવર્તુળ, ગાંધીનગર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના સહયોગમાં શીલધર્મી ગાંધીજન અને ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલની જન્મશતાબ્દી નિમિત્તે તેમનો શતાબ્દી વંદના સમારોહ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ એમ. પટેલના અધ્યક્ષસ્થાને, કેન્દ્રિય મંત્રીશ્રી દિનશા પટેલના મુખ્ય અતિથિવિશેષપદે તથા મહારાષ્ટ્ર હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ અને ચિંતક શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીજીની ઉપસ્થિતિમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એલ.ડી.આર.પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી ઍન્ડ રિસર્ચના સભાખંડમાં તા. ૧૭ જુલાઈ, ૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં સ્વ. બાબુભાઈ પટેલ જન્મશતાબ્દી ઉજવણી સમિતિના ચેરમેનશ્રી, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષશ્રી તથા ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રીશ્રી મહેન્દ્ર ત્રિવેદીએ શીલધર્મી ગાંધીજન સ્વ. બાબુભાઈ પટેલની જન્મશતાબ્દી ઉજવણીનું હાર્દ પ્રસ્તુત કરી મંચસ્થ મહાનુભાવોનો હૃદયંગમ પરિચય કરાવ્યો હતો.

પ્રસ્તુત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ભારત સરકારના ખાણ અને ખનિજ વિભાગના રાજ્યમંત્રીશ્રી દિનશા પટેલે પોતાના ઉદ્‌બોધનમાં સ્વ. બાબુભાઈ પટેલ સાથેનાં સંસ્મરણો વાગોળીને તેમને એક અદના ગાંધીજન તરીકે ઓળખાવ્યા હતા. તેમણે વધુમાં જણાવ્યું હતું

કે મેં તેમની આંગળી પકડીને રાજકારણમાં પ્રવેશ કર્યો હતો. તેઓશ્રી એક મૂલ્યનિષ્ઠ અને સંતકોટિના રાજકારણી હતા. અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત જાણીતા વરિષ્ઠ પત્રકાર શ્રી વિષ્ણુ પંડ્યાએ કટોકટી દરમિયાન સ્વ. બાબુભાઈ સાથેનાં જેલવાસનાં સંસ્મરણો તાજાં કરીને ગાંધી જીવન-દર્શનને ખરા અર્થમાં આત્મસાત કરીને વ્યવહારમાં મૂકનાર એક મૂલ્યધર્મી રાજકારણી તરીકે તેમને ગણાવ્યા હતા. તેમણે સ્વ. બાબુભાઈના જીવનનાં વિવિધ પાસાંઓને આવરી લઈને સુચિંતનીય અને અભ્યાસમુલક પ્રવચન આપ્યું હતું.

પ્રખર બૌદ્ધિક અને ચિંતક જસ્ટીસ શ્રી ચંદ્રશેખર ધર્માધિકારીજીએ પોતાના ઉદ્‌બોધનમાં સ્વ. બાબુભાઈ સાથેનાં પોતાનાં અંતરંગ સંસ્મરણો અભિવ્યક્ત કરીને તેમને મૂઠી ઊંચેરા ગાંધીજન તરીકે ઓળખાવ્યા હતા. તેમણે ગાંધી ચીંધ્યા માર્ગે જ પોતાનું જીવન સાદગીપૂર્ણ રીતે વિતાવ્યું હતું. તેમનું વ્યક્તિત્વ એક સંત અને સરળ પ્રકૃતિના ફકીર રાજકારણી જેવું હોવાથી સામાન્યજન પણ તેમને સરળતાથી મળી શકતો અને પોતાની વાત જણાવી શકતો. તેઓશ્રી કદાપિ પદ કે સત્તાને આધીન થયા ન હતા. મને સમજાય છે કે સ્વ. બાબુભાઈને હજી સુધી ગુજરાતના નિવાસીઓ સાચી રીતે ઓળખી શક્યા નથી. તેમનું ચરિત્ર અને સંદેશ ઘેરઘેર પહોંચે તે હેતુસર એક નાનકડી પુસ્તિકા તૈયાર કરવી જોઈએ. તેમને શ્રદ્ધાંજલિ આપતાં વધુમાં જણાવ્યું કે 'કિસી કો ન પતા ચલા કિ ઉનકા કદ કિતના થા... વો આસમાન થે... ફીર ભી સર ઝૂકા કે ચલતે રહે...' શ્રી ધર્માધિકારીજીએ સ્વ. બાબુભાઈ પટેલના વ્યક્તિત્વને ઉદ્‌ઘાટિત કરવાની સાથેસાથે દેશની પ્રવર્તમાન સ્થિતિ અને પ્રવાહો વિશે પણ માર્મિક ચર્ચા કરી હતી. તેમણે ભેળસેળ અને ભ્રષ્ટાચાર સંબંધી ગાંધીજીની વાતને દોહરાવતાં કહ્યું કે જ્યાં સુધી રેશનિંગની દુકાનોમાંથી મંત્રીશ્રીઓ અનાજની ખરીદી કરશે ત્યાં સુધી ભેળસેળ નહીં થાય. કાશ આ દિવસો આવે તો. વધુમાં તેમણે નમક સત્યાગ્રહ, સ્વદેશી આંદોલન વગેરે ઘટનાઓની આજના સમયમાં પ્રાસંગિકતા પ્રસ્તુત કરી હતી અને સમાજમાં પરિવર્તન લાવવા આહ્‌વાન કર્યું હતું.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ પટેલે ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ. બાબુભાઈ પટેલને ગાંધી આદર્શોનું જીવનભર પાલન કરનાર સહૃદયી ગાંધીજન અને શીલધર્મી રાજકારણી તરીકે ઓળખાવ્યા હતા. તેમજ તેમનો ઋણ સ્વીકારતાં જણાવ્યું કે સર્વ વિદ્યાલયના ગાંધીનગર કેમ્પસના સ્થાપનાકાળમાં તેમનું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. વધુમાં તેમણે તેમની સાથેનાં હૃદયસ્પર્શી સંસ્મરણો જણાવ્યાં હતાં. સર્વ વિદ્યાલયના વિકાસની આછેરી ઝલક પ્રસ્તુત કરીને તેના વિકાસમાં દાતાશ્રીઓ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ, પૂર્વ શિક્ષણમંત્રી ડૉ. કરશનદાસ સોનેરી વગેરેના પ્રદાન વિશે વાત કરીને સૌના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.


કાર્યક્રમના અંતમાં આભારવિધિ ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદેમીના વર્ષ ૨૦૧૧ના 'સંસ્કૃત ગૌરવ પુરસ્કાર'થી અલંકૃત પ્રો. ડૉ. રશ્મિકાંત મહેતાએ કરી હતી, જ્યારે કાર્યક્રમનું સંચાલન સેવાનિવૃત્ત જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ભાનુપ્રસાદ પુરાણીએ કર્યું હતું.

આ સમારોહમાં સ્વ. બાબુભાઈ પટેલના સુપુત્ર શ્રી સતીશભાઈ પટેલ અને તેમનો ચાહક વર્ગ તથા ગાંધીજનો મોટા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા.

# સર્વ વિદ્યાલય, કડીના આદ્ય આચાર્યશ્રીઓ

**મણિભાઈ પ્રજાપતિ**

## સ્વ. પોપટલાલ ગુલાબદાસ પટેલ (૧૮૯૮–૧૯૮૬)



સ્વ. પોપટલાલ પટેલનો જન્મ વતન લાંઘણજમાં તા. ૧૭ જૂન, ૧૮૯૮ ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ લાંઘણજમાં, અંગ્રેજી ચાર ધોરણ સુધીનો અભ્યાસ મોસાળ ચાણસ્મામાં અને ત્યારબાદ મેટ્રીક સુધીનું શિક્ષણ અમદાવાદમાંથી લીધું હતું. જુનિયર બી.એ. ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી પાસ કર્યા બાદ મુંબઈની વિલ્સન કૉલેજમાં દાખલ થયા હતા, પરંતુ એકાદ સત્રના અભ્યાસ બાદ સેંટ ઝેવિયર્સ કૉલેજમાં પ્રવેશ લીધો. ફાઈનલ બી.એ.ના વર્ષમાં સ્વદેશી ચળવળે જોર પકડતાં રાષ્ટ્રીયતાના રંગે રંગાઈને મહાત્મા ગાંધીની હાકલને માન આપી કૉલેજ છોડી દીધી હતી. ત્યારબાદ ગૂજરાત વિદ્યાપીઠમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે સ્નાતક(બી.એ.)ની પરીક્ષા ઈ.સ. ૧૯૨૨માં પાસ કરી હતી.

વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત વડોદરા કેળવણી ખાતામાં મહેસાણામાં શિક્ષક તરીકે રૂપિયા ૧૯ના પગારથી કરી હતી. પરંતુ માંડ ૨૦–૨૫ દિવસની નોકરી બાદ પ્લેગ ફાટી નીકળતાં શાળાઓ બંધ થતાં પુનઃ અભ્યાસમાં પ્રવૃત્ત થયા હતા. સ્વદેશી આંદોલન દરમ્યાન કૉલેજ છોડ્યા બાદ મુંબઈની રાષ્ટ્રીય શાળામાં શિક્ષક તરીકે પણ જોડાયા હતા. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના અગ્રણીઓ સર્વશ્રી પૂજ્ય છગનભા અને અન્ય જ્ઞાતિહિતચિંતકોએ કડીમાં ઈ.સ.૧૯૨૨માં હાઈસ્કૂલની સ્થાપના કરી હતી. આ શાળામાં માસિક રૂ. ૫૦/–ના પગારથી આચાર્ય તરીકે જોડાવા માટે શ્રી પોપટભાઈને આમંત્રિત કરવામાં આવતાં તેમાં જોડાયા અને સર્વ વિદ્યાલયના પાયામાં રહેલાં તપ, ત્યાગ અને સાદગીને આત્મસાત કરી લીધાં. તેમની સાથે શિક્ષકો તરીકે શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા), શ્રી છગનભાઈ કા. પટેલ, શ્રી ચુનીભાઈ પટેલ અને ગૃહપતિ-શિક્ષક તરીકે શ્રી કુબેરભાઈ જોડાયા હતા. સ્નાતક થયા બાદ રૂ. ૪૦૦/–ના પગારની મુન્સફની સરકારી ઑફિસર તરીકેની નોકરીની ઑફર મળી હોવા છતાં રાષ્ટ્રભાવનાથી પ્રેરાઈને કડીને કાર્યક્ષેત્ર બનાવ્યું. શ્રી બાપુભાઈએ આ સંસ્થાના આચાર્ય તરીકે (૧૯૨૫) ચાર્જ સંભાળ્યા બાદ શ્રી પોપટભાઈએ શિક્ષક, સંસ્થાના મંત્રી અને કર્મનિષ્ઠ સેવાપરાયણ કાર્યકર તરીકે સેવાઓ આપી અને ૧૯૪૩માં છૂટા થઈ ધંધાર્થે મુંબઈ ગયા હતા. પુનઃ શ્રી બાપુભાઈના આકસ્મિક નિધનથી સંસ્થાની વિનંતીને ગ્રાહ્ય રાખી એકાદ વર્ષ આચાર્ય તરીકે સેવાઓ આપી હતી. આ ઉપરાંત વડોદરા કેળવણી ખાતામાં પ્રાથમિક શાળાઓના 'કેળવણી ઈન્સ્પેક્ટર' તરીકે નિયુક્ત કરવામાં આવતાં શિક્ષણનું સ્તર

સુધારવા માટે તેમણે રચનાત્મક ભૂમિકા અદા કરી હતી. ઈ.સ. ૧૯૪૪માં સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે શ્રી નાથાભાઈ દેસાઈની નિમણૂક બાદ શ્રી પોપટભાઈ સ્વચ્છાએ રાજીનામું આપી છૂટા થયા અને પોતાના ભાઈઓની સાથે મુંબઈમાં ધંધામાં જોડાયા અને ભારે સફળતા હાંસલ કરી હતી.

શ્રી પોપટભાઈએ શાળાના એક આચાર્ય કે શિક્ષક કર્મચારી તરીકે પોતાને સીમિત ન રાખતાં કર્તવ્યનિષ્ઠા અને શાળા તથા સમાજ પ્રત્યેના લગાવથી સંસ્થાનો એક અંતરંગ હિસ્સો બની ગયા હતા. પૂજ્ય છગનભા સાથે ફંડ ઉઘરાવવા જવું, સંસ્થાના મંત્રી તથા ગૃહપતિ તરીકેની જવાબદારી તેમજ જરૂર પડે વિદ્યાર્થીઓના રસોયાની જવાબદારી પણ પ્રેમપૂર્વક સંભાળી હતી. શ્રી પોપટભાઈ તથા પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ સંસ્થા માટે ફંડ મેળવવા સને ૧૯૨૭માં રંગુન પણ ગયા હતા. શાળા માટે ફંડ અને બાળકોને બોર્ડિંગમાં મોકલવા માટે ગામડાંઓની મુલાકાતો દરમ્યાન સામાજિક કુરિવાજોની નાબૂદી તેમજ શિક્ષણના મહત્ત્વ વિશે ગ્રામજનોને સમજાવતા તેમજ શાળાનાં બાળકો દ્વારા સમાજ સુધારણા સંબંધી નાટિકાઓની ભજવણી તથા ગ્રામ સફાઈ વગેરે પ્રવૃત્તિઓ કરતા હતા. ચાણસ્મા જેવાં કેટલાંક ગામોમાં આવી પ્રવૃત્તિઓ સામે ગ્રામજનોનો રોષ પણ વેઠવો પડ્યો હતો. કન્યાકેળવણીના તેઓશ્રી વિશેષ હિમાયતી હતા, તેમજ ગૃહિણી તાલીમ શિબિરના પ્રેરક હતા. અમદાવાદમાં શાળા-કૉલેજના શિક્ષણ દરમ્યાન કોચરબ આશ્રમમાં મહાત્મા ગાંધીની પ્રાર્થનાસભાઓમાં હાજરી આપવી એ તેમનો નિત્યક્રમ બની ગયો હતો. આ ઉપરાંત સંસ્કૃત અને ભૂમિતિ શીખવા માટે વિનોબા પાસે જતા હોવાથી તેમના ચિંતન, વાણી અને વર્તનમાં ગાંધીજીવન દર્શનનો મોટો પ્રભાવ રહ્યો છે. સાદગી અને સત્યનિષ્ઠા તેમના આગવા ગુણો હતા. વિદ્યાર્થીઓ પ્રતિ અનન્ય પ્રીતિભાવ ધરાવતા હોવાથી વર્ગખંડ કે અન્યત્ર વિદ્યાર્થીઓની સમસ્યાઓ વાત્સલ્યભાવે હલ કરતાં પ્રસન્નતા અનુભવતા હતા. શાળા અને સમાજના સર્વતોમુખી વિકાસમાં તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે.

શ્રી પોપટભાઈના વિદ્યાર્થી રહી ચૂકેલા ગુજરાતીના સુપ્રસિદ્ધ કવિ અને વિવેચક પ્રો. અનામીએ પોતાના ગુરુનાં સંસ્મરણો વર્ણવતાં નોંધ્યું છે કે 'અન્ય વિષયોની તુલનાએ ગણિતશાસ્ત્રનો વિષય પ્રમાણમાં નીરસ અને શુષ્ક ગણાય છતાંયે શ્રી પોપટભાઈ એમના વિષયને સરળ અને રસિક બનાવવા નિત્ય જાગ્રત રહેતા. સ્વભાવેએ અત્યંત અલ્પભાષી, મિતભાષી પણ વર્ગમાં વિષયના અમૂર્ત ધ્યર્થને (Concept) વિશદ ને સ્પષ્ટ કરવા ભાષાનો વધુમાં વધુ ઉપયોગ કરતા. ગણિતના વિષયમાં જે દૃષ્ટાંતો આપે તેમાં પણ વ્યવહારજીવનની એમની સૂઝ અને શુદ્ધિ પ્રગટ થતાં. વર્ગમાં એ મિનિટેમિનિટ જીવન્ત લાગતા. એમની તીક્ષ્ણ દૃષ્ટિ પ્રત્યેક વિદ્યાર્થીના પ્રતિભાવની (Response) નોંધ લેતી. વ્યવહાર જીવનમાં સામાન્ય રીતે ગંભીર રહેતા ને લગતા પોપટભાઈ, શિક્ષણ-વિતરણની જીવન્ત ક્ષણોમાં પ્રસન્ન-મુદ્રાળા લાગતા. કોઈપણ વિદ્યાર્થીની મૂંઝવણને તે આશ્ચર્યકારક રીતે સમયસર પકડી પાડતા અને એ મૂંઝવણ સો ટકા ટળે નહીં ત્યાં લગી અસામાન્ય ધીરજથી સમજાવ્યે જતા.'

રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા શ્રી પોપટભાઈએ ૧૯૩૨ના અસહકાર આંદોલન, ૧૯૪૨ની હિંદ છોડો ચળવળ અને મહાગુજરાત આંદોલન (૧૯૫૭) સમયે જેલવાસ પણ વેઠ્યો હતો. સરહદના ગાંધી ખાન અબ્દુલ ગફ્ફારખાન પ્રેરિત લાલ ખમીસવાળા (Red Shirts) સ્વયંસેવકોની ગુજરાતની એક ટુકડીના નાયક તરીકે પણ તેમણે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમણે એક સંનિષ્ઠ

અને વિદ્યાર્થી વત્સલ શિક્ષક, કેળવણીકાર અને સમાજસુધારક તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ આપવા ઉપરાંત મહેસાણા લોકલ બૉર્ડ, મહેસાણા સહકારી બૅંકના ડાયરેકટર, વડોદરા રાજ્યની ધારાસભાના સભ્ય અને મુંબઈ રાજ્યની વિધાનસભા(૧૯૫૭-૬૨)માં મહેસાણા મતદાર ક્ષેત્રમાંથી ભારે મોટી સરસાઈથી ચૂંટાઈ આવીને યશસ્વી સેવાઓ આપીને તેઓશ્રી ખરા અર્થમાં એક જાગરૂક લોકશિક્ષક તરીકે ઉભરી આવ્યા હતા. આ અદના સ્વાતંત્ર્યસેનાનીએ ન તો ભારત સરકારનું તામ્રપત્ર, સ્વીકાર્યું કે ન પેન્શન સ્વીકાર્યું અને રાષ્ટ્રભાવનાના ખમીર સાથે જણાવ્યું કે 'દેશને ગુલામીમાંથી મુક્ત કરવા હું લડેલો, મેં મારી રાષ્ટ્રીય ફરજ અદા કરી હતી, તેના બદલા સ્વરૂપે દેશ પાસેથી મારે કશું ના ખપે.' તેઓશ્રી એક પ્રેરણાદાયી જીવન જીવી ગયા. આચાર્ય ચાણક્યની ઉક્તિ 'શિક્ષક કદાપિ સાધારણ હોતો નથી'.... ને સાર્થક કરી ગયા.

## શ્રી બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી (૧૮૯૬-૧૯૭૩)



સ્વ. બાપુભાઈ ગામીનું વતન પાટણ. તેમનો જન્મ પાટણ (જ્વાળામુખીનો પાડો, માતાવાળી શેરી)માં તા. ૧૩ ફેબ્રુઆરી, ૧૮૯૬ના રોજ થયો હતો. પરિવારની આર્થિક સ્થિતિ સાધારણ. મેટ્રિક સુધીનો અભ્યાસ પાટણમાં કર્યો. મેટ્રિક બાદ માસિક રૂ. ૭ સ્કૉલરશીપ મળતાં ગુજરાત કૉલેજ, અમદાવાદમાંથી B.A.ની ડિગ્રી સંસ્કૃત (ઓનર્સ) વિષય સાથે મેળવીને વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત કોઠારી હાઈસ્કૂલ, કડીમાં જોડાઈને કરી હતી. પ્રાયઃ એકાદ વર્ષ બાદ આ શાળા સરકારી શાળા થવાની હોવાથી રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા શ્રી બાપુભાઈએ સ્વેચ્છાએ શાળા છોડીને ઓડ ગામમાં રાષ્ટ્રીય શાળા 'વિનયમંદિર'ની શરૂઆત કરી. આ શાળામાં સતત ત્રણ વર્ષ સુધી ધ્યેયનિષ્ઠ સેવાઓ આપી હતી. અહીંથી શિક્ષકો માટે એક ચોપાનિયાનું સંપાદન-પ્રકાશન પણ શરૂ કર્યું હતું. પુનઃ કડીમાં ત્યાગ અને સેવાની ભાવનાના ધ્યેય સાથે રાષ્ટ્રીય શાળાના ધોરણે સ્થપાયેલ સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે તા. ૧ એપ્રિલ, ૧૯૨૫ના રોજ જોડાયા હતા.

મહાત્મા ગાંધીની જીવનશૈલીથી પ્રભાવિત સ્વ. બાપુભાઈ ગામીએ સર્વ વિદ્યાલયના આચાર્ય અને ગૃહપતિની બેવડી જવાબદારી ભારે સભાનતાપૂર્વક અદા કરીને તેની સ્થાપનાના ખૂબ જ ટૂંકાગાળામાં આ શાળાને પૂજ્ય છગનભા અને સંસ્થાપકોનાં હૂંફ અને સાથ-સહકારથી રાષ્ટ્રીય શાળા તરીકે ખ્યાતિ અપાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી. અહીં નિયત પાઠ્યપુસ્તકીય શિક્ષણ ઉપરાંત સુથારી, લુહારી, વણાટ, રંગાટ, સંગીત વગેરેના શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. બાળકોના ઘડતર માટે શાળાની સાથે સંલગ્ન છાત્રાલયની અનિવાર્ય આવશ્યકતા અને તેમાં શાળાનાં બધાં જ બાળકો અને શિક્ષકો નિવાસ કરે તેવું દૃઢ મંતવ્ય ધરાવતા હતા. તેઓશ્રી એક વત્સલ શિક્ષક-આચાર્ય તરીકે આશ્રમના બાળકોની કાળજી લેતા હતા. આશ્રમજીવન - છાત્રાલય જીવન, શ્રમનું મહત્ત્વ, સ્વાશ્રયી કેળવણી, કન્યાકેળવણી, કુરિવાજોની નાબૂદી, શિક્ષણના પ્રચાર-પ્રસાર, શિક્ષક અને કેળવણી, વેદ વગેરે વિષયક તેમના લેખો 'કેળવણી' ત્રૈમાસિક, 'ચેતન', 'કડવા વિજય' વગેરેમાં પ્રગટ થયેલા છે. આ બધા લેખોનું સંકલન ડૉ. મંગુભાઈ પટેલે તેમના દસ્તાવેજી ગ્રંથ 'બાપુભાઈ વિઠ્ઠલદાસ ગામી : એક અલગારી આચાર્ય' (૨૦૦૯)માં કર્યું છે. આ બધા

લેખોમાં પ્રસ્ફુટિત ચિંતન આજે પણ પ્રાસંગિક બની રહે છે. સ્વ. બાપુભાઈ ગામી શ્રી અરવિંદ અને શ્રી માતાજીના પરમ ઉપાસક હતા. તેઓશ્રી પ્રસંગોપાત લાંબી રજાઓ દરમ્યાન શ્રી અરવિંદ આશ્રમ, પાંડિચેરીમાં સાધના માટે જતા હતા. શ્રી અરવિંદે સ્વ. બાપુભાઈના કેટલાક પત્રોના ઉત્તરો પણ આપ્યા હતા. સ્વ. બાપુભાઈએ શ્રી ગિરધરલાલ સાથે કરેલ પત્રવ્યવહાર તેમજ શ્રી અરવિંદ અને શ્રી માતાજીને મોકલેલાં કાવ્યોનું સંકલન ડૉ. મંગુભાઈએ ઉપર નિર્દેશિત તેમના ગ્રંથમાં કર્યું છે.

સ્વ. બાપુભાઈ ગામીના કાર્યકાળ દરમ્યાન સર સયાજીરાવ ગાયકવાડ ત્રીજા, મહાત્મા ગાંધી, કસ્તૂરબા, પ્યારેલાલ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, વડોદરા રાજ્યના ઉચ્ચ અધિકારીઓ, નાનાભાઈ ભટ્ટ, ઉમાશંકર જોશી વગેરે દ્વારા આ શાળાની મુલાકાત લેવામાં આવી હતી. આ સૌ એ અહીંની શિક્ષણપ્રણાલીથી પ્રભાવિત થઈ હૃદયનો રાજીપો વ્યક્ત કર્યો હતો. વડોદરાના મહારાજા શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે આ વિદ્યાલયની મુલાકાત તા. ૪-૧-૧૯૨૬ના રોજ લીધી હતી. કેળવણીપ્રેમી મહારાજાએ અહીંની શિક્ષણપ્રથા રસપૂર્વક નિહાળીને પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી. પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં પણ હું નિષ્ફળ ગયો અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.' મહારાજાએ આ શાળાની સ્મૃતિ ૧૦ વર્ષ બાદ તા. ૧૬ ડિસેમ્બર, ૧૯૩૫ના રોજ શ્રી કડવા પાટીદાર છાત્રાલય, કારેલી બાગ, વડોદરાના ઉદ્‌ઘાટન પ્રસંગે તાજી કરતાં જણાવ્યું હતું કે 'કેટલાંક વર્ષ ઉપર હું કડી પ્રાંતમાં ફરતો હતો ત્યારે કડીમાં તમારી કોમના છાત્રાલયની મુલાકાતે ગયેલો. તે વખતે રા. સ્વામીનારાયણે મને સંસ્થા બતાવેલી. તેનું કામકાજ જોઈ મને હર્ષ થયેલો. તે સંસ્થા આજે વિસ્તર્ણ થઈ આવી સારી સ્થિતિમાં આવી તે જોઈને મને વધારે હર્ષ થાય છે. કારણ કે તે વખતે જે વિચાર સંભવિત ન હતો તે આજે સંભવિત થયો છે.' મહાત્મા ગાંધીજીએ પણ આ સંસ્થાની મુલાકાત તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯ના રોજ લીધી હતી. તેમણે જાહેર સભાને સંબોધતાં જણાવ્યું હતું કે, 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના રક્ષકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.'

આચાર્ય બાપુભાઈનું કડીમાં તા. ૩૧ મે, ૧૯૪૩ના રોજ નિધન થયું હતું.

## શ્રી નાથાભાઈ નારણદાસ દેસાઈ
## (૧૯૦૯–૧૯૭૧)



સ્વ. નાથાભાઈ દેસાઈનો જન્મ તેમના વતન સાણંદ તાલુકાના ચાચરાવાડી વાસણા ગામમાં તા. ૧૭ માર્ચ, ૧૯૦૯ના રોજ થયો હતો.

તેમણે પ્રાથમિક શિક્ષણ વતનમાં, માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં અને ઉચ્ચ શિક્ષણ ગુજરાત કૉલેજમાં અને બરોડા કૉલેજમાં લીધું હતું. એક વિદ્યાર્થી તરીકે તેમની કારકિર્દી મેધાવી છાત્ર તરીકેની રહી હતી. પ્રત્યેક વર્ગમાં તેઓ પ્રાયઃ પ્રથમ કે દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થતા હતા. ૧૯૩૦માં બરોડા કૉલેજમાંથી B.A.ની પરીક્ષા પાસ કરતાં મુંબઈ યુનિવર્સિટીની 'પ્રાગજી ઠાકરશી મૂલજી સાયન્સ સ્કૉલરશીપ ઈન આર્ટ્સ' મેળવી હતી. આ જ કૉલેજમાંથી ૧૯૩૧માં ભૌતિકશાસ્ત્ર વિષય સાથે B.Sc.ની ડિગ્રી મેળવી હતી. ત્યારબાદ ૧૯૩૭માં S.T.C. અને B.T.ની ડિગ્રીઓ મેળવી હતી. કારકિર્દીની શરૂઆત ૧૯૩૧માં ટ્યુટોરિયલ હાઈસ્કૂલ, અમદાવાદમાં શિક્ષક તરીકે કરી અને સતત ૧૩ વર્ષ સેવાઓ આપી. આ દરમિયાન તેઓ કર્મઠ અને પ્રયોગશીલ શિક્ષક તેમજ ગાંધીવિચારદર્શનથી પ્રભાવિત અદના સમાજસેવક તરીકે ખ્યાતિ પામ્યા હતા. સર્વ વિદ્યાલય, કડીના સ્વનામધન્ય આચાર્ય શ્રી બાપુભાઈ ગામીના આકસ્મિક અવસાનથી જગ્યા ખાલી પડતાં કેળવણી મંડળે તેમને સાદર નિમંત્રણ પાઠવતાં તેઓશ્રીએ ૧૯૪૪થી ૧૯૬૧ સુધી પ્રથપ્રદર્શક આચાર્યત્વ શોભાવ્યું હતું. આ. કે. વિદ્યાલય, બાવળા તરફથી નિમંત્રણ મળતાં ૧૯૬૧થી ૧૯૭૧ (?) સુધી ત્યાં ભારે નિષ્ઠાથી સફળતાપૂર્વક આચાર્યની ધુરા વહન કરી હતી.

સ્વ. નાથાભાઈ દેસાઈ એક સમર્પિત અને શીલભદ્ર શિક્ષક, વત્સલ ગૃહપતિ અને શિસ્તના આગ્રહી એવા કુશળ પ્રશાસક – ઋષિકુળના આચાર્ય તરીકે આજે પણ લોકજીભે જીવંત છે. કડીમાં શાળાના આચાર્ય અને છાત્રાલયના ગૃહપતિની ઉભય જવાબદારી અદા કરતા હોવાથી અનિવાર્ય સંજોગો સિવાય કેમ્પસ છોડતા નહીં. દિવસ દરમ્યાન વર્ગખંડોની અવારનવાર મુલાકાત લેવા ઉપરાંત રાત્રી દરમ્યાન વિદ્યાર્થીઓની ઓરડીઓમાં જઈ પ્રેમપૂર્વક તેમના અભ્યાસ તેમજ આર્થિક સ્થિતિ વિશે માહિતી મેળવતા અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને સહાય પણ કરતા હતા. સર્વ વિદ્યાલયનું ગ્રંથાલય તેની સમૃદ્ધિ માટે આજે પણ વખણાય છે, જેનું શ્રેય તેના આચાર્યશ્રીઓના શિરે જાય છે. વર્ગશિક્ષણ દરમ્યાન ઉત્તમ ગ્રંથો અને સામયિકોમાં પ્રગટ થતા લેખોથી માહિતગાર કરવા એ આ આચાર્યોની પ્રકૃતિ રહી છે અથવા કહો કે નિજાનંદની મસ્તી રહી છે. આ વાત્સલ્યમૂર્તિ આચાર્યશ્રી વ્યવસાયે ગણિત-વિજ્ઞાનના શિક્ષક, અંગ્રેજી પણ તેટલું જ અધિકારથી ભણાવી શકે. આમ છતાં વર્ગખંડમાં તેમનું અધ્યાપન માત્ર વિષય પૂરતું મર્યાદિત ન રાખતાં એક કેળવણીકાર તરીકે સર્વગ્રાહી અધ્યાપન કરતા. તેમની અધ્યાપનશૈલી પણ સ-રસ અને તેથી સુપથ્ય.

વર્ગશિક્ષણને પોષક એવી વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ જેમકે વિદ્યાર્થીઓની સર્જકતા પોષવા હસ્તલિખિત સામયિક કાઢવું, અભ્યાસલક્ષી ફિલ્મો બતાવવી, વ્યાખ્યાનો ગોઠવવાં, વસ્તુલક્ષી કસોટીઓ તૈયાર કરવી, શ્રમદાન, અખાડાપ્રવૃત્તિ, ગ્રામ સંપર્ક અંતર્ગત ગ્રામસફાઈ, કુરિવાજો અટકાવવા હળવાં નાટકો, અનાજ ઉઘરાવવું વગેરે, શૈક્ષણિક પ્રવાસ, વધારાના અંતિમ તાસમાં કલા, વિજ્ઞાન, સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનની પ્રવૃત્તિઓ હાથ ધરવી વગેરે તેમની આગવી ખાસિયતો હતી. તેમના દ્વારા તૈયાર કરવામાં આવેલાં ગણિત-વિજ્ઞાનનાં પાઠ્યપુસ્તકો તત્કાલીન સમયમાં ભારે વખણાયાં હતાં. કન્યા કેળવણીને પ્રોત્સાહન અને કુરિવાજો બંધ કરવા તેઓશ્રી સતત પ્રયત્નશીલ રહ્યા છે. કડીને ખરા અર્થમાં શિક્ષણની તીર્થભૂમિ બનાવી દીધી હતી. કડીની મુલાકાત દરમ્યાન શિક્ષણપ્રણાલીથી પ્રભાવિત થઈ શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાનાં બે બાળકોને અહીં ભણવા

મૂક્યાં હતાં. તેમના વિરલ શિક્ષકત્ત્વ વિશે તેમના વિદ્યાર્થીઓ અને ચાહકોનાં સંસ્મરણીય સંસ્મરણો ડૉ. મંગુભાઈ પટેલ અને પ્રા. ત્રિકમભાઈ પટેલ સંપાદિત ગ્રંથ 'અનોખા આચાર્ય નાથાભાઈ ના. દેસાઈ'(૨૦૦૯)માં સંગૃહીત થયેલાં જોવા મળે છે. તેમના વ્યક્તિત્વનું એક વિરલ ઉદાહરણ એ કે તેમણે તેમના અવસાનના સમયપૂર્વે પોતાની ડાયરી ફાડી નાખવી તે છે. ડાયરી ફાડવાનું કારણ એટલું જ કે આ ડાયરીમાં જરૂરતમંદ વિદ્યાર્થીઓ કે સ્નેહીજનોને આર્થિક મદદ કરી હતી તેની નોંધો હતી. વ્યવસાયિક કારકિર્દી દરમ્યાન તેમણે મહેસાણા જિલ્લામાં જિલ્લા શિક્ષક સંઘ, જિલ્લા આચાર્ય સંઘ, જિલ્લા શાળા સંઘ, જિલ્લા વ્યાયામ સંઘ તથા અમદાવાદ જિલ્લા આચાર્ય સંઘ, જિલ્લા વ્યાયામ સંઘ વગેરેના પ્રમુખ તરીકે દષ્ટિસંપન્ન નેતૃત્વ પૂરું પાડી ભારે લોકચાહના મેળવી હતી.

'વિશ્વવિદ્યાલયના કુલપતિપદને શોભાવે એવી પ્રતિભા અને સર્વદેશીય વિદ્વતા ધરાવતા' શ્રી નાથાભાઈ દેસાઈને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી ૧૯૬૩માં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. આ નિમિત્તે તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો દ્વારા ભારે દબદબા પૂર્વક તેમનો જાહેર સન્માનનો કાર્યક્રમ ગુજરાત રાજ્યના તત્કાલીન રાજ્યપાલ શ્રી મહેંદી નવાઝ જંગના પ્રમુખપદે અને અગ્રગણ્ય કેળવણીકારોની ઉપસ્થિતિમાં અમદાવાદ યોજવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૮૨માં શ્રી નાથાભાઈની કાયમી યાદગારી માટે રૂ. બે લાખ એકઠા કરી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીને સોંપવામાં આવતાં કેળવણી મંડળે તેનો સ્વીકાર કરી રૂપિયા ૭.૫ લાખ ઉમેરી પ્રાથમિક શાળાનું મકાન બાંધીને તેને 'શ્રી નાથાભાઈ દેસાઈ પ્રાથમિક શાળા' નામ આપીને તેમની સેવાઓની કદર કરી. આ છે તપોનિષ્ઠ આચાર્ય અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળની આગવી ઓળખ.

શ્રી નાથાભાઈ દેસાઈનું કેન્સરની બિમારીથી અમદાવાદમાં તા. ૬ નવેમ્બર, ૧૯૭૧ના રોજ અવસાન થયું હતું.

## શ્રી મોહનલાલ બાભાઈદાસ પટેલ (૧૯૨૭– )



શ્રી મોહનલાલ પટેલનો જન્મ વતન પાટણમાં તા. ૨૭ એપ્રિલ, ૧૯૨૭ના રોજ થયો હતો. તેમણે પ્રાથમિક–માધ્યમિક શિક્ષણ પાટણમાં લીધું. અહીં ઇતિહાસવિદ્-પુરાતત્વવિદ્ સ્વ. રામલાલ ચૂનીલાલ મોદી જેવા શિક્ષકોનું સાંનિધ્ય સાંપડ્યું. મુંબઈ યુનિવર્સિટી સાથે સંલગ્ન બરોડા કૉલેજમાંથી ઈતિહાસ અને અર્થશાસ્ત્ર સાથે B.A. (૧૯૨૭) થયા. કારકિર્દીનો પ્રારંભ ન્યૂ હાઈસ્કૂલ, અમદાવાદમાં (૧૯૪૭) શિક્ષક તરીકે કર્યો. મિત્ર રામભાઈ પટેલના આગ્રહથી ૧૯૫૦માં સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક તરીકે જોડાયા. આ દરમ્યાન S.T.C. અને B.Ed.ની ડિગ્રીઓ પણ મેળવી. ૧૯૬૦–૬૧ના વર્ષમાં શાળામાંથી છૂટા થઈ ગુજરાતી વિષયમાં M.A. કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનમાં જોડાયા અને અહીં ઉમાશંકર જોશીના પ્રીતિપાત્ર વિદ્યાર્થી બની ગયા. શાળા છોડવાનો મૂળભૂત હેતુ એમ.એ. થયા બાદ કૉલેજમાં અધ્યાપક થવાનો અને સાહિત્યસર્જન પાછળ વિશેષ સમય આપવાનો રહ્યો હતો. તેમનું પ્રથમ ધ્યેય M.A.ના પરિણામ પૂર્વે જ પ્રકાશ કૉલેજ, અમદાવાદમાં અધ્યાપક તરીકે જોડાવાનો ઑર્ડર મેળવી સિદ્ધ કર્યું હતું. આ બાજુ સર્વ વિદ્યાલયના આચાર્ય શ્રી નાથાભાઈ દેસાઈએ રાજીનામું આપતાં વિદ્યાર્થીઓમાં ભારે

અજંપાભરી સ્થિતિ પેદા થતાં સંસ્થા પ્રત્યેના લગાવ અને કેળવણી મંડળ તથા શ્રી નાથાભાઈ દેસાઈના આગ્રહથી અધ્યાપક બનવાનો મનસૂબો ત્યજીને પુનઃ સર્વ વિદ્યાલયમાં ૧૯૬૧માં આચાર્ય તરીકે જોડાયા અને નિવૃત્તિપર્યંત (૧૯૮૪) સેવાઓ આપી. નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના મંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત વર્ષ ૨૦૧૧થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખની જવાબદારી પણ વહન કરી રહ્યા છે.

શ્રી મોહનલાલ પટેલ સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાના જીવનદર્શન અને પોતાના બે પુરોગામી સમર્થ આચાર્યોની રીતિ-નીતિથી પૂર્ણ પ્રભાવિત. સ્વ. નાથાભાઈના સહકાર્યકર તરીકે ૯ વર્ષ સુધી શિક્ષક તરીકે કાર્ય પણ કર્યું હતું. આ સંસ્થાના આદર્શો અને ધ્યેયોને આત્મસાત્ કરીને પૂર્ણ ધ્યેયનિષ્ઠા સાથે તેમણે એક આદર્શ આચાર્ય અને ગૃહપતિની જવાબદારી પૂર્ણ સભાનતા સાથે સંભાળી અને દીપાવી હતી. ધરતીકંપ સમયે પોતાના પરિવારની ચિંતા છોડીને છાત્રાલયનાં બાળકોને ઓરડીએ ઓરડીએ જઈને જગાડીને બહાર કાઢ્યાં હતાં. અરે! તેમણે તો વિદ્યાર્થીઓ ઉપર કોઈ માઠી અસર ન થાય તે હેતુસર નવલકથાલેખન બંધ કરી દીધું હતું, જે પાછળથી પીતાંબર પટેલની સલાહથી શરૂ કર્યું હતું. આ જ બાબતે તેમના વિદ્યાર્થી રહી ચૂકેલ આપણા નિબંધકાર, સાંસ્કૃતિક પ્રવાસલેખક અને વિવેચક પદ્મશ્રી ડૉ. ભોળાભાઈ પટેલે પોતાનાં સંસ્મરણો રજૂ કરતાં નોંધ્યું છે કે, ' 'સવિતા' માસિકની વાર્તાહરીફાઈમાં એમની વાર્તા 'એમના એ સોનેરી દિવસો'ને પહેલું ઇનામ મળેલું. એ દિવસોમાં બહુ ઇનામો મળતાં નહોતાં. અમારે માટે એ ગૌરવની વાત હતી. અમે એ વાર્તા વાંચવા 'સવિતા' માસિકનો એ અંક મેળવવા ઉત્સુક હતા. અંક મળ્યો પણ વાર્તાનાં પાનાં ગાયબ. સાહેબે કાઢી લેવડાવેલાં. પોતાના છાત્રોને સ્ત્રી-પુરુષના સંબંધની વાર્તા રજૂ ન કરાય એવો ખ્યાલ હશે ? પણ આ હતા મોહનલાલ પટેલ.' એક અન્ય સંસ્મરણ તાજું કરતાં તેમણે નોંધ્યું છે કે 'મોહનલાલ પટેલ અમદાવાદથી નવા સાહેબ આવ્યા. એમની સાથે મોપાસાં, ચેખોવ, ઓ'હેન્રીનું વાર્તાજગત, બ્રાઉનિંગના મોનોલોગ્ઝ, શરદબાબુ અને ખાંડેકરનું જગત આવ્યું. નખશિખ સજ્જન – 'થેન્ક્સ' અને 'સોરી' બોલતાં એમણે શિખવાડ્યું. પેન્ટ–શર્ટ પહેરનાર સાહેબે લેંઘો-ઝભ્ભો અપનાવી લીધો તે આજ સુધી. આચારવાન આચાર્ય કોઈ છોકરાને 'તું' ન કહે 'તમે' કહે. એમણે લખતાં શીખવ્યું. સાહિત્યને પરખવાની આંખ આપી.' આવા મૂલ્યનિષ્ઠ અને શીલભદ્ર સારસ્વત શિક્ષક-આચાર્ય શ્રી મોહનલાલ છે. મહેસાણા જિલ્લા શાળા સંઘને વર્ષો સુધી દૃષ્ટિવંત નેતૃત્વ પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના સલાહકાર અને ગુજરાતી પાઠ્યપુસ્તકોના સંપાદક અને લેખક તરીકે પણ ઉદાહરણસ્વરૂપ કાર્ય કર્યું છે. સર્વ વિદ્યાલયને ગુજરાતની એક આગવી હરોળની શાળા તરીકે અને એક શિક્ષણતીર્થ તરીકે પ્રસ્થાપિત કરવામાં તેમનું ઘણું મોટું યોગદાન રહ્યું છે. નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી અને મંત્રીશ્રી સાથે કેળવણી મંડળ માટે દાન એકઠું કરવા અમેરિકાના પ્રવાસે જઈ પોતાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પાસેથી ઘણી મોટી રકમનું દાન મેળવી લાવ્યા હતા.

શ્રી મોહનલાલ પટેલ ગુજરાતી સાહિત્યના એક જાણીતા સર્જક તરીકે ખ્યાતિ પ્રાપ્ત છે. તેમણે ગુજરાતી ટૂંકીવાર્તા, નવલકથા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, પ્રવાસ, વિવેચન, અનુવાદ વગેરે ક્ષેત્રોમાં માતબર પ્રદાન કર્યું છે. આ બધા ક્ષેત્રોમાં તેમણે આજપર્યંત ૬૦ જેટલા ગ્રંથોનું સર્જન કર્યું છે.

ગુજરાતી લઘુકથાના તો તેઓ પ્રવર્તક – જનક તરીકે પણ ઓળખાય છે. ટૂંકીવાર્તા કળા ઉપરનો તેમને વિવેચનગ્રંથ 'ટૂંકીવાર્તા : મીમાંસા' આ ક્ષેત્રનો એક પ્રમુખ આધાર ગ્રંથ છે. શિક્ષક અને ત્યારબાદ આચાર્ય તરીકે સુદીર્ઘકાળપર્યંત આપેલી સેવાઓ આપણા સૌના માટે અનુકરણીય અને પ્રેરણાસ્પદ હોવા ઉપરાંત સદૈવ માર્ગદર્શક સ્તંભ બની રહે તેટલી બળકટ છે. ચિંતક-મનીષી-કવિ ઉમાશંકર જોશીએ શ્રી મોહનભાઈ પટેલને એક નિષ્ઠાવાન શિક્ષક તથા આચાર્ય તરીકે જાહેરમાં બિરદાવતાં કહેલું કે, 'મોહનલાલ એક અચ્છા સાહિત્યકાર તો છે જ, પણ આપણા એક ઉમદા શિક્ષક અને આચાર્ય પણ છે. પ્રોફેસર થવાની મોહિની ખંખેરી નાખી પોતાના સમાજનાં ઊછરતાં બાળકો વચ્ચે જઈને તેઓ બેઠા છે.' આ જ બાબતને ધ્યાનમાં લેતાં શ્રી રઘુવીરભાઈએ નોંધ્યું છે કે, 'મોહનભાઈની સાહિત્યિક કૃતિઓ ઉત્તર ગુજરાતના ભાવકોને પહોંચી છે એથી વધુ એમની શૈક્ષણિક સેવાઓ પહોંચી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. ગૃહપતિ તરીકે લોકપ્રિય રહેવું અઘરું, આચાર્ય તરીકે લોકપ્રિય રહેવું એથીય અઘરું, પણ મોહનભાઈની લોકપ્રિયતામાં કદી ઓટ આવી નથી.' તેમણે પોતાના કાર્યકાળ દરમ્યાન કડીમાં 'સાહિત્યવર્તુળ'ની સ્થાપના કરી ઘણા વિદ્યાર્થીઓને સાહિત્યનું ઘેલું લગાડ્યું, સાહિત્યમાં રસ લેતા કર્યા. બીજા શબ્દોમાં કહીએ તો, કડીની સારસ્વત ચેતનાનો પ્રાણ બની રહ્યા.

આવા ગરવા શ્રી મોહનલાલ પટેલ 'ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક ઍવૉર્ડ' (૧૯૮૪), 'ધનજી કાનજી સુવર્ણચંદ્રક' (૨૦૦૪), 'દર્શક ફાઉન્ડેશન ઍવૉર્ડ' (૨૦૦૮), 'આનર્ત ગુર્જરી ઍવૉર્ડ', 'સંસ્કાર ઍવૉર્ડ' વગેરેથી વિભૂષિત હોવા ઉપરાંત 'પ્રત્યાલંબન', 'ઝાકળમાં સૂરજ ઊગે', 'લાંછન', 'ડેડ એન્ડ', 'હાસ્યમર્મર' વગેરે તેમની કૃતિઓ ગુજરાત સરકાર, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી વગેરે દ્વારા પુરસ્કૃત થઈ છે. 'પ્રજ્ઞાદીપ છગનભા', 'યક્ષકર્દમ' અને 'રાણકી વાવ'(લેખ)માં તેમનું ઉત્તમ સર્જકત્વ – સંશોધકત્વ પ્રસ્ફુટિત થયું છે.

શ્રી મોહનલાલ પટેલને ૭૫ વર્ષ પૂરાં થતાં તેમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને સ્નેહીજનોએ તેમનું અમૃતપર્વ પાટણમાં યુનિવર્સિટી પ્રાંગણમાં ડિસેમ્બર, ૨૦૦૧માં ઊજવ્યું. આ નિમિત્તે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી માણેકલાલ પટેલના હાર્દિક સહયોગથી રૂ. ૭ લાખ જેટલી રકમ એકઠી કરવામાં આવી હતી. આ રકમમાંથી રૂ. ૫ લાખનું દાન ઉત્તર ગુજરાત યુનિવર્સિટીને 'શ્રી મોહનલાલ પટેલ ભારતીય સાહિત્ય વ્યાખ્યાનમાળા'ની સ્થાપના માટે આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેમના સર્જકત્ત્વ અને શિક્ષકત્ત્વને ઉજાગર કરતા બે ગ્રંથો 'શ્રી મોહનલાલ પટેલ સ્વાધ્યાયગ્રંથ' (૨૦૦૧) અને 'શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ' (૨૦૦૧) શ્રી મણિભાઈ પ્રજાપતિ દ્વારા સંપાદિત કરવામાં આવ્યા છે. તેમના સર્જકત્ત્વ વિશે શોધપ્રબંધ તૈયાર કરીને ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ત્રણ વિદ્યાર્થીઓએ Ph.D.ની ડિગ્રી અને ગુજરાત યુનિવર્સિટીમાંથી એક વિદ્યાર્થીએ M.Phil.ની ડિગ્રી મેળવેલ છે. કડીમાં સાહિત્યિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન પૂરું પાડવા માટે 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્યવર્તુળ'ની સ્થાપના કરવામાં આવેલ છે, જેના માટે જરૂરી આર્થિક ભંડોળ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પૂરું પાડવામાં આવેલ છે.

(સરનામું : ૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી,
સેટેલાઈટ, અમદાવાદ–૩૮૦૦૧૫
ફોન : ૦૭૯-૨૬૮૬૨૫૯૮)

## શ્રી મનુભાઈ જેકીશનદાસ પટેલ



શ્રી મનુભાઈ પટેલ (M.A., B.Ed.)નું વતન, ચાણસ્મા, જિ. પાટણ. તેમણે પિલવાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે થોડાંક વર્ષો સેવાઓ આપ્યા બાદ આદર્શ વિદ્યાલય, સિપોર, તા.વડનગરમાં ૧૯૮૫ સુધી સતત ૧૮ વર્ષ ઋષિકુળના આચાર્ય સમ યશસ્વી સેવાઓ આપી. અહીં તેમણે પોતાની સેવાઓ શાળા-પરિસર સુધી મર્યાદિત ન રાખતાં સિપોરના સર્વાંગી વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. ખરા અર્થમાં તેમણે આચાર્યધર્મનું પાલન કર્યું હતું. આ સેવાઓ દરમ્યાન તેઓશ્રી એક અદના શિક્ષક-આચાર્ય-કેળવણીકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. ઈ.સ. ૧૯૮૫માં સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે જોડાયા અને ૧૯૯૪માં વયમર્યાદાના કારણે અહીંથી સેવાનિવૃત્ત થયા હતા.

શ્રી મનુભાઈ પટેલ હાડે શિક્ષકનો જીવ. એક મૂલ્યનિષ્ઠ અને વિદ્યાવ્યાસંગી શિક્ષક અને આચાર્ય. શિસ્ત અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી છતાં પ્રસન્ન મુદ્રામાં જોવા મળે. તેમનામાં વહીવટીય કોઠાસૂઝ પણ ભારે, જેથી પોતાની શાળાના સંચાલન ઉપરાંત જિલ્લા અને રાજ્ય સ્તરે તેમની સેવાઓ વિસ્તરતી રહેલી જોવા મળે છે. તેમના ઉપર ગાંધી જીવનદર્શનનો પ્રભાવ ઘણો મોટો રહ્યો છે, જે તેમની વાણી અને વર્તનમાં સ્પષ્ટ પરિલક્ષિત થાય છે. તેઓશ્રી ભગવતગીતાના કર્મયોગને આત્મસાત કરીને કર્તવ્યપાલન કરતા રહ્યા છે. પોતાના સેવાકાળ દરમ્યાન અને ત્યારબાદ પણ શિક્ષક-આચાર્ય તરીકેની મૂળભૂત ફરજો ઉપરાંત સામાજિક ઉત્તરદાયિત્વ પણ પૂર્ણ સભાનતા સાથે નિભાવ્યું છે, જે તેમના જીવનની આગવી વિશેષતા બની ને મ્હોરી ઊઠી છે.

તેમને ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય ઍવૉર્ડથી તેમજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે ૧૫ ઑગસ્ટ ૨૦૦૩ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓશ્રી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના 'બેસ્ટ ટીચર' ઍવૉર્ડથી પણ અલંકૃત છે.

સર્વ વિદ્યાલયના આચાર્યશ્રીની જવાબદારી ઉપરાંત તેમણે મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા-સંઘના પ્રમુખ તથા મંત્રી, મહેસાણા જિલ્લા આચાર્ય-સંઘના પ્રમુખ તથા મંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય-સંઘના પ્રમુખ અને મહેસાણા જિલ્લાના માધ્યમિક શિક્ષણના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ (૧૯૭૬-૧૯૯૫) તરીકે ભારે નિષ્ઠા અને ખંતપૂર્વક સેવાઓ આપી હતી. સાથે સાથે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે ૧૦ વર્ષ તથા બૉર્ડની કારોબારી સમિતિના સભ્ય (૧૯૮૧-૧૯૮૯), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (૧૯૮૯-૧૯૯૩), પૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીના ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણના પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સુધી નોંધપાત્ર સેવાઓ આપી હતી.

સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તેમજ વતન ચાણસ્મામાં સ્થાયી થઈ ચાણસ્મા કેળવણી મંડળ તથા મેડિકલ ઍન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રી તરીકે યશસ્વી સેવાઓ આપી રહ્યા છે. તેમના બહુમૂલ્ય અને દૃષ્ટિવંત પ્રદાનથી ચાણસ્મામાં શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ વધુ સુદૃઢ અને અર્થપૂર્ણ બનવા પામી છે. આ ઉપરાંત બહુવિધ સંસ્થાઓમાં સક્રિય ભાગીદારીથી તેઓશ્રી ચાણસ્માના શ્રદ્ધેય અને સન્માનનીય 'વિકાસ પુરુષ' બની ગયા છે.

**(સરનામું : રૂપાણીનો માઢ, ખાડિયા ચોક પાસે, ચાણસ્મા, જી. મહેસાણા)**

# સંપન્ન શિક્ષકત્ત્વની ખોજ : સંસ્થાસ્થિત સાધના

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી, પૂર્વઉપકુલપતિ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

**પ્રસ્તાવના :** શિક્ષણની સમગ્ર પ્રક્રિયાનું મહત્ત્વનું ચાલક બળ તે શિક્ષક છે. ભલે વર્તમાન સમયમાં શિક્ષણની અનેક પ્રકારની આધુનિક તરકીબો અને તકનિકીઓ આવી હોય, ભલે શિક્ષણની સંસ્થાઓ આધુનિકતમ આધારમાળાખાં ધરાવતી થઈ હોય, કે ભલે શિક્ષણની અનેકવિધ સામગ્રીઓ ઉપલબ્ધ બની હોય, વર્ગખંડ તેમજ વર્ગખંડની બહાર શિક્ષણની પ્રક્રિયાનું પ્રવર્તન કરનારું એક માત્ર પ્રભાવક પરિબળ તો શિક્ષક જ છે. માટે જ, આજકાલ સારા શિક્ષકો, કલ્પનાશીલ શિક્ષકો, સર્જનશીલ શિક્ષકો અને સંવેદનશીલ શિક્ષકોની માંગ વધી જવા પામી છે. નોકરીવ્યવસાય માટેની અખબારી તેમજ ટેલિવિઝનની જાહેરખબરોમાં, ઉત્તમ શિક્ષકોની જરૂરિયાતોવાળી શિક્ષણની સંસ્થાઓની, શિક્ષકો મેળવવા માટેની હોડ જોવા મળે છે. એમાંય, સ્વનિર્ભર સંસ્થાઓનો વિસ્ફોટ થવાથી, ઉત્તમ શિક્ષકોને ઊંચા પગાર અને ભથ્થાં આપી, રોકી લેવા માટેની રીતસરની હરીફાઈ થઈ રહેલ જોવા મળે છે. એમ કહેવાય છે કે આજના ગુજરાત અને ભારતની ઝડપથી આગળ વધી રહેલી વિકાસયાત્રામાં મૂડીરોકાણનાં ચાર ક્ષેત્રો ધમધમી રહેલાં જોઈ શકાય છે. એ ચાર પૈકી એક છે શિક્ષણ અને બીજાં ત્રણ છે જમીન અને રીયલ એસ્ટેટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેલિકોમ્યુનિકેશન અને એ મૂડી એટલે ફક્ત નાણાં જ નહીં, યંત્રસામગ્રી જ નહીં, જમીન અને કારખાનાં જ નહીં, પરંતુ વિશેષ કરીને જ્ઞાનરૂપી મૂડી, વિચારોરૂપી મૂડી અને એ મૂડીનો સર્જક અને વ્યવસ્થાપક એવો માનવી ! અને એ માનવમૂડીને ઘડનારું બળ તે શિક્ષણ. એ શિક્ષણે અને એના પ્રવર્તક એવા શિક્ષકે આજની અપેક્ષાઓથી ઊભરાતી તરુણ-તરુણીઓ અને યુવક-યુવતીઓની વિકાસની ક્ષુધાને સંતોષવા બધાં જ વાનાં કરવાનાં છે. આ રહી કવિ 'બેફામ'ની ભાષામાં એ ક્ષુધા વ્યક્ત કરતી પંક્તિઓ :

**'અમારે જિંદગીના રંગને સાકાર કરવો છે,**
**હૃદયની ભાવનાની ખુશ્બો તણો વિસ્તાર કરવો છે;**
**અમે આવ્યાં છીએ અહીંયાં બધાં થોડાંક ફૂલો લઈ**
**તમે થોડીક ધરતી દો, તો એક ગુલઝાર કરવો છે.'**

**વિદ્યાયાત્રા :** વિદ્યાની ખોજમાં ગુજરાતમાં જ એંશી લાખ જેટલી વિદ્યાર્થીસંખ્યા તેની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરે છે. દસથી બાર લાખ જેટલી વિદ્યાર્થી સંખ્યા એની કૉલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે, વિદ્યાની સાધના દ્વારા પોતાનો, પોતાના કુટુંબનો, પોતાના સમાજનો, અને પોતાના રાજ્ય અને દેશનો વિકાસ સાધવાની ઇચ્છા ધરાવતો આટલો મોટો વિદ્યાર્થીસમૂહ એમના શિક્ષકની ક્ષમતા, જ્ઞાન અને પ્રતિબદ્ધતામાં પોતાની શ્રદ્ધા જાહેર કરી એની પાસેથી ફક્ત એક જ અપેક્ષા રાખે છે :

**શિષ્યસ્તેऽहम् शाधि मां त्वां प्रपन्नम् ।**

'હે ગુરુદેવ ! હું તમારી પાસે વિદ્યાપ્રાપ્ત કરવા આવ્યો છું; આપ મને શિક્ષિત કરો.'

કોઈપણ સંવેદનશીલ શિક્ષક, એની પાસે

વિદ્યા માટેની યાચના કરતો વિદ્યાર્થી, ભલે શબ્દો વડે કદાચ એની વિનંતી રજૂ કરતો ન હોય, પણ એની શારીરિક હાજરી દ્વારા જ એનો સંકલ્પ અને શિક્ષકમાંની શ્રદ્ધા હૃદયનાં ઊંડાણથી 'શાધિ મામ્' ઉચ્ચારીને કરતો હોય, તો ગદ્‌ગદિત થયા વિના ન જ રહે ! એવી છે ગુજરાતની અને ભારતની ગુરુ-શિષ્ય સંબંધોની પરંપરા !

શિક્ષકનું વિદ્યાર્થી સાથેનું આ રીતનું ઊર્મિલ અને નૈતિક અનુસંધાન સધાતાં, શિક્ષકની જવાબદારી અનેકગણી વધી જતી હોય છે. આજના વિકસતા જ્ઞાનયુગમાં નિત સર્જાઈ રહેલા નવા-નવા જ્ઞાનના ઉન્મેષોની વચ્ચે, શિક્ષકે એનું શિક્ષકત્ત્વ, એની શિક્ષક તરીકેની બહુવિધ ક્ષમતાઓ અને આવડતો, અને શિક્ષકના વ્યવસાયનાં ઉન્નત મૂલ્યો પ્રત્યેની એની પ્રતિબદ્ધતા – એ બધાંયનાં ઉચ્ચ ધોરણો હાંસલ કરવાં રહ્યાં, જાળવવાં રહ્યાં, અને એમને વધુ ધારદાર બનાવવાં રહ્યાં. આજનો એ તકાજો છે.

એવા વિદ્યાસંપન્ન શિક્ષકો હોય તો જ આજના જ્ઞાનયુગની માંગને પહોંચી વળે એવી ક્ષમતાઓનું શિક્ષણ આપણી સંસ્થાઓમાં પ્રવર્તી શકે, અન્યથા નહીં. આજના વિદ્યાર્થીની વિદ્યાયાત્રાને સર્વથા અર્થપૂર્ણ, યુગ સાથે સુસંબંધ અને ઉચ્ચ ગુણવત્તા ભરી બનાવવા માટે આવશ્યક રહેશે બહુવિધ રીતે સંપન્ન એવા શિક્ષકોની; એમના સમૃદ્ધ શિક્ષકત્ત્વની.

**સંપન્ન શિક્ષકત્ત્વની ખોજ :** ઉત્તમ શિક્ષક કોણ ? આ પ્રશ્નનો ઉત્તર યુગોથી મેળવવાના પ્રયત્નો થયા કર્યા છે. એ માટે અનેક તપાસ પંચો અને સમિતિઓ રચાતાં આવ્યાં છે. વિદ્વદજનો, વિચારકો, કવિઓ, શિક્ષણશાસ્ત્રીઓ અને સામાન્ય નગરજનો, એ સૌ એમની રીતે સારા શિક્ષકનાં લક્ષણો વર્ણવતા, ગણાવતા રહ્યા છે. કવિશ્રી ઉમાશંકર જોશીએ ફક્ત ચાર જ પંક્તિઓમાં એવા શિક્ષકને ઓળખાવ્યો છે.

**'બાળકને જોઈ જે રીઝે રીઝે બાળક જોઈ જેને;**
**સ્નેહલ સૂરત, વત્સલ મૂરત હૃદય હૃદયનાં વંદન એને.'**

આમ, પરસ્પર પ્રત્યેના પ્રેમનું રસાયણ શિક્ષક-વિદ્યાર્થી બંનેની ઓળખાણ આપતું પરમ તત્ત્વ ગણાયું છે એમાં નવાઈ નથી. એટલે જ તો અંગ્રેજીમાં એક લોકોક્તિ છે જે કહે છે કે શીખવવું 'એ શબ્દની સાચી જોડણી 'TEACH' નહીં, બલ્કે 'LOVE' છે.

આધુનિક શિક્ષણશાસ્ત્ર અનુસાર શિક્ષકત્ત્વનાં દસ પરિમાણો ગણાવવામાં આવ્યાં છે, જે નીચે મુજબ છે :

**(૧) વ્યક્તિત્વ :** તેનાં બાહ્ય અને આંતરિક ઘટકો જેવાં કે પ્રસન્નતા, સહૃદયતા વગેરે.

**(૨) જ્ઞાન સાધના :** તેમાં જ્ઞાનપ્રાપ્તિ, સંક્રમણ, વિસ્તરણ, નિર્માણ, સંશોધન, સંગ્રહ, પ્રસારણ વગેરે વિવિધ પ્રવૃત્તિઓ આવી જાય.

**(૩) અધ્યાપન-અધ્યયન ક્ષમતાઓ :** વર્ગખંડની અંદર અને તેની બહાર, અધ્યાપન-અધ્યયનનો સમસ્ત કારોબાર યોજવાની ક્ષમતાઓ જેમાં મૂલ્યાંકનની પ્રવિધિઓ પણ આવી જાય.

**(૪) ટેક્નોલૉજીઓની આવડતો :** અનેક પ્રકારની ટેક્નોલૉજીઓનું જ્ઞાન, ઉપયોજન અને વ્યવહારમાં પરોવણી કરવાની સજ્જતાઓ, તાલીમ અને નવીકરણ.

**(૫) સંચાલન અને વ્યવસ્થાપનનાં કૌશલ્યો :** વિવિધ કક્ષાના માનવો, માનવસમૂહો, સામગ્રીઓ, સાધનો, નાણાંભંડોળ વગેરેના સંચાલનની ક્ષમતાઓ અને કસબ.

**(૬) સર્જનશીલતા :** નવીનીકરણ, પ્રયોગશીલતા, બિનચીલાચાલુ અભિગમો, અનેકવિધ સર્જન કૌશલ્યો એ માટેનો ઉત્કટ શોખ, ઉત્સાહ અને પરિશ્રમશીલતા.

**(૭) સુરુચિઓનો વિશાળ પટ :** Aestheticsનાં ઊંચાં ધોરણો, કલા, સાહિત્ય,

સંગીત, નૃત્ય, ચિત્ર, પ્રવાસ, પર્યટનો વગેરે તરફની ઊંચીકક્ષાની રુચિ અને પસંદગીઓ.

**(૮) સામાજિક સક્રિયતા અને સંવેદનશીલતા :** માનવસમાજ પ્રત્યે ઊંડી સહાનુભૂતિ, ઊંચાં કુટુંબ-મૂલ્યોની માનવજત, સમાજસેવા પ્રત્યેનો વિધાયક અભિગમ સામાજિક ઇજનેરી તરફ વિધાયક અભિગમ અને ઉદાત્ત વૈશ્વિક સામાજિક મૂલ્યો અને વલણોની પ્રતિબદ્ધતા.

**(૯) સંશોધન ક્ષમતાઓ :** જીવન અને વ્યવસાયના પ્રશ્નો સમજવા, ઉકેલવા, સંશોધનનું શાસ્ત્ર સમજવા, ઉપયોગમાં લેવા અને તેનાં પરિણામો પર અમલ કરવા માટેની સજ્જતાઓ.

**(૧૦) નૈતિક/આધ્યાત્મિક જીવન અભિગમ :** ઉમદા ચારિત્ર્યનું નિરંતર ઘડતર અને પરિમાર્જન, જીવન પ્રત્યેનો વિધાયક અભિગમ, માનવજીવનનાં મૂલ્યો માટે ઊંડો આદર અને અમલ માટેની પ્રતિબદ્ધતા.

ઉપરનાં દસેય પરિમાણોનું જે તે શિક્ષણ સંસ્થાના સંદર્ભે વિસ્તૃતીકરણ કરવું પડે. સમયાંતરે એમાં વધારો-ઘટાડો અને ફેરફાર પણ કરવો પડે.

એ યાદ રહે કે વ્યક્તિ જન્મથી શિક્ષક તરીકેની સંપન્નતાઓ ધરાવતો હોતો નથી. અંગ્રેજીમાં એને લગતી કહેવત છે : 'Teachers are not born; they are made throgh education and training.' આમ શિક્ષકત્ત્વની ખોજ કરવી પડતી હોય છે, એની સાધના કરવી પડતી હોય છે. આવી ખોજ અને સાધના કોઈ કાળે પૂરી થતી હોતી નથી, એ તો જીવનભર ચાલ્યા કરતી હોય છે.

આપણા દેશમાંની શિક્ષકો તૈયાર કરવા માટેની શિક્ષક-પ્રશિક્ષણની સંસ્થાઓ બહુધા વ્યક્તિને એક વખત તાલીમ આપતી હોય છે. એ તાલીમના પરિણામે મળતી પદવી કે ડિપ્લોમાના સહારે શિક્ષક ચાર દાયકા જેટલા સમયગાળા માટે શિક્ષણકાર્ય કરતો રહે છે અને કાર્યકાળને અંતે નિવૃત્તિ લેતો હોય છે. વર્ષ ૨૦૧૦માં એ સંસ્થાઓની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સંસ્થા | સંખ્યા |
|---|---|---|
| ૧. | પી.ટી.સી. કૉલેજ | ૩૫૦૦ |
| ૨. | બી.એડ. કૉલેજ | ૧૫૦૦ |
| ૩. | DIETE | ૫૦૦ |
| ૪. | CTE | ૯૦ |
| ૫ | IASE | ૪૦ |
| ૬ | SCERT | ૩૫ |
| ૭. | A.S.E. | ૫૧ |

એ સંસ્થાઓમાં પ્રશિક્ષણ આપતા અધ્યાપકોની સંખ્યા ૬૦,૦૦૦ હતી. જ્યારે એ વર્ષમાં જુદાજુદા તબક્કામાં શિક્ષકોની સંખ્યા નીચે મુજબ હતી.

| કક્ષા | શિક્ષક સંખ્યા |
|---|---|
| પ્રાથમિક | ૪૭ લાખ |
| માધ્યમિક અને ઉ. માધ્યમિક | ૧૦ લાખ |
| ઉચ્ચશિક્ષણ | ૬ લાખ |
| કુલ | ૬૩ લાખ |

## પૂર્વવ્યવસાય તાલીમ વ્યવસ્થાની મર્યાદા :

ઉપરના આંકડા સૂચવે છે કે આપણા દેશનું શિક્ષણનું સાહસ ગંજાવર છે. એને માટે, જોઈએ એવી ક્ષમતા અને સંપન્નતાવાળું, માનવસંસાધન ઊભું કરવું, જાળવવું અને એની ગુણવત્તા ઉત્તરોત્તર ધારદાર કરતા રહેવું એ એક ભગીરથ કાર્ય છે. ઉપર જણાવેલી તાલીમની સંસ્થાઓ મર્યાદિત સમયગાળાના અભ્યાસક્રમો ચલાવે છે, તાલીમ આપે છે, અને તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી શિક્ષણના મહા સાહસની જવાબદારી વહન કરવા બાકીના ચાર દાયકા જેટલા સમયગાળા માટે છૂટા મૂકી દે છે. એમની

એક વખતની તાલીમ બાદ, વ્યવસાય દરમિયાનની (Inservice Training) તાલીમ માટે કોઈ કાયમી, આયોજનપૂર્વકની યોજના હોતી નથી. એમને 'કર્મયોગી' જેવી ટૂંકી મુદતની તાલીમ મળે તો ગનીમત ! અન્યથા એમના વ્યવસાયી જીવનની નૈયા પોતાની મેળે હંકારાતી રહેતી હોય છે.

આ સંજોગોમાં સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો આવે તોપણ તાલીમ તો જૂની જ રહેતી હોય છે; શિક્ષક પણ પુરાણો જ રહેતો હોય છે. પરિણામે, શિક્ષણ અને સાંપ્રત સમાજ વચ્ચે મોટી ખાઈ સર્જાવા પામે છે, ભારતના અને ગુજરાતના વર્તમાન શિક્ષણ સામે સમાજની, ઉદ્યોગ ધંધાના પ્રતિષ્ઠાનોની, વ્યવહારુ જગતની એ જ ફરિયાદ રહી છે કે શાળા-મહાશાળાનું શિક્ષણ લઈને બહાર પડનાર વિદ્યાર્થી આધુનિક ક્ષમતાઓ, કૌશલ્યો, વલણો, સજ્જતાઓ, અભિગમો, વગેરેમાં ખૂબ ઊણે ઊતરે છે. અરે, ખુદ ઇજનેરી જેવી આધુનિક વિદ્યાશાખા સામે પણ ફરિયાદ ઊઠી છે કે એમના સ્નાતકો પૈકીના ફક્ત ૧૦% જ આધુનિક ઉદ્યોગ ધંધાઓની કામગીરી ઉપાડી લેવા સક્ષમ હોય છે. બાકીના બધાને છ મહિનાથી લઈને બાર મહિના જેટલી વધારાની તાલીમ આપવામાં આવે તો જ એ નવી કામગીરી ઉપાડી શકે એવા બને છે.

આપણો દેશ વિકાસના આરંભ (Take off)ના તબક્કામાંથી પસાર થઈ ચૂક્યો છે, તે હવે તો વિકાસના ઉડ્ડયનના તબક્કામાં પ્રવેશી ચૂક્યો છે. એ ઉડ્ડયન ચાલુ રાખવા, વધુ વેગીલું બનાવવા જોઈશે તાલીમ પામેલું, સુશિક્ષિત, પ્રતિબદ્ધ અને હોંશિલું માનવસંસાધન. આપણી બારમી પંચ વર્ષી યોજનાએ આ માટે આવતાં પાંચ વર્ષ (૨૦૧૨-૨૦૧૭)ના ગાળા માટે શિક્ષણની સાહસભરી નિવેશ યોજનાના ત્રણ સ્તંભો નિશ્ચિત કરી શિક્ષણક્ષેત્રના સૌને આહ્વાન કર્યું છે. આ રહ્યા એ સ્તંભો :

**સ્તંભ-૧** : દેશમાં ૧૦૦% સાક્ષરતા હાંસલ કરવી.

**સ્તંભ-૨** : માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ સૌ માટે ફરજિયાત કરવું.

**સ્તંભ-૩** : ઉચ્ચશિક્ષણમાં વિદ્યાર્થી નોંધણીનું પ્રમાણ ૨૦% કરવું.

એ યોજના એ શિક્ષણના આ નવલ સ્વપ્નને સાકાર કરવા ઉત્તમ ગુણવત્તાવાળા શિક્ષકો તૈયાર કરવા હાકલ કરી છે. આપણી સંસ્થાકીય તાલીમ વ્યવસ્થા તો પૂર્વ-સેવા તાલીમ આપે છે. તેમને, અલબત્ત, વધુ સંગીન બનાવવામાં આવશે. એટલું જ નહીં, પણ તેમની માળખાકીય મર્યાદાઓની વચ્ચે પણ તેમના ગજા પ્રમાણે. તેઓ સેવાકાલીન તાલીમ આપવાના પ્રયત્નો પણ કરતી રહેશે. પરંતુ એ પ્રયત્નોને એમની મર્યાદાઓ રહેશે. એ સંજોગોમાં દેશની. શિક્ષણસંસ્થાઓએ, એમને ત્યાં જ શિક્ષકોની અતિવ્યવસાયી તાલીમ આપવા પ્રયત્નો કરવા પડશે એની યાદ પંચવર્ષી યોજનાના ઘડવૈયાઓએ તો આપી જ છે. ઉપરાંત ખુદ ડૉ. સામ પિત્રોડાના અધ્યક્ષપદવાળા રાષ્ટ્રીય જ્ઞાન પંચે પણ એની યાદ કરાવી છે. આ એક નવો જ અભિક્રમ (Initiative) હશે, એક નવું જ સાહસ (Innovation) હશે, જે સંસ્થાકીય પૂર્વ-સેવા તાલીમના પૂરકબળ તરીકે સંસ્થામાં જ (In-house) તાલીમના કાર્યક્રમો વિકસાવશે. શિક્ષણની સંસ્થાઓ-શાળાઓ, કૉલેજો અને યુનિવર્સિટીઓ માટે આ નવો પડકાર હશે, જે એમણે ઉપાડવો જ રહ્યો.

**સંસ્થાસ્થિત શિક્ષક તાલીમ વ્યવસ્થા** : (In-house teacher training programme) આ એક નવો જ વિચાર છે. શિક્ષણની સંસ્થા-શાળા, કૉલેજ, યુનિવર્સિટી વગેરે પોતાને ત્યાં અપાતા શિક્ષણની ગુણવત્તા સુધારવાની જવાબદારી પોતાને શિરે લે, અને તે અદા કરવાના એક ભાગ તરીકે એના શિક્ષકોના શિક્ષકત્ત્વની ગુણવત્તા પોતાનાથી જ ઊંચી લઈ જતા રહેવાનાં જરૂરી બધાંય વ્યવસાયી વિકાસનાં વાનાં હાથ ધરે, એ એની

સામાજિક જવાબદારીનો એક ભાગ ગણવાનો નવો જ ઉપક્રમ આ Innovationની પાછળ રહેલો છે. ખુદ શૈક્ષણિક સ્વાયત્તતાની વિભાવનાનો જ આ એક હિસ્સો છે. જેમ કોઈ દર્દી પોતાના દર્દને સ્વયં Manage કરે તો તેનો ઉપચાર વધુ સરળ, અસરકારક અને ઝડપી બને, એમ જ પોતાના શિક્ષકોના શિક્ષકત્ત્વનાં પેલાં દસ પરિમાણોના નિદાન, ઉપચાર, સંવર્ધન, ઉન્નયન અને વ્યવસ્થાપન માટે સંસ્થામાં જ ઘટતા Inhouse પ્રબંધો થાય તો એ વધુ વાસ્તવિક, વધુ સુસંબદ્ધ, વધુ કારગત અને વધુ અર્થપૂર્ણ બને એ શક્ય અને સંભવિત છે. સામાજિક ચાલનાઓમાં સ્વાયત્તતાનું તત્ત્વ ઉમેરાતાં એ બધી ચાલનાઓ વધુ ફળદાયી નીવડતી હોવાના સંશોધન પુરાવા ઉપલબ્ધ છે જ.

દૃષ્ટાંત તરીકે જાપાનના ઉદ્યોગો, વ્યવસાયો અને કોર્પોરેશનોના અપ્રતિમ વિકાસની પાછળ તેમની તેમના માનવસંસાધન (Human Resource)ના વિકાસની નીતિ અને વ્યૂહરચનાઓનો મોટો ફાળો રહેલો છે. તેઓએ In-house H.R. Development Strategy અપનાવી છે જેનાં ત્રણ પાયાનાં પ્રાવધાનો છે. આ રહ્યાં એ પ્રાવધાનો :

**પ્રાવધાન-૧** : તળિયા (grassroots)ની સમસ્યાઓની સમજ સ્પષ્ટતાપૂર્વક, હિંમતભેર અને પ્રામાણિકતાથી વિકસાવવી, સ્વીકારવી અને કેન્દ્રમાં મૂકવી.

**પ્રાવિધાન-૨** : સમસ્યાઓના આક્રમક ઉપાયો બેધડક, વિના સંકોચ હાથ ધરવા (J.D.I. : Just do it)

**પ્રાવિધાન-૩** : બધા આયામો, ઉપક્રમો અને આચરણો સમયસર, વિના વિલંબે કરવા અને પાર પાડવા. (J.I.T. : Just in time)

વ્યાપાર-ઉદ્યોગજગતમાં હાથ ધરાતાં અનેક સંશોધનો, પ્રયોગો અને નવીનીકરણો શિક્ષણજગતને લાગુ પડતાં હોય છે. એમને સમજીને વિવેકપૂર્વક શિક્ષણક્ષેત્રમાં તો હવે અપનાવવામાં આવી પણ રહ્યાં છે. માનવ સંસાધનની સંસ્થામાં જ બેઠાંબેઠાં, વિકાસની અનેક યોજનાઓ શિક્ષણની સંસ્થાઓમાં સંક્રમિત કરવાનો ઘણો અવકાશ છે.

તો, શિક્ષકોની સતત તાલીમ, નવીનીકરણ અને સમૃદ્ધિકરણ માટે સંસ્થાસ્થિત યોજનાનાં પાયાનાં ઘટકોની સમજ મેળવી લઈએ. આ રહ્યાં એનાં છ મુખ્ય પાસાં.

(૧) દરેક સંસ્થા, ભલે તે ગમે તેટલી નાની કેમ ના હોય, પોતાને ત્યાં શિક્ષકોના વ્યાવસાયિક વિકાસ માટેનો એક વિભાગ શરૂ કરે, તેનું માળખું વિકસાવે, તેના માટે બજેટની જોગવાઈ કરે અને તેની કાર્યપદ્ધતિની રૂપરેખા તૈયાર કરે.

(૨) શિક્ષણ સંસ્થાની નજીકમાં આવેલી અન્ય દસ જેટલી સંસ્થાઓ આ કામગીરીના સંકલન અને સંયોજન માટે ઝૂમખાં (Cluster) રચે અને તેની કાર્યપદ્ધતિની રૂપરેખા તૈયાર કરે.

(૩) શિક્ષણસંસ્થાઓનું પ્રત્યેક ઝૂમખું નજીકની PTC/B.Ed/DIET/CTE વગેરે જેવી તાલીમીસંસ્થા સાથે પોતાનું સંકલન સ્થાપે અને સહિયારી કાર્યવાહી તથા કાર્યપદ્ધતિની રૂપરેખા વિકસાવે.

(૪) દરેક સંસ્થા/ તેમજ દરેક ઝૂમખું શિક્ષકત્ત્વનાં દસ ઘટકોને લગતા વિવિધ, ઊતરતી-ચઢતી કક્ષાના, એક વર્ષ દરમિયાન હાથ ધરવાના તાલીમ કાર્યક્રમનું કેલેન્ડર વિકસાવે, અમલમાં મૂકે, મૂલ્યાંકન કરે અને યોગ્ય પ્રસિદ્ધિ આપે.

(૫) દરેક સંસ્થા / તેમજ દરેક ઝૂમખું એના

તમામ કાર્યક્રમો માટે જરૂરી Resource Material / Resource Personnelની ઉપલબ્ધિ, ઉપયોગ, તાલીમ, જાળવણી વગેરેનાં આયોજનો કરે. આ બાબતે, બે નવા પ્રયોગો કરવા માટેના કાર્યક્રમો વિચારવા રહ્યા. એક, દરેક સંસ્થામાં / દરેક ઝૂમખામાં Role Models બની શકે એવા શિક્ષક/ અધ્યાપક/આચાર્યને પસંદ કરવા અને તેમના સક્રિય કાર્યાન્વયનના કાર્યક્રમો નક્કી કરવા.

બીજું, દરેક સંસ્થા Mentor – Menteeની નવી વ્યવસ્થા ઊભી કરે, વિકસાવે, પ્રોત્સાહિત કરે અને ઝૂમખામાં પ્રવેશાવે. આવા Mentor (માર્ગદર્શક, સલાહકાર, નિષ્ણાંત, સહાયક) જુદાજુદા વિષયો માટે હોઈ શકે, તેમજ શિક્ષણેતર પ્રવૃત્તિઓ જેવી કે સર્જનશીલતા, વ્યક્તિત્વવિકાસ વગેરે ક્ષેત્રે પણ હોઈ શકે.

(૬) દરેક સંસ્થા / ઝૂમખા કક્ષાએ સંસ્થાસ્થિત તાલીમની આ નવી વ્યવસ્થાની દાર્શનિક અને વ્યવહારુ બાજુ સંગીન, આધુનિક અને સક્ષમ બનાવતા રહેવા માટે સંશોધનની વ્યવસ્થા ઊભી કરવી. આ માટે તો રાજ્ય સરકાર કેન્દ્રસરકાર, UGC/NCERT, ICSSR જેવી દેશની સંસ્થાઓ અને WIPRO, INFOSYS, Belinda Gates જેવાં પ્રતિષ્ઠાનો મબલખ નાણાં ઉપલબ્ધ કરાવતાં હોય છે. તેનો લાભ લેવો જોઈએ.

**સમાપન :** સંસ્થાસ્થિત શિક્ષકતાલીમ (Inhouse Teacher) Human Resource Development)નો ખ્યાલ ઘણો નવો છે, પણ એ ઘણો ઉપયોગી છે. તેનું સૈદ્ધાંતિક વાજબીપણું સ્વાયત્તતાના વિશ્વાસ પર આધારિત છે. શૈક્ષણિક સ્વાયત્તતા તો હવેના વૈશ્વિકીકરણના યુગનો એક મહત્ત્વનો મંત્ર છે, જેનાં મૂળિયાં (L.P.G.) Libralisaton, Privatisation, Globalisationની પડકારની વિભાવનામાં રહેલાં છે. અલબત્ત, આ વિચારનું અનુકરણ અને અમલ સૌના પક્ષે ધીરજ, પ્રામાણિક અર્પણ ભાવના અને 'Can do'ના આક્રમક જોસ્સાની અપેક્ષા રાખે છે. એમ ન કરવું હોય તો, અકર્મણ્યતાના માહોલમાં જીવન તો જીવાતું જ રહેશે; પણ એમાં પ્રાણ નહીં હોય. શિક્ષણનો કોઈપણ સાચો જીવ કદાપિ પ્રાણહીન જીવનરાહ પસંદ નહીં કરે એ યાદ રાખીએ. એ માટે તો ઇંગ્લેન્ડના રાષ્ટ્રકવિ સ્વ. જ્હોન મેઇસ ફિલ્ડે રાષ્ટ્રના શિક્ષકજોગ કરેલી આ હાકલ હૃદયમાં સંઘરવી રહી, જીવનમાં ઉતારવી રહી. આ રહી એ હાકલ :

## TO THE NATION'S TEACHER

Therefore go forth, companion,
When you find no highway, no track,
All being blind,
The way to go shall glimmer
In thy mind.

Though you have conquered the earth
And charted the sea,
And planned the course of all the stars
That be,
Adventure on,
More wonders are in thee.

Adventure on
For from the littlest clue
Has come whatever worth
Man ever knew,
And the next to lighten all men,
May be you.

– John Masefield

# ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પડકારો

**પ્રવીણ ક. લહેરી**

ગુજરાત રાજ્યની સ્થાપનાને ૫૧ વર્ષ થયાં. ગુજરાતે કૃષિ, ઉદ્યોગ અને સેવાના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. છેલ્લાં દસ વર્ષમાં કૃષિક્ષેત્રે થયેલ અભૂતપૂર્વ વિકાસ માટે આપણે સરસ મજાના ચોમાસા અને જળસંચયના ક્ષેત્રે નર્મદાની મહાયોજનાથી નાનકડાં ખેત-તલાવડીના આભારી છીએ. ઔદ્યોગિક ક્ષેત્રે મોટા મૂડીરોકાણ માટે ગુજરાતને અગ્રતા આપતા ઔદ્યોગિક ગૃહો અને સાહસિકોના પ્રયાસોને બિરદાવીએ તે ઉચિત છે. સેવાક્ષેત્રે ગુજરાતની પ્રજાની નવું શીખવાની અને સાહસ કરવાની વૃત્તિને ઝડપી વિકાસ માટે યશ આપીએ તે યથાર્થ છે. યુવાપેઢીએ અનેક સમસ્યાઓ વચ્ચે ગુજરાતની આર્થિક પરિસ્થિતિ સુદઢ કરવામાં સિંહફાળો આપ્યો છે. ગુજરાત આજે તો વિકાસનું એક આદર્શ ઉદાહરણ બની ગયું છે. આપણી સિદ્ધિઓ માટે ગૌરવ અને સંતોષનો અનુભવ એ સહજ છે. સાથેસાથે આપણે વિકાસ પ્રક્રિયાની શક્તિ અને મર્યાદા પણ સમજવાં જ રહ્યાં. વિકાસનો તેજીલો તોખાર આપણને એક માર્મિક લોકગીતની યાદ અપાવે છે.

**'ઘોડાં તું મેં ગુણ ઘણાં, અવગુણ પણ ભરપૂર;**
**છેટેથી ભેળાં કરે, લઈ જાય દૂરમ દૂર'**

વિકાસનાં ફળોની જ્યારે સમાન વહેંચણી નથી થતી ત્યારે વિષમ પરિસ્થિતિ સર્જાય છે. આ સમસ્યાઓને નજર અંદાજ કરવા જેવી નથી.

શિક્ષણ એ સમાજ અને વ્યક્તિના ઘડતરનું એક મજબૂત અને અસરકારક માધ્યમ છે. આર્થિક રીતે સદ્ધર દેખાતા ગુજરાતમાં અનેક સ્થળો, વિવિધ સમૂહો અને લાખો પરિવાર વિકાસના લાભોથી વંચિત છે. આ કારણે જ અનેક પ્રયત્નો બાદ ગુજરાતનો માનવ વિકાસ સૂચકાંક નીચો છે, ચિંતાજનક છે. ખાસ કરીને શૈક્ષણિક વિકાસના માપદંડોમાં ગુજરાત ઊણું ઊતરે ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે આવું કેમ ?

## ૧. નિરક્ષરતા :

આઝાદી પહેલાં વડોદરા, ગોંડલ, ભાવનગર, પાલનપુર જેવાં રાજ્યોના રાજાઓએ શિક્ષણક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરી હતી. કન્યા-કેળવણીના ક્ષેત્રે પણ સુંદર વ્યવસ્થા હતી. કમનસીબે આજે પાંચ દાયકાના પ્રયત્નો બાદ સાક્ષરતા અને ખાસ કરીને સ્ત્રી-સાક્ષરતાના ક્ષેત્રે આપણે લાંબી મજલ કાપવાની છે. ૨૦૨૧ની વસ્તી ગણતરીમાં સાક્ષરતાના ક્ષેત્રે ગુજરાતનો ક્રમાંક એક હોય તે દિવાસ્વપ્ન નથી. સાધનો છે, શિક્ષકો છે, શાળાઓ છે. જ્ઞાન માટે ઉત્સુકતા છે પણ દુર્ગમ વિસ્તારોની ગામડાંની અને ગરીબ વિસ્તારોની શાળાઓનું સંચાલન આમૂલ પરિવર્તન માગે છે. દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો વ્યવસ્થિત ઉપયોગ, સતત કાળજી અને સામૂહિક આયોજન દ્વારા નિરક્ષરતાને મિટાવી દેવાનું કામ ગુજરાત માટે અશક્ય નથી – મુશ્કેલ પણ નથી. જરૂર છે લોકસહયોગની, સંવેદનાની, ઢાંચા બહાર નીકળવાની તૈયારીની અને શિક્ષકોની સમર્પણ ભાવનાની.

## ૨. સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા થતું શોષણ :

શિક્ષણના અનેક હેતુઓમાંનો એક હેતુ 'સમાન તકનું નિર્માણ કરવાનો' છે. તેથી શિક્ષણ

એ રાજ્યની પ્રાથમિક ફરજોમાં મહત્ત્વની જવાબદારી છે. નાણાંકીય સાધનોની મર્યાદા સમજી શકાય પણ તે બહાના હેઠળ હજારો સંસ્થાઓ રાતોરાત બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળે ત્યારે પ્રશ્ન એ થાય કે અભ્યાસની તક ધનવાન માટે જ ? ગરીબ કે મધ્યમવર્ગના તેજસ્વી વિદ્યાર્થીએ કાં તો ઉચ્ચ અભ્યાસથી વંચિત રહેવાનું કે દેવાદાર થવાનું ? ૨૦૦૧માં પ્રાથમિક શિક્ષણ તાલીમાર્થીઓ (પી.ટી.સી.) માટે ૧૪૦૦૦ જેટલી બેઠકો અને ૧,૩૫,૦૦૦ જેટલા પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારો હતા. ૧૪૦૦૦થી વધારે પ્રાથમિક શિક્ષકોને વર્ષ દરમિયાન નોકરી મળવાની શક્યતા નહીંવત્ પણ ૧૦ વર્ષમાં તાલીમાર્થી માટેની બેઠકો ૪૫૦૦૦ અને ઉમેદવારો ૧૫૦૦૦ કેમ થઈ ગયા ? આવી પરિસ્થિતિ માટે કોણ જવાબદાર ? ધો.૧૨ના વિજ્ઞાન પ્રવાહના ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થીઓ કરતાં ઇજનેરી, મેડિકલ, બી.એસસી. વગેરે બેઠકોનો સરવાળો વધારે ! એક જ વર્ષમાં 'ફી નિર્ધારણ સમિતિ' ૩૦-૩૫ ટકાનો વધારો મંજૂર કરે ત્યારે વિચાર આવે કે ૧૦ ટકાની મોંઘવારી સામે આવો તોતિંગ, કમરતોડ વધારો કોના લાભમાં ? ઊંચી ફી વસૂલતી શાળા કે કૉલેજોની કોઈ આર્થિક ભીંસ અનુભવતા હોનહાર વિદ્યાર્થી પ્રત્યે કોઈ સામાજિક જવાબદારી ખરી કે નહીં ? સંસદનો શિક્ષણ અધિકાર, કાયદો તમામ ખાનગી શાળાઓમાં ગરીબ બાળકો માટે અનામત ફરજિયાત બનાવે છે પણ ગુજરાતમાં તેનો અમલ કેમ નહીં ? આ અંગેની ફીનો ખર્ચ કોના શિરે ? રાજ્ય સરકારના કે ભારત સરકારના તેવો વિવાદ થવાથી ખાનગી શાળાના સંચાલકો હરખાય છે અને ગરીબ બાળકો વૈભવી શાળા તરફ મીટ પણ માંડી શકતાં નથી. ભારત સરકાર કે રાજ્ય સરકારનાં નાણાં અંતે તો પ્રજાના જ પૈસા છે. મતભેદોના નિરાકરણ માટે પાંચ વર્ષે નાણાં પંચ રચાય તેવી બંધારણીય જોગવાઈનો યથાયોગ્ય અમલ ૬૫ વર્ષથી થાય છે. તે પ્રમાણે કરવાના બદલે વંચિતોને ખાનગી શાળામાં દાખલ ન થવા દેવાની વૃત્તિ પીડાદાયક છે.

### ૩. ખાલી જગ્યાઓનો ખાલીપો :

આજની શિક્ષણ પ્રણાલીમાં શિક્ષકોનું હોવું અનિવાર્ય છે. વર્ષોથી મથામણ પછી તે અંગેના માપદંડો પણ સ્થાપિત થયા છે. ગુજરાતને ૧૯૯૦માં એક નાણાં વિભાગના અધિકારીની અધકચરી સમજણના કારણે 'કોઈ ખાલી જગ્યા ભરવી નહીં'એ શિક્ષણ વિભાગ માટે વેદવાક્ય બની ગયું છે. બિનશૈક્ષણિક કર્મચારીને તો અનાવશ્યક કક્ષામાં ગણી તેની સંખ્યા ઘટે તે માટે કોઈ કસર છોડવામાં આવતી નથી. કમ્પ્યૂટર અને અદ્યતન સવલતોના કારણે સંખ્યા અંગેના માપદંડો સુધારી શકાય પણ શાળા અને શિક્ષકો પર બિનશૈક્ષણિક કામોનો બોજો કે જરીપુરાણી ઘરેડમાં કામ કરતી શિક્ષણ વિભાગની કચેરીઓની બિનકાર્યક્ષમતા અંગે કોઈ વિચારણા જ નથી કરવાની ? જ્યાં સુધી શિક્ષણની કચેરીઓને ચુસ્ત અને જવાબદાર બનાવવામાં ન આવે ત્યાં સુધી મૂલ્ય આધારિત શિક્ષણ એ એક તરંગ જ રહેશે. માપદંડોની સમયમર્યાદામાં પુનઃવિચારણા કરી તે મુજબ તમામ શાળાઓ-કૉલેજોને વિકેન્દ્રિત ધોરણે ભરતી કરવા માટેની સ્વાયત્તા વિના સરકારી સહાયથી ચાલતી સંસ્થાઓ કફોડી હાલતમાં છે તે ક્રમશઃ વિનાશના મુખમાં ધકેલાઈ જશે.

### ૪. શિક્ષણના માધ્યમની ભાષા :

ગુજરાતના શિક્ષણમાં ૧૯૫૦થી તમામ સ્તરે માતૃભાષા અપનાવવામાં આવી. અંગ્રેજી તદ્દન નાબૂદ કરી શકાશે તેવા ખ્યાલમાં તેનું શિક્ષણ મર્યાદિત કરી દેવામાં આવ્યું. ગુજરાતીનો વપરાશ

વધ્યો પણ તેને જ્ઞાનનું માધ્યમ બનાવવા માટે જે સર્જન અલગ-અલગ વિષયોમાં થવું જોઈએ તેની સદંતર ઉપેક્ષા થઈ. શિક્ષકોનો અભિગમ અને 'કલિકાલે સંઘશક્તિ'નો મુદ્રાલેખ અપનાવી જે કાર્યપદ્ધતિ અપનાવવામાં આવી તેનાથી ગુજરાતના શિક્ષણ ક્ષેત્રમાં અનંત, અંધકારમય કળિયુગ સ્થિર થયો. હવે તેને જડમૂળમાંથી દૂર કરવાના બદલે પક્ષીય ધોરણે તમામ નિમણૂકો કરીને વિદ્વત્તાની જગ્યાએ વિતંડાવાદને આગળ કર્યો. કુશળતાની જગ્યાએ સંબંધો કામ કરી ગયા અને અધ્યાપકો પણ સ્વનિર્ભરના સંચાલકો તરીકે પ્રતિષ્ઠિત થઈ જીવનની ધન્યતા અનુભવવા લાગ્યા. પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણમાં અંગ્રેજીની બોલબાલા થઈ. માતૃભાષા માતાના દૂધ સમાન છે તેવી સૂફીયાણી સલાહ વાલીઓને ગળે ન ઊતરતાં 'માધ્યમ ગુજરાતી પણ ઉત્તમ અંગ્રેજી' ઉક્તિ ચલણમાં આવી. ગુજરાતી શાળા કે કૉલેજ માટે ગુજરાતી માધ્યમના વર્ગોમાં (ખાસ કરીને શહેરી/અર્ધશહેરી વિસ્તારોમાં) વિદ્યાર્થીઓ મળવા મુશ્કેલ બન્યા. છેલ્લા દસ વર્ષમાં કોઈએ સ્વનિર્ભર ધોરણે ગુજરાતી શાળા શરૂ કરી હોય તેવો કિસ્સો જાણમાં નથી. આવું થયું હશે તોપણ તે નિશ્ચિત રીતે અપવાદ જ છે. અંગ્રેજી માધ્યમની મોટી મોંકાણ એ નથી કે તે વિદેશ ભાષા છે. તેની મોટી સમસ્યા તો અંગ્રેજીમાં સારી રીતે લખી શકે, વાંચી શકે કે બોલી શકે તેવા શિક્ષકોની તીવ્ર તંગીની છે. માધ્યમ અંગેની ચર્ચામાં માતૃભાષાના સમર્થકો ભાવનાશીલ છે પણ વાસ્તવિકતાનો અંદાજ મેળવવામાં લાગણીનો અતિરેક અંતરાયરૂપ છે. ચૂપચાપ અંગ્રેજી માધ્યમ અપનાવતી સંસ્થાના સંચાલકો એટલા વાસ્તવવાદી અને લાગણીશૂન્ય છે કે તેઓ ગુજરાતીને ભાષા તરીકે ભણાવવાની આવશ્યકતા જોતા નથી. રસોઈ શો હોય કે કટાર લેખકનો લેખ હોય સ્વાદના બદલે 'ટેસ્ટ' અને સફળતાને બદલે 'સક્સેસ' બોલવા-લખવામાં જ તેમનું વ્યક્તિત્વ સોળે કળાએ દીપી ઊઠે છે. આ 'ગુજલીશ' સંવાદનું માધ્યમ બની છે. શિક્ષણના વર્ગોમાં પણ તેનો ચેપ લાગશે ત્યારે કરીશું શું ?

## ૫. શિક્ષણની ગુણવત્તા :

શિક્ષણની ગુણવત્તાની ચર્ચા નીકળી તો કોઈકે કહ્યું કે, 'આ બે શબ્દો વિરોધાભાસી શબ્દોની યાદીમાં સામસામે મૂકી શકાય તેવી સ્થિતિ છે.' શિક્ષણમાં પહેલાં શિક્ષકોના આંદોલન અને સંચાલકો દ્વારા શોષણની ઘટનાઓ બની, પછી સરકારી હસ્તક્ષેપ સાથે તમામ વહીવટી દૂષણોનો પગપેસારો થયો, ત્યારબાદ શિક્ષણ શોષણ, વ્યાપારીકરણ અને નિમ્ન ગુણવત્તા અંગે સ્વનિર્ભર થયું છે. ગુજરાતના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં 'ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ' થાય, 'કંપની સેક્રેટરી' થાય પણ પ્રતિષ્ઠિત પ્રબંધન (મૅનેજમેન્ટ) સંસ્થા કે ઉચ્ચ ટૅક્નિકલ શિક્ષણ સંસ્થા (આઈ.ટી.આઈ.)માં તેની સંખ્યા અલ્પ હોય. સ્પર્ધાત્મક પરીક્ષા દ્વારા અખિલ ભારતીય સેવાઓમાં (આઈ.એ.એસ., આઈ.પી.એસ. કે આઈ.એફ.એસ.) પણ પરીક્ષા આપવાની હિંમત જ ન કરે તેવા ડિગ્રીધારકો શિક્ષણની ગુણવત્તાના અભાવના જીવતા-જાગતા પુરાવાઓ છે. 'ટ્યૂશન અને કોચિંગ ક્લાસીસ'ની બદી ન હોત તો સંભવ છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓમાં પ્રવેશ જ મેળવી શક્યા ન હોત. શિક્ષણમાં લાગવગ, આળસ, બેજવાબદારી અને વધતી હિંસાનું વાતાવરણ જામ્યું છે તે સત્વરે અને સખ્તાઈથી દૂર ન થાય તો આપણી આવતીકાલ 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા' જેવી તો નહીં જ હોય.

સમસ્યાઓનું વર્ણન કરવાથી તેનો ઉકેલ આવી ન જાય તે સત્ય છે. સમસ્યાઓની યથાતથા સ્થિતિ સમજ્યા વિના અને સચોટ ઉપાય કર્યા વિના ગુજરાતનું સ્થાન શિક્ષણક્ષેત્રે અગ્રહરોળમાં નહીં આવે. દસ વર્ષમાં શિક્ષણનો કાયાકલ્પ કરવા માટે પ્રતિબદ્ધ થવું અનિવાર્ય છે. અન્યથા આપણી ભાવિ પેઢી મરણોન્મુખ જટાયુ મારફત કવિ સિતાંશુભાઈના શબ્દોમાં કહેશે :

**'આ અણસમજુ વન વચ્ચે મારે મરવાનું છે આમ ?**
**નથી દશાનન દક્ષિણે અને ઉત્તરમાં નથી રામ'**

અને ગુજરાતના ભાવિ નાગરિકોની દશા જોઈને કવિ કરસનદાસ માણેકના શબ્દોમાં પ્રભુ સજળ નેત્રે હશે.

**ખીલું ખીલું કરા માસૂમ ગુલ સૂમ શિક્ષકને સોંપાણા;**
**કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં !**
**વસંત વર્ષા ગ્રીષ્મ શરદના ભેદ બધાય ભુલાણાઃ**
**જીવન મોદ તણા લઘુમતમાં પ્રગતિપદ છેદાણાં;**
**હર્ષ ઝરણ લાખો હૈયાનાં ઝબક્યાં ત્યાં જ ઝલાણાં;**
**લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણ વિકસ્યાં જ સુકાણાં;**
**તે દિન આંસુભીનાં રે,**
**હરિનાં લોચિનિયાં મેં દીઠાં !**

ભૌતિક વિકાસની દોડમાં તેજ રફતારથી દોડતી પ્રજા માટે શિક્ષણક્ષેત્ર કોઠાસૂઝ, ડહાપણ અને દીર્ઘદષ્ટિ દ્વારા ભવિષ્યના પડકારો માટેની સજ્જતા વિકસાવવા માટે આ એક અવસર છે. ગતિશીલ શિક્ષણ એ જ્ઞાનયુગની મૂલ્યવાન સંપત્તિ છે. તેની માવજત કર્યા વિના વિકાસની ગાડીનું ગંતવ્ય સ્થાન જ બદલાઈ જશે. આશા રાખીએ કે ગુજરાત અન્ય પડકારોને જેમ પહોંચી વળ્યું તેમ આ ક્ષેત્રે પણ પોતાના કૌવતનું દર્શન કરાવી તિમિરમાંથી તેજનું કિરણ ઉજાગર કરશે.

# છલોછલ શિક્ષકત્વ

**ડૉ. પુરુષોત્તમ ગો. પટેલ**

કેટલાંક નયનરમ્ય દશ્યથી હૈયું ઠરે છે :

બસ-સ્ટેશન કે રેલવેસ્ટેશનની ભીડ હોય અને કોઈની પણ લાજશરમ રાખ્યા વગર, એક માતા ખૂણામાં પોતાની છાતીએ પોતાના બાળકને વળગાડીને ધવડાવતી હોય. માતાની છાતી છલકાતી હોય અને ભૂખ્યું બાળક બચબચ ધાવતું હોય. માતા ખુલ્લી કે બંધ આંખે સમાધિ અવસ્થામાં હોય છે.

સંધ્યાટાણે ગાયોનું ધણ નેસડામાં પાછું ફરતું હોય, તેમાં ગાયમાતાના થાન ઊભરાતાં હોય, તે દોડતી વાછરડાને ધવડાવવા મંડી પડે છે. વાછરડાં પણ પોતપોતાની માતાને ગોતી-ઓળખી બચબચ ધાવવા લાગે છે. વાછરડાના હોઠોથી ટપકતા દૂધનું ફીણ, મધઝરતું ફીણ, ચાટવાનું મન થઈ આવે તેવું હોય છે. ગાયમાતા ખાંગી થઈ ઊભી રહે છે તે સમાધિ અવસ્થામાં હોય છે.

આવાં છલોછલ ઊભરાતાં માતૃત્વનાં દર્શન પ્રાણીમાત્રમાં ઠેરઠેર જોઈ શકાય છે. ક્યારેક આવું જ અને ક્યારેક તો તેનાથી પણ અધિક રળિયામણાં દશ્ય જોવા મળે છે – શાળા, મહાશાળાના વર્ગખંડોમાં. જ્ઞાન અને પ્રેમથી ઊભરાતો એક શિક્ષક પોતાના વર્ગખંડમાં નિયમબદ્ધ, શિસ્તબદ્ધ

રીતે પહોંચી જઈ બાળકોને ભણાવવામાં રમમાણ થઈ જાય છે. આવા છલોછલ શિક્ષકત્ત્વથી ઊભરાતા એ શિક્ષકને તો પછી દુનિયા ઝખ મારે છે. વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપનની મસ્તીમાં સમાધિ લાગી જાય છે. પોતાના આ શિક્ષકને વિશ્વના કોઈપણ પાત્રથી શ્રેષ્ઠ સમજતા એ ટાબરિયાં-કિશોરો-યુવાનો પહોળી-પહોળી આંખોથી છલોછલ ઊભરાતા શિક્ષકત્ત્વને આકંઠ પીતા હોય છે. આવા શિક્ષકત્ત્વને કવિરાજ ઉમાશંકર જોશી સાથે હૃદયનાં વંદન !

**'બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,**
**વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.**

**– ઉમાશંકર જોશી**

અધ્યયન દરમિયાન આવું મધુરત્વ પામનારના જીવનમાં એક અમર યાદ બની રોમેરોમ પ્રસરી જાય છે. આવા બાળક વયસ્ક નાગરિક બની સફળતાનાં ક્ષેત્રો હાંસલ કરે તોપણ તેના હૃદયપટલ ઉપર તો તે શિક્ષકની મૂર્તિ અંકિત થઈ જાય છે. શિક્ષકત્ત્વ છલકાતા એ શિક્ષકને કોઈ ઍવૉર્ડ કે શાળા અથવા નગરના પ્રાંગણમાં આરસની પ્રતિમાની કોઈ ખેવના નથી હોતી.

'ઝીણાભાઈ ! ઝીણાભાઈ !' બોલતું ટાબરિયું સી.એન. વિદ્યાવિહારના પ્રાંગણમાં આવી ઝીણાભાઈ 'સ્નેહરશ્મિ'ને વળગી પડે. ઝીણાભાઈ તેને ઊંચકી લઈ, બકી ભરે. ઝીણાભાઈના સફેદ બાસ્તા જેવા એ ઝભ્ભા ઉપર ધૂળનાં ધાબાં પડે પણ ઝીણાભાઈ તો ખિલખિલાટ હસી જ પડે અને બાળક દોડતું ટોળામાં અદશ્ય થઈ જાય છે ને પરસ્પર એકત્વ !

કાકાસાહેબ વીસમી વાર ભણાવતાં પ્રસન્નતાથી એમ સમજે અને કહે, 'ઓગણીસવાર ભણાવેલું નકામું ન જાય માટે તો આ વીસમીવાર અને ભાઈ, બીજી નવી પ્રયુક્તિની અજમાઇશ કરવાની પણ એક મજા છે ને ?!' આ છે એક સફળ શિક્ષકનું ધૈર્ય ! અને પ્રયોગશીલતા !!

નારાયણ દેસાઈના દાદા હરિભાઈ દેસાઈનો વાલોડનો એક વિદ્યાર્થી પ્રાથમિક શાળાંતની પરીક્ષામાં ગણિત વિષયમાં નાપાસ થાય છે. હરિભાઈ જાણે છે કે તેમનો આ વિદ્યાર્થી તેમની પાસે ભણ્યો હતો. તેઓએ ત્રણ માસ વાલોડમાં આ વિદ્યાર્થીને ભણાવેલો. હરિભાઈ તે વિદ્યાર્થીને આત્મવિશ્વાસ સાથે કહે છે, 'તું મારી પાસે ત્રણ માસ ભણ્યો છે તો નાપાસ થાય જ નહીં.' સુરત જિલ્લા કચેરીમાં જઈ ઉત્તરવહી તપાસડાવે છે. તે વિદ્યાર્થી પાસ થયો હતો, ભૂલથી નાપાસ જાહેર થયેલો. તે વિદ્યાર્થી શિક્ષક થાય છે અને પોતાના ગુરુ માટે ગૌરવની લાગણી અનુભવે છે. કેવો હતો એક પ્રતિબદ્ધ શિક્ષકનો આત્મવિશ્વાસ અને વ્યવસાય પરત્વેની નિષ્ઠા !

આવા અનેક શિક્ષકોથી સમાજનું નવનિર્માણ થાય છે. આવી વત્સલ મૂરતને આરસની મૂર્તિની શી જરૂર ? તે તો અનાયાસે, સહજ રીતે, શિક્ષકત્ત્વની સમાધિના આધારે, બાળકોના હૈયામાં વસેલો હોય છે. આ પ્રેમબીજ જ્યારે તે બાળકના સફળતાના શિખરે, એક ઊંચાઈએ પહોંચે છે ત્યારે તે વટવૃક્ષની માફક પાંગરેલું અને છવાયેલું રહે છે. સફળતાના શિખરે બિરાજમાન વ્યક્તિ તો સમાજ માટે ઉદાહરણીય છે. આ વ્યક્તિઓ પોતાના અંતરપટ પર અંકિત શિક્ષકની મૂર્તિને ગુરુ તરીકે સ્મરતા હોય છે. આવા પ્રતિબદ્ધ-નિષ્ઠાવાન શિક્ષાગુરુઓ ક્યારેક દીક્ષા ગુરુઓથી પણ વધારે ઊંચું સ્થાન પ્રાપ્ત કરતા હોય છે.

શાળા-મહાશાળાના અભ્યાસક્રમના એકમોનું અધ્યાપનકાર્ય કરનાર 'શિક્ષક' કહેવાય છે અને

ધર્મ-આધ્યાત્મકનું પ્રબોધન કરનાર, જીવનમુક્તિનો માર્ગ બતાવનાર 'ગુરુ' કહેવાતા હોય છે. મોક્ષદાયિની વિદ્યા આપનાર 'વિદ્યાગુરુ' કહેવાય છે જ્યારે વર્ગખંડમાં અધ્યાપન કરનાર 'શિક્ષાગુરુ' કહેવાય છે. વિદ્યાર્થીને જીવનભર યાદ રહી જનાર અને શિક્ષણને જીવન સાથે સાંકળી ઉત્કૃષ્ટતા માટે સંદેશ આપનાર શિક્ષક 'દીક્ષાગુરુ' સમાન કે ક્યારે વિશેષ સન્માનપૂર્ણ સ્થાન ધરાવતા હોય છે. આવા શિક્ષકો ખૂબ ધનવાન કે જ્ઞાનવાન ન હોય વ્યાવસાયિક ફરજમાં ઉચ્ચ નિષ્ઠા ધરાવતા હોય છે. આ નિષ્ઠાને શિક્ષકની વ્યાવસાયિક પ્રતિબદ્ધતા કહે છે, પ્રતિબદ્ધતા એટલે કોઈપણ શુભકાર્ય કોઈપણ ભોગે પૂર્ણ કરવાની આંતરિક પ્રતિજ્ઞા. આ પ્રતિજ્ઞા જાહેરમાં લેવાયેલી નથી હોતી. શાળાના તંત્રવાહકો, વાલીઓ, વિદ્યાર્થીઓ કે તેમના સાથીદાર તે અંગે જાણતા નથી હોતા. અરે, ક્યારેક પોતે પણ આવી પ્રતિજ્ઞા અંગે સજાગ કે સભાન નથી હોતા પણ જીવન-નિષ્ઠામાંથી પ્રગટેલી કાર્યનિષ્ઠામાં તે પ્રતિબદ્ધતાનાં દર્શન થાય છે.

પ્રેમથી-શિક્ષકત્ત્વથી છલોછલ ઊભરાતો પોતાના શિષ્યને પુત્રવત્ ચાહે તો છે જ પણ તેમની ખામીઓ, અવળચંડાઈઓ કે તોફાનોને સહન કરી લઈ પ્રેમપૂર્વક સુધારે છે.

**'બાળક વ્હાલાં જેમને, ઘોંઘાટે ન મૂંઝાય,**
**સદાય શાંતિ જાળવે, તે શિક્ષક કહેવાય.'**

**– ગિરીશભાઈ ભટ્ટ**

પોતાના વિદ્યાર્થી ઊંચી સિદ્ધિ મેળવે તે માટે તેમની લગની હોય છે, પોતાના વિદ્યાર્થીને વિકસાવવાનું જોશ હોય છે. વર્ષાઋતુનાં પાણીથી સભર ઘનઘોર વાદળાંની માફક તે વરસ્યા જેવા રહી શકતો નથી. આ વાદળાં પક્ષપાત વગર ખુલ્લા ખેતરમાં – વર્ગખંડમાં જ્ઞાનસભર શિક્ષક – વરસી જતાં હોય છે.

છલોછલ શિક્ષકત્ત્વ શિષ્યોને રોમેરોમથી ભીંજવી જતાં હોય છે, સ્પર્શી જતાં હોય છે અને સ્વવિકાસની 'આત્મદીપો ભવ'ની કેડી પર મૂકી દેતાં હોય છે.

ખલીલ જિબ્રાન કહે છે :

**'મંદિરની છાયામાં વિદ્યાર્થીગણ વચ્ચે**
**ચાલનારો શિક્ષક**
**પોતાના ડહાપણમાંથી કશું આપતો નથી,**
**પણ પોતાની શ્રદ્ધા અને પ્રેમના જ કંઈક**
**અંશ આપે છે.'**

('વિદાય વેળાએ')

આવા શિક્ષકો સમાજમાં સહજ રીતે પ્રતિષ્ઠિત હોય છે. તેમને પ્રતિષ્ઠાની કોઈ ખેવના જ હોતી નથી. તેઓ તો આત્મનિરીક્ષણ કરી પોતાના હિસાબ રાખતા હોય છે. શિક્ષકત્ત્વથી છલોછલ છલકાતા ઉમાશંકર જોશી આવા સ્વવિકાસ અને જાતતપાસનું કાવ્ય આપે છે – 'શિક્ષક'

**હું છું શિક્ષક**
**ચાલે મારી અહો અહોનિશ શાળા !**
**કોણ હશે ત્યાં બાળકબાળા ?**
**શાળા મારી સૂની છેક જ,**
**મળ્યો શિષ્ય છે મુજને એક જ.**
**કોણ હશે એ !**
**દર્પણ માંહી જેહ દીસે એ.**

તેથી જ તો વાત્સલ્યમૂર્તિ લોકશિક્ષક રવિશંકર દાદા કહે છે : 'શીખે તે શિક્ષક.' શિક્ષકત્ત્વથી છલકાતો શિક્ષક કેવળ વર્ગખંડમાં નહીં પણ સમગ્ર જીવનમાં પ્રેમથી ઊભરાતો રહે છે, આત્મતૃપ્તિ અનુભવે છે. આવા શિક્ષકના જીવનમાં માત્ર 'સાફલ્ય'ના ચાંલ્લા નથી હોતા પણ 'સાર્થક્ય'નું ચંદન મહેકતું હોય છે.

# એક અપરાધકથા

**મોહનલાલ પટેલ**

ત્રીજી પંચવર્ષીય યોજના વિચારાધીન હતી ત્યારે વડાપ્રધાન નહેરુએ એ યોજનામાં એક લક્ષ્યરૂપે સમાવી શકાય એ માટે એક બાબતે આયોજકોને વિચારતા કર્યા.

નહેરુની નજર સમક્ષ એવા કિશોરો હતા જેમનો અભ્યાસ છૂટી ગયો હોય અને જે દિશા-દોર વગર રખડતા થઈ ગયા હોય અથવા હોટલો, વીશીઓ કે કારખાનાંઓમાં કે અન્ય સ્થળે બાળમજૂર તરીકે કૂટાતા હોય.

આવા કિશોરોને આ સ્થિતિમાંથી ઉગારી લઈને એમના ભવિષ્યને ઊજળું બનાવવાના હેતુથી ત્રીજી પંચવર્ષીય યોજનામાં પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્રો સ્થાપવાની યોજના લક્ષિત થઈ. આમાં યુનિસેફનો ભરપૂર સહયોગ મળી રહ્યો.

આ યોજના હેઠળ દેશમાં આવાં ૬૫ કેન્દ્રો સ્થાપવાનો નિર્ણય લેવાયો. ગુજરાતમાં આવાં ચાર કેન્દ્રોની સ્થાપના થઈ. જેમાંનું એક સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સર્વ વિદ્યાલયને સંલગ્ન સ્થપાયું.

યુનિસેફ, કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું આ સંયુક્ત સાહસ.

ચોથું ધોરણ પાસ કર્યું હોય એવા ૧૧થી ૧૬ વર્ષની ઉંમરના કિશોરોને આ કેન્દ્રમાં પ્રવેશ મળતો. અભ્યાસક્રમ ત્રણ વર્ષનો. ગુજરાતી, ગણિત, વિજ્ઞાન વગેરે એકેડેમિક વિષયો અને ટર્નિંગ, ફીટિંગ, સુથારી, મોલ્ડિંગ અને લો-પ્રેશર ગૅસ વેલ્ડિંગ વ્યવસાયલક્ષી ઉદ્યોગો.

તાલીમ પામેલા (બી.એડ.) બે ગ્રેજ્યુએટ શિક્ષકો એકેડેમિક વિષયો ભણાવે અને આઈ.ટી.આઈ. પછી ખાસ તાલીમ પામેલા પાંચ ઇન્સ્ટ્રક્ટરો વિદ્યાર્થીઓને ઉદ્યોગોની તાલીમ આપે. સિકન્દરાબાદના નહેરુ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ પામેલા એક કેરિયર માસ્ટર વિદ્યાર્થીઓને ઘટતી દોરવણીનું પાયાનું અને કેન્દ્રમાં સૌથી મહત્ત્વની ફરજોનું કાર્ય બજાવે.

સર્વ વિદ્યાલયના આચાર્ય કેન્દ્રના વહીવટી વડા તરીકેનું કાર્ય સંભાળે.

અન્ય સ્ટાફમાં એક કારકુન અને બે પટાવાળા જે પૈકી એક વર્કશૉપમાં અને બીજો કાર્યાલયમાં ફરજ ઉપર રહે.

કેન્દ્રના સર્વ પ્રકારના ખર્ચમાં ગુજરાત સરકારે ફક્ત સ્ટાફનો પગાર તેમ જ રીકરિંગ ખર્ચનો બોજ ઉઠાવવાનો રહે.

અન્ય બાબતોમાં –

– કેન્દ્રના મકાન-બાંધકામનો સઘળો ખર્ચ કેન્દ્ર સરકારનો

– કેન્દ્રમાં તાલીમ માટેનાં બધાં જ જરૂરી મશીનો, સાધનો, વર્કશૉપ, વર્ગો અને કાર્યાલય માટેનું સઘળા પ્રકારનું ફર્નિચર, કબાટ વગેરે તેમ જ તાલીમાર્થીઓના સ્ટાઇપેન્ડનો ખર્ચ યુનિસેફ ભોગવે. પુસ્તકાલય માટે પુસ્તકો યુનિસેફ તરફથી મળે.

(યુનિસેફ તરફથી ઇંગ્લૅન્ડ, જર્મની, જાપાન,

અમેરિકા વગેરે દેશોમાંથી શ્રેષ્ઠ પ્રકારનાં મશીનો અને સાધનો બધાં કેન્દ્રોને પહોંચાડવામાં આવ્યાં હતાં)

કેન્દ્રોનું કામ ઉત્તમ રીતે ચાલે એ હેતુથી માર્ગદર્શન પૂરું પાડવા યુનિસેફ તરફથી અવારનવાર દેશનાં જુદાંજુદાં શહેરોમાં સેમિનાર યોજવામાં આવતા હતા જે પૈકી સિકન્દરાબાદ, બેંગ્લોર (બેન્ગુલુરુ) અને કલકત્તા (કોલકાતા)ના સેમિનારો અત્યંત ઉપયોગી નીવડ્યા હતા. કલકત્તાનો સેમિનાર પૂરા ચાર દિવસનો હતો. આ સેમિનારમાં ગુજરાત સરકારના પ્રતિનિધિ તરીકે શ્રી ભામરી અને નાયબ-શિક્ષણ નિયામક કુ. ગુલબહેન બામ હાજર રહ્યાં હતાં. કેન્દ્રના આચાર્ય તરીકે મારી હાજરી પણ એ સેમિનારમાં હતી.

પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્રો તાલીમ લેનારા કિશોરો માટે તો આશીર્વાદરૂપ હતાં જ પણ એ કેન્દ્રોમાં દેશ માટે કેવા ઉત્તમ નાગરિકોનું ઘડતર થઈ રહ્યું એ અમને કલકત્તાના આ સેમિનાર દરમિયાન ત્યાંના રામકૃષ્ણ સેવાશ્રમના પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્રના કિશોરોએ રજૂ કરેલા સંસ્કાર કાર્યક્રમો ઉપરથી જોવા મળ્યું હતું.

સર્વ વિદ્યાલયના તાલીમ કેન્દ્રમાં પણ આવું જ કામ થઈ શક્યું હોત પણ ગુજરાત સરકારના કેળવણી ખાતાના ઉદાસીન અને નકારાત્મક તથા બેજવાબદાર વલણના કારણે એ ન થઈ શક્યું.

હા, ઘોર નકારાત્મક વલણ. પ્રથમ તો આરંભમાં મૂકવામાં આવેલા બે તાલીમ પામેલા સ્નાતક શિક્ષકોને બદલીને સૌરાષ્ટ્રની બે હાઈસ્કૂલોમાંથી નિવૃત્તિના આરે પહોંચેલા બે મૅટ્રિક્યુલેટ શિક્ષકોને આ કેન્દ્રમાં મૂક્યા. પૂર્વ વ્યવસાયી તાલીમ કેન્દ્રમાં એકેડેમિક વિષયો ભણાવવા માટે બી.એડ. (અથવા સમકક્ષ) સ્નાતક શિક્ષકોને મૂકવાની પૂર્વ શરત હતી તેનો ખાતાના આ પગલાથી ભંગ થયો. સેવાકાળ પૂરો કરવા માટે મહિના કે વર્ષ ગણતા શિક્ષકો કયા ઉત્સાહથી કામ કરે ? એક શિક્ષક તો મહેસાણાથી અપ-ડાઉન કરતા હતા.

કેરિયર માસ્ટરની બાબતમાં પણ ખાતાએ આવું જ બેજવાબદાર વલણ દાખવ્યું. સિકન્દરાબાદમાં તાલીમ પામેલા કેરિયર માસ્ટરને બદલે ખાતાએ માત્ર તાલીમ પામેલા સ્નાતકને મૂક્યા. આ ભાઈ ફરજનિષ્ઠ અને કાર્યકુશળ હતા એટલે કામ સારી રીતે ચાલ્યું. કામ સુપેરે ચાલતું હતું ત્યાં ખાતાએ આ કર્મચારીની બદલી કરીને એમને કેન્દ્રમાંથી ઉપાડી લીધા. એમની જગ્યા ઉપર જેમને મૂકવામાં આવ્યા એ ન તો કેરિયર માસ્ટર તરીકેની તાલીમ પામ્યા હતા કે ન તે અંગેનું પ્રાથમિક જ્ઞાન પણ હોય એવું જણાયું. ક્યારેક તો સામાન્ય બાબત સમજવાની એમની તૈયારી ન હોય એવો અનુભવ મને એમના તરફથી થયો. એક વખત ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યલ સિક્યોરિટીના એક પત્રનો ઉત્તર તૈયાર કરીને મેં એમને સરનામું કરીને દિલ્હી રવાના કરવા માટે આપ્યો. પંદરેક દિવસ પછી 'એડ્રેસી નોટ નોન' શેરા સાથે કવર પાછું આવ્યું ત્યારે ખબર પડી કે આ કેરિયર માસ્ટરે દિલ્હીના મૂળ કાગળના મથાળે ૧૨, ભાદ્રપદ અને શક વર્ષ વગેરે અંગ્રેજીમાં લખેલાં તેને સરનામું સમજીને કવર ઉપર સરનામાના મુખ્ય ભાગ રૂપે લખ્યું હતું સાચા અંશ તરીકે તો માત્ર પીનકોડ નંબર સાથે ફક્ત ન્યુ દિલ્હી જ હતું !

કેન્દ્રના હિતમાં વિચારતા હોય એવો દેખાવ કરીને એક દિવસ એમણે છ અઠવાડિયાના ગ્રંથપાલ તરીકેની તાલીમના સર્ટિફિકેટનો કોર્સ કરવા માટે અરજી લખીને જિલ્લા શિક્ષણાધિકારીની મંજૂરી માટે મોકલવા મારી સામે મૂકી. કેન્દ્રમાં ગ્રંથપાલની કોઈ જગ્યા નહોતી. એ કામ સૌએ મળીને સમજદારીપૂર્વક કરવાનું હતું. આ કેરિયર માસ્ટરે આ તાલીમ માટે અરજી શા માટે કરી હશે

એ સમજાય એવું હતું. મેં ભલામણનો શેરો કરીને અરજી શિક્ષણાધિકારી ઉપર મોકલી આપી.

અરજી મંજૂર થઈ અને એ ભાઈ કેન્દ્રમાંથી છૂટા થયા.

આ કેરિયર માસ્ટર તો ગયા, પણ કેન્દ્રને ઊલમાંથી ચૂલમાં પડવા જેવું થયું. હવે જે કેરિયર માસ્ટર તરીકે મુકાયા તે પંચમહાલ્સમાં શિક્ષણ શાસનાધિકારી (A.O.) તરીકેની ફરજ બજાવતા હતા. આવી વહીવટી અધિકારની જગ્યા ઉપરથી એમને આ કેન્દ્રમાં કેરિયર માસ્ટર તરીકે શા માટે મૂકવામાં આવ્યા હશે એ એક વિચાર માગી લે એવો પ્રશ્ન હતો. એ ભાઈ પછાત વર્ગના હતા. કાને બહેરા હતા. હિયરીંગ એઇડનો ઉપયોગ ખાસ કરતા ન હોય એવું જણાયું હતું. ખૂબ શાંત હતા. કેન્દ્રમાં એમનો જરા સરખો ઉપદ્રવ નહોતો. અમારા ઉપર એક સજ્જન તરીકેની એમની છાપ હતી. પણ કેરિયર માસ્ટર તરીકે કેન્દ્રમાં એમની ઉપયોગિતા કેટલી ?

થોડા સમય પછી એમની પણ બદલી થઈ.

એમના ગયા પછી ખાતા તરફથી કોઈ કેરિયર માસ્ટર મૂકવામાં આવ્યા નહીં. ગુજરાતનાં આ કેન્દ્રો બંધ થયાં ત્યાં સુધી કડી કેન્દ્રમાં એ જગ્યા ખાલી જ રહી.

હવે બાકી રહી જતું હોય એમ ખાતાએ કેન્દ્રમાંથી કારકુનની બદલી કરીને એમને ઉપાડી લીધા. એ જગ્યા પર કોઈને મૂક્યા નહીં.

ઑફિસને લગતું કારકુની કામ તેમ જ કેશબૂક લખવાનું કામ મારા માથે આવ્યું. સમય કાઢીને મોટા ભાગનું કામ સર્વ વિદ્યાલયના કામના કલાક પૂરા થાય એ પછી નિરાંતે કરતો.

પગાર બિલ તેમ જ સ્ટાઇપેન્ડને લગતું કામ ઇન્સ્ટ્રક્ટર ભાઈઓએ ઉત્સાહપૂર્વક ઉપાડી લીધું હતું. હવે કેન્દ્રમાં તાલીમ પામેલા સ્નાતક શિક્ષક, કેરિયર માસ્ટર અને કારકુન નહોતા. અને કેન્દ્રને ધમધમતું રાખવાનું હતું.

આ સ્થિતિમાં બે-ત્રણ વર્ષ પસાર થયાં.

ઈ. સ. ૧૯૭૭માં એક દિવસ ગુજરાતનાં બધાં પૂર્વ વ્યવસાયી કેન્દ્રો બંધ કરવા અંગેના ગુજરાત સરકારના ઠરાવની અમને જાણ થઈ. વ્યવસાયી તાલીમ કેન્દ્રોની ઉત્તમ સંસ્થાઓનો આ મૃત્યુઘંટ હતો. વડાપ્રધાન જવાહરલાલ નહેરુનાં આકાર લઈ ચૂકેલાં સ્વપ્નોનો આ ધ્વંસ હતો. સરકારે કયા બોજ હેઠળ આ પગલું ભર્યું ? ગુજરાત સરકારના માથે શો બોજ હતો એ આ લેખમાં અગાઉ કહેવાઈ ચૂક્યું છે. ફક્ત પગારનો બોજ અને સાધારણ રિકરિંગ ખર્ચ એ તે સરકાર માટે કંઈ કમરતોડ બોજ ગણાય ? તો પછી સરકારે આમ કેમ કર્યું ?

પ્રતિવર્ષ યુવાવસ્થાએ પહોંચેલા ત્રીસ કુમારો આ કેન્દ્રમાંથી ધંધાની તાલીમ પામીને વ્યવસાયમાં જોડાતા હતા. વ્યવસાયનો આ માર્ગ ગુજરાત સરકારે બંધ કરી દીધો !

કલકત્તાના સેમિનારમાં ઉત્સાહપૂર્વક હાજરી આપનાર ગુજરાત સરકારના પ્રતિનિધિ શ્રી ભામરી અને નાયબ શિક્ષણ નિયામક કુ. ગુલબહેન બામના ચિત્ત ઉપર રામકૃષ્ણ સેવાશ્રમના પૂર્વ વ્યવસાયી કેન્દ્રના કિશોરોએ રજૂ કરેલા કાર્યક્રમોની કશી છાપ અંકાઈ નહીં હોય ? સરકાર ગુજરાતનાં પૂર્વ વ્યવસાયી કેન્દ્રો બંધ કરવાનો ઠરાવ કરે એ અગાઉ કશીક રજૂઆત કરવાની એમની પહોંચ નહોતી ?

૧૯૬૫માં સ્થપાયેલા કડીના આ કેન્દ્ર તરફ બેજવાબદાર અને બેદરકારી ભર્યું વલણ દાખવ્યું અને છેવટે ૧૯૭૭માં ગુજરાતનાં અન્ય કેન્દ્રોની સાથે એને બરખાસ્ત કર્યું. કેળવણીના ક્ષેત્રે સરકારનું આ અક્ષમ્ય પગલું હતું જ, સાથે સાથે કદી માફ ન કરી શકાય એવો એક એ સામાજિક અપરાધ પણ હતો !

# Education Reforms Need Constitution Amendments

Sudhir G. Mankad

I am not an expert on Constitution but my background as an administrator, with many years of experience in the education field, has enabled me to look closely at some of the provisions in Indian Constitution in the context of education reforms.

1. Article 30 empowers all minorities the right to establish and administer educational institutions of their choice. I studied in a college established and administered by a Christian mission. We had a church in the college but I was never asked to attend a service. After five years in college, my exposure to Christianity was as rudimentary as it was when I had enrolled. We had a handful of Christian students in the College and the general environment was no different from any other college in the campus.

There are hundreds of schools and colleges in the country which get special dispensations by virtue of being a minority institution. They do nothing to promote religion, language or culture of the minority they represent. I believe that the Constitution has prescribed a very narrow definition of a minority institution. Article 29 says that ``any section of the citizens.. .having a distinct language, script or culture of its own shall have the right to conserve the same." The establishment of a minority institution should be to fulfill the objective enshrined in Article 29 but very few minority educational institutions achieve this objective.

Under the existing provision of the Constitution, Aligarh Muslim University is not a minority institution as it was set up by an Act of Parliament, even though it has made outstanding contribution to preserve and promote Muslim scholarship, traditions and culture, whereas hundreds of schools and colleges promoted by linguistic and religious minorities, which make very little effort to promote their language or faith enjoy all the benefits of a minority institution.

I have been told that The Right to Education Act (RtE Act) will not be applicable to minority institutions. If true this means most of them will continue to run like private schools, some even getting grants from Government, but will not be required to enroll 25% poor and disadvantaged students as required by the RtE Act. As part of agenda for education reforms, I think there is a strong case for revisiting the definition of minority institutions and accord this status only to those which actually promote the language, religion and culture of their people.

2. Item 66 of Union List reads : `Co-ordination and determination of

standards in institutions of higher education or research and scientific and technical education.' In pursuance of this University Grants Commission was established to promote standard of education in universities and colleges. Government of India has also established AICTE for achieving the same objective for technical, MCI for medical and NCTE for teacher's education. The rampant corruption in AICTE, MCI and NCTE was exposed recently. UGC is equally culpable for allowing thousands of sub standard arts, commerce and science colleges. Many States would like to set things right but they have no power to derecognize such institutions ! India is a large country and it is unrealistic to expect one central agency to lay down standards or monitor their adherence in thousands of institutions. I think that there is a strong case for listing Item 66 in the Concurrent List so that States also get authority and responsibility to ensure better quality in higher and technical education.

3. My last submission is relating to role of Urban Local Bodies (ULBs) in elementary education. The RtE Act entrusts the responsibility for providing free and compulsory elementary education to all children of the age of 6 to 14 to ULBs in their area of jurisdiction. However, the 12th Schedule to the Constitution, inserted as a result of 74th Amendment, which lists the functions States are expected to transfer to ULBs, does not include `elementary education'. In Gujarat, out of 165 ULBs, only 19 are providing elementary education, the remaining have resolved not to accept this responsibility as they lack financial and other resources for this. In view of the responsibility given to ULBs by the RtE Act, the subject `elementary education' needs to be included in the 12th Schedule to the Constitution.

એથેન્સની અકાદમીમાં પ્લેટોનો અનુગામી શિષ્ય એરિસ્ટોટલ ભણાવી રહ્યો હતો. પ્લેટોનું અવસાન થયા પછી એ જ્યારે વર્ગમાં ભણાવતો ત્યારે પ્રસંગ બન્યો. એક વિદ્યાર્થી વારંવાર એરિસ્ટોટલને રોકીને કહે : 'તમે આમ કહો છો, પરંતુ પ્લેટો તો આવું કહી ગયો છે.' ત્રણચાર વખત આવું બન્યું. પ્લેટો પ્રત્યેના આદરભાવને કારણે એરિસ્ટોટલ ગમ ખાઈ જતો. ફરી જ્યારે પેલા વિદ્યાર્થીએ વર્ગમાં એને વચમાં રોક્યો ત્યારે એરિસ્ટોટલથી ન રહેવાયું. એણે પેલા વિદ્યાર્થીને કહ્યું : 'પ્લેટો મહાન હતો, પરંતુ સત્ય એના કરતાં મહાન છે.'

સત્ય, વ્યક્તિ કરતાં મહાન છે. સત્ય પામવા ઇચ્છનારે જીવનને પામવું પડે, જીવનબ્રહ્મને પામવા મથવું પડે. આવી મથામણ કરવી એ પ્રત્યેક માણસનો અધિકાર છે.

– ગુણવંત શાહ

# 'અધ્યાપનના ઝરૂખેથી'

**મહાવીરસિંહ ચૌહાણ**

હું સન્ ૬૦માં અધ્યાપક તરીકે જોડાયો. અધ્યાપક બનવું તે મારા સંકલ્પનું પરિણામ હતું અથવા મારી પરિસ્થિતિઓએ મને અધ્યાપક બનવા માટે મજબૂર કર્યો એ વાત હું ત્યારે પણ નહોતો જાણતો અને આજે પણ નથી જાણતો. મને જીવનનિર્વાહ માટે એક સાધનની જરૂર હતી તે મને મળી ગયું; પણ મને એ હકીકત બહુ જલદી સમજાઈ ગઈ કે જીવનનિર્વાહનાં બીજાં સાધનો કરતાં અધ્યાપનનું સાધન જુદું છે.

અધ્યાપનનો સંબંધ જ્ઞાન સાથે છે. જ્ઞાનની પ્રક્રિયા જટિલ હોય છે. અધ્યાપક આ પ્રક્રિયાનો એક જરૂરી ભાગ છે. દરેક માણસ પોતાના આજુબાજુના વાતાવરણને સમજવા પ્રયત્નશીલ હોય છે. આમ કરીને તે પોતાના વાતાવરણને પોતાના માટે અનુકૂળ બનાવે છે અથવા તો પોતે તેને અનુકૂળ બનવાનો પ્રયત્ન કરે છે. આ બધો જ્ઞાનનો વ્યાપાર છે. જ્ઞાનનો સતત વિસ્તાર થતો રહે છે અને સમાજ એ બાબતમાં પ્રયત્નશીલ રહે છે કે જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરતી રહે. શિક્ષણ વડે એ શક્ય બને છે. લોકો એમાં જોડાય છે. પ્રશિક્ષણ પ્રાપ્ત કરે છે અને જ્ઞાનની પરંપરાને આગળ વધારે છે. એ રીતે જ્ઞાનના વિસ્તારમાં અધ્યાપકની ભૂમિકા ખૂબ જ અગત્યની ગણી શકાય. બીજી રીતે કહીએ તો અધ્યાપન કાર્ય વડે એક અધ્યાપક સમાજના બૌદ્ધિક વિકાસમાં અને તે વડે તેની આર્થિક સમૃદ્ધિમાં પણ અગત્યનો ફાળો આપે છે. હું અધ્યાપક બન્યો તો જાણે ઇતિહાસે મને એક મોટી જવાબદારી સોંપી દીધી. હું એ જવાબદારી નિર્વાહ કરવા માટે કેટલો સજ્જ હતો એની ચર્ચા અસ્થાને છે. એનાં પરિણામો શાં આવ્યાં એ બાબતમાં પણ કોઈ નિર્ણાયક ચર્ચા ના કરી શકાય. એનું કારણ છે બીજા વ્યવસાયોમાં જોડાયેલા લોકો વધારે સુવિધાપૂર્ણ સ્થિતિમાં હોય છે. ત્યાં કોઈ પણ કાર્યનાં પરિણામો સ્પષ્ટપણે સામે આવી જાય છે. જે યોજનાઓ હાથમાં લેવાઈ છે તેમાં કેટલી સફળતા કે નિષ્ફળતા મળી છે એ બાબત બહુ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. એક ડૉક્ટર જાણે છે કે તેણે એક અઠવાડિયા કે એક મહિનામાં કેટલા દર્દીઓ તપાસ્યા, કેટલા લોકોને માંદગીમાંથી મુક્તિ મળી એવી રીતે જ ન્યાયાધીશ કે પોલીસ કર્મી પણ પોતાનાં કાર્યોનું મૂલ્યાંકન કરી શકે છે. કોઈ પણ અધ્યાપક પોતાના કાર્યને એ રીતે મૂલવી શકતો નથી. આંકડાઓના આધારે તો અધ્યાપકની કારકિર્દીને મૂલવી જ ન શકાય. કેળવણી તે આપણી સામાજિક વ્યવસ્થાનું એક અનિવાર્ય અંગ છે. એ પોતે પણ એક વ્યવસ્થા છે. પાઠ્યક્રમ નક્કી કરવું, અધ્યાપન કાર્ય કરવું, પરીક્ષા લેવી, પરીક્ષાના પેપરો તપાસવાએ કેળવણી પ્રક્રિયાનાં જરૂરી કાર્યો છે. શક્ય છે કે પરીક્ષાનાં પરિણામો સારા હોવાં છતાં કેળવણીનું સ્તર નીચું હોય. આજે આ બધી પ્રક્રિયાઓ એક કર્મકાંડ જેવી બની ગઈ છે. અને બધા અનુભવે છે. કેળવણી ક્ષેત્રે જે તેજસ્વિતા હોવી જોઈએ તે નથી. આ સ્થિતિ માટે કોઈને જવાબદાર ગણી શકાય તો તે અધ્યાપક છે. એક અધ્યાપક તરીકે મેં પણ સતત અનુભવ્યું છે કે કંઈક મોટી ખામીઓ છે. અને અનેક પ્રયત્નો કરવા

છતાં એ ખામીઓ દૂર થતી નથી. આજે જ્યારે હું મારા અધ્યાપક જીવન વિશે વાત કરવા બેઠો છું ત્યારે મને મારાં કાર્યોની સફળતા ઓછી, નિષ્ફળતાઓ વધારે દેખાઈ આવે છે. જોકે આ અવસરે મારી નિષ્ફળતાઓની વાત કરીએ તે ઉચિત નહીં ગણાય.

મારી સામે વ્યક્તિગત મર્યાદો ઘણી છે. એની સાથે જ થોડી એવી મર્યાદાઓ પણ છે જેનો સંબંધ આપણા સમયની વિસંગતિઓ સાથે છે.

હું જે વિસંગતિઓની વાત કરું છું તે ખૂબ જ વ્યાપક અને ઊંડાણ ભરી છે. આજે કેળવણી માત્ર વ્યાપારની વસ્તુ બની ગઈ છે. જ્ઞાનનો સીધો સંબંધ બજાર સાથે છે. જ્ઞાનનો જે ભાગ 'માર્કેટડ ફ્રેન્ડલી' નથી, જેના વડે કોઈ તાત્કાલિક આર્થિક લાભ થતો નથી, તે જ્ઞાન આજે મહત્ત્વનું ગણાતું નથી. એ રીતે યુનિવર્સિટીની કેળવણીમાં આજથી ચાર કે છ દસકા પહેલાં સાહિત્યનું જે મહત્ત્વ ગણાતું હતું તે આજે રહ્યું નથી. કેમકે સાહિત્યનો સંબંધ મૂલ્યો સાથે છે, કલાદૃષ્ટિ અને સૌંદર્ય ચેતનાના પરિષ્કાર સાથે છે. બીજી લલિત કલાઓની જેમ જ સાહિત્યના સંબંધમાં લગભગ બધાય લોકો સ્વીકાર કરે છે કે તે જીવનની કોઈ ભૌતિક જરૂરિયાતની પૂર્તિ કરતું નથી. પણ હકીકત એ છે કે સાહિત્ય કલ્પના વડે રચાયેલું હોવા છતાં જીવનના ખૂબ જ ગંભીર પ્રશ્નોની છણાવટ કરતું હોય છે. એ કામ તે પરોક્ષ અને સૂક્ષ્મ રીતે કરે છે. એક અધ્યાપક તરીકે મેં ઘણી વખતે મારા વિદ્યાર્થીઓને સાહિત્યની એ પરોક્ષ શક્તિના સ્વરૂપની વાત કરી છે.

આપણે જેને આધુનિકકાલ તરીકે જાણીએ છીએ તેની ઘણીખરી વૈચારિક વિશેષતાઓ આપણા સુધી યુરોપના સાહિત્યના માધ્યમથી પહોંચી છે. રવીન્દ્રનાથ ટાગોર દેશના નવજાગરણ માટે ત્રણ વ્યક્તિઓને ખાસ યાદ કરે છે. રાજા રામમોહનરાય, બંકિમચંદ્ર ચેટરજી અને માઇકેલ મધુસૂદન દત્ત, એ ત્રણે ભારતના નવાયુગના રિનેસાંસના પ્રણેતા છે. મોહનરાય લેટીન ગ્રીક, અરેબિક, પર્શિયન અને સંસ્કૃત જેવી અનેક ભાષાઓના સાહિત્યના નિષ્ણાત પંડિત હતા. બંકીમબાબુ અંગ્રેજી સાહિત્યના અને માઇકેલ મધુસૂદન દત્ત અંગ્રેજી અને ગ્રીક સાહિત્યના ઊંડા અભ્યાસુ હતા. રવીન્દ્રનાથ ટાગોર લખે છે કે આ ત્રણે વિદ્વાનોએ વિશ્વસાહિત્યના મંથન વડે ભારતના જીવનમાં નવા ચૈતન્યનો સંચાર કર્યો છે. યુરોપના રિનેસાંસની ત્યાંની સામાજિક ચેતનાના પરિષ્કારમાં એક આગવી ભૂમિકા છે. આપણા દેશના જાણીતા ઇતિહાસવિદ્ રોમિલા થાપરે યુરોપના રિનેસાંસ ઉપર સંસ્કૃત સાહિત્યના પ્રભાવની ચર્ચા કરી છે. સન્ ૧૭૮૯માં સર વિલિયમ જોન્સે કાલિદાસના 'અભિજ્ઞાન શાકુન્તલમ્'નો અનુવાદ કર્યો. એ અનુવાદના અનેક રૂપાંતરો યુરોપની જુદીજુદી ભાષાઓમાં થયાં. જર્મન કવિ ગોચથે એ શકુન્તલા વિશે એક લાંબી કવિતા લખી અને કહ્યું કે 'અભિજ્ઞાન શાકુન્તલમ્'માં તે બધું છે જે આપણા જીવનમાં નૈતિક, આધ્યાત્મિક બંને સંવેદનાત્મક શ્રેષ્ઠતાના રૂપમાં રચાયેલું છે. રોમિલા થાપર પ્રમાણે યુરોપમાં રિનેસાંસની એક શાખા ઓરિયેન્ટલ રિનેસાંસ તરીકે ઓળખાય છે. એની શરૂઆત યુરોપના સર્જકો પર અભિજ્ઞાન શાકુન્તલના પ્રભાવ તરીકે ઓળખવામાં આવે છે.

આજે ઉદારીકરણ અને વૈશ્વિકીકરણના સંદર્ભમાં આપણે (વિશ્વગ્રામ)ની વાત કરીએ છીએ. સાહિત્યમાં આ વિશ્વગ્રામની ચર્ચા અઢારમી શતાબ્દીથી શરૂ થઈ હતી. આજના વિશ્વ ગ્રામમાંથી માણસ અદૃશ્ય થઈ ગયો છે. પણ અઢારમી શતાબ્દીમાં વિશ્વમાનવની શોધની દિશામાં જે સાહિત્યકારો આગળ વધ્યા તેમણે માણસના ગૌરવની ઓળખાણ કરાવી અને એ ગૌરવની

જાળવણી ઉપર ભાર મૂક્યો.

સન્ ૧૯૩૧માં ઉમાશંકર જોશી 'વિશ્વશાંતિ'ની ચિંતા કરે છે. કેમકે યુરોપના દેશો એક વિશ્વયુદ્ધની જ્વાળામાંથી પસાર થઈને બીજા વિશ્વયુદ્ધની વિનાશલીલાની તૈયારી કરી રહ્યા હતા. માનવ વિનાશની એ કલ્પના એ ભારતના એક કવિને કેટલો બેચેન કરી મૂક્યો. એનું અનુમાન નીચેની પંક્તિઓ વાંચીને કરી શકાય.

**'ત્યાં શાંતિના સૂર અનેક ઊઠતા,**
**પુષ્પો નીચે ખડ્ગધારા ઝબૂકે**
**રેતી પરે વજ્જરકોટ જૂઠના**
**ઊડી જાશે સત્યની એક ફૂંકે !'**

બીજા વિશ્વયુદ્ધના વિનાશને રોકી શકાયો નહીં. એની અસર માણસના વિચારો પર, લાગણીઓ પર, એની ધાર્મિક-નૈતિક માન્યતાઓ અને તેની વિશ્વ દૃષ્ટિ પર થઈ. માનવસમાજને લાગ્યું કે જીવનમૂલ્યો અને આદર્શોની વાતમાં કંઈક પોકળતા છે. એ વિનાશ, દિશા અને પ્રતિદિશાની સામે નબળા પુરવાર થાય છે. આ મનઃસ્થિતિથી પ્રેરાઈને યુરોપમાં જે સાહિત્ય લખાયું તેમાં હતાશા અને નિરાશાનો ભાવ પ્રબળ છે. આપણા કવિઓ પણ એનાથી પ્રભાવિત થયા વગર રહ્યા નહીં પણ ભારતીય કવિઓનો સ્વર જુદો હતો. ઉમાશંકર જોશીની એક નાની કવિતા છે. 'શું છે ત્યાં આજે, જ્યાં વૃક્ષ હતું.' એ કવિતા ૧૯૭૧માં લખાયેલી. કવિતામાં કહેવાયું છે કે – 'ત્યાં વૃક્ષ નથી' પણ હજી કવિને અને આજુબાજુ ઊડતાં પક્ષીનો આભાસ થાય છે કે ત્યાં વૃક્ષ છે. ખરેખર એ આભાસ જીવનની શક્યતાનો આભાસ છે. ઉમાશંકર જોશી પોતાની સમર્થ કલ્પના વડે એ આભાસને જીવતો રાખે છે. સાહિત્યની આ એક મોટી ઉપલબ્ધિ છે કે વર્તમાનની અસંગતિઓ અને અન્તર્વિરોધોનો અતિક્રમણ કરીને તે જીવનના વિધાયક તત્ત્વો તરફ આપણી દૃષ્ટિને વાળી દે છે. ઉમાશંકર જોશીની નીચેની પંક્તિઓમાં વ્યક્ત થતો વિશ્વાસ માનવ જાતિના ભવિષ્યની એમની આસ્થાને સૂચવે છે.

**'ચાલ્યો સીધો જાઉં**
**ઓ ભટકાયો – એવું મનને**
**ભાસે કંઈ સઘન, માર્ગમાં.**
**પેલું આવે શરગતિએ કો તિર્દંગ...**
**એક તે**
**ખમચાયું ક્ષણ શૂન્યવચાળે –**
**ડાળે ડાળે કૂદતું જાણે બેઠું ક્યાંક ?**
**બેઠું – ના-બેઠું જાણે**
**ને વૃક્ષ-આકૃતિ અંકિત કરતું ગયું શૂન્યમાં.'**

અપેક્ષિત હતું કે હું અધ્યાપક જીવન વિશે લખું પણ વાતની દિશા બદલાઈ ગઈ અને અધ્યાપકની ભૂમિકા પરથી વાત સાહિત્યની ભૂમિકા પર પહોંચી ગઈ છે. મને લાગે છે કે આજની સ્થિતિના સંદર્ભમાં સાહિત્યની ભૂમિકાની તપાસ કરવામાં આવે તો તે પણ પ્રાસંગિક ગણાશે.

*'શિક્ષક પાસે ધન નથી, નથી સત્તા, છે માત્ર ભણાવવાનો ઉમંગ ને બાળકમાં શ્રદ્ધા, સામાન્ય દુનિયાદારીમાં રાચનારને આની કિંમત નથી. પણ જે સમજું છે તેને શિક્ષકોની કિંમત અણમોલ છે. સંસારના શાંતિ-આનંદના પાયામાં જ શિક્ષક છે.'*

**– મનુભાઈ પંચોળી 'દર્શક'**

# ગ્રંથસૌરભ

## મુકુન્દરાય વિ. પારાશર્ય સ્મૃતિગ્રંથ

ભાગ–૧ : સ્મૃતિદર્શન. ૬૨, ૩૯૨ પૃ.; ભાગ–૨ : છીપે પાક્યાં મોતી. ૫૦, ૬૨૫ પૃ., ભાગ–૨ : પુરવણી. ૧૬, ૮૪ પૃ.; ભાગ–૩ : પારાશર્યનું ભાવવિશ્વ ૩૦, ૨૯૭ પૃ.

સંપાદકો : કનુભાઈ જાની, દિલાવરસિંહ જાડેજા, હરિકૃષ્ણ પાઠક; સહાયકો : સનતભાઈ, જ્યોતિબહેન અને પીયૂષભાઈ

પ્રકાશક : ભાવનગર : શ્રી મુકુન્દરાય વિ. પારાશર્ય સ્મારક ટ્રસ્ટ; વિતરક : અમદાવાદ : ગૂર્જર એજન્સી; ૨૦૧૦–૨૦૧૧; કિંમત : રૂ.૧૦૮૦/–

મુકુન્દરાય વિ. પારાશર્ય (૧૯૧૪–૧૯૮૫) ગાંધીજીવનદર્શનથી અનુપ્રાણિત કવિ, ભજનિક અને ચિંતક. ગુજરાતીનાં વિવિધ સાહિત્યસ્વરૂપો જેમકે કવિતા, રેખાચિત્ર, ચરિત્ર, નિબંધ, વાર્તા, નવલકથા, વિવેચન વગેરેમાં એમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. કવિ અને રેખાચિત્રકાર – સત્યકથાઓના લેખક – તરીકે વિશેષ ખ્યાતિપ્રાપ્ત છે. શિવસંકલ્પમાર્ગના યા યાત્રીનું સમગ્ર વાઙ્મય માનવતાના મહાકાવ્ય તરીકે ઊભરી આવ્યું છે. આવા ગરવા સારસ્વતની જન્મશતાબ્દીની પૂર્વ સંધ્યાએ પારાશર્યના કુટુંબીજનોએ તેમના સાહિત્યિક પ્રદાન ને પ્રસ્તુત ગ્રંથત્રયીના માધ્યમથી ઉદ્‌ઘાટિત કરી પારાશર્ય સાહિત્યના અધ્યેતાઓ-સંશોધકો અને તેમના વ્યક્તિત્વ – જીવનદર્શનના જિજ્ઞાસુઓ માટે મહામૂલી સાહિત્યસંપદા પ્રસ્તુત કરીને મોટી સેવા કરી છે. આ ગ્રંથત્રયી એ માત્ર 'પારાશર્ય સ્મૃતિગ્રંથ' નહીં પરંતુ ખરા અર્થમાં 'પારાશર્ય જ્ઞાનકોશ' છે. પારાશર્યના સાહિત્ય-પદારથને પામવા માટે અથવા મર્યાદાઓ સહિત તેમના સાહિત્યસર્જનને સમજવા માટે આ ગ્રંથ દીવાદાંડી સમાન છે. અહીં પારાશર્યની વિવિધ પ્રકાશિત અને કેટલીક અપ્રકાશિત કૃતિઓ – મૌલિક, સંપાદિત અનુવાદિત સહિત – વિષયક જે તે વિષય-ક્ષેત્રના અધિકારી વિદ્વાનોને આમંત્રણ પાઠવીને તૈયાર કરાવેલા અભ્યાસ-વિવેચનલેખો, કાવ્યાસ્વાદો, જે-તે સમયે પ્રકાશિત થયેલ સમીક્ષાઓ, અવલોકનો, પત્ર દ્વારા પ્રાપ્ત અભિપ્રાયો, કૃતિપ્રકાશન ટાણેનાં આત્મનિવેદનો–પ્રસ્તાવના, નવી આવૃત્તિ સંબંધી નિવેદન, તથા પુરોવચન-ભૂમિકા(ફોરવર્ડ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. સાથે સાથે વૈવિધ્યપૂર્ણ પરિશિષ્ટોના માધ્યમથી પારાશર્ય વિશે પૂરક માહિતી પૂરી પાડીને તેમજ તેમના સુરુચિપૂર્ણ અને કલાત્મક ફોટોગ્રાફ્સ તથા તેમણે દોરેલાં ચિત્રોના ઉમેરણથી ગ્રંથનું દસ્તાવેજી મૂલ્ય ઘણું વધી ગયું છે. મહાભારતની વિષયવસ્તુની વ્યાપકતાને ધ્યાને લઈ કહેવાતી ઉક્તિ અહીં પારાશર્ય સંદર્ભે આ ગ્રંથત્રયી ચરિતાર્થ કરે છે. 'સંપાદકીય'માં કનુભાઈએ સંગૃહીત લેખોની વિશેષતાઓ રેખાંકિત કરવાની સાથે સાથે સંબંધિત સાહિત્ય સ્વરૂપ વિશે ઉદા. તરીકે નિબંધ, ચરિત્ર વગેરે વિશે સંક્ષેપમાં તાત્ત્વિક ચર્ચા તથા જે-તે મૂળ કૃતિનો પરિચય અને તેનું હાર્દ તથા મુકુન્દરાયનું દૃષ્ટિબિંદુ પ્રસ્તુત કરવા પ્રયાસો કર્યો છે, પરિણામે તેમનું સંપાદકીય અનુલેખ બની મહોરી ઊઠ્યું છે. ઉદા. તરીકે 'અલકા'ની મેઘદૂતના સંદર્ભે ચર્ચા તથા પ્રભાશંકર પટ્ટણી વિશે ઘણી

પૂરક વિગતો આપી છે. ગ્રંથમાં અત્રતત્ર ફીલર તરીકે પારાશર્યનાં મુક્તકો અને ચિંતનપરક સુક્તિઓ મૂકીને પારાશર્યની ચિંતનધારાની સુવાસ તાજી રાખી છે. ક્વચિત્ અન્ય ચિંતકોનાં અવતરણો પણ મૂકવામાં આવ્યાં છે.




ભાગ-૧ : સ્મૃતિદર્શનમાં ગ્રંથારંભે પારાશર્યનાં આત્મકથનાત્મક ૪ લખાણો, ૫-૫૮ ક્રમ સુધી સંસ્મરણ લેખો, ૫૯-૭૨ શ્રદ્ધાંજલિઓ, ૭૩-૮૩ શોકઠરાવો અને ત્યારબાદ બે પત્રાંજલિઓ તથા શબ્દસૂચિ અને જન્મકુંડળી સહિત ૯ પરિશિષ્ટોનો સામાવેશ કરવામાં આવ્યો છે. પ્રારંભમાં સનતકુમાર મહેતાનો મુકુન્દરાયના વ્યક્તિત્વદર્શન, જીવનઘડતર અને સાહિત્યભાવનાને ઉજાગર કરતો ગહન સંશોધનાત્મક લેખ ચરિત્રનાયકને સમજવા માટેની ગુરુચાવી સમાન છે. લેખકનો સંશોધકીય અભિગમ ધ્યાનાર્હ બની રહે છે. હૃદયસ્પર્શી શીર્ષક ધરાવતું સંપાદકીય 'ભાવસાર્થક્યનું ભાતું'ના ઊઘડતા શબ્દો 'આ ગુણગાથા નથી. આ કીર્તિકળશ નથી.... પ્રત્યેક જમાને, ભલે સંખ્યામાં નહિવત્ પણ થોડાક તો એવી રીતે જીવી ગયા હોય છે કે એ વ્યક્તિ મટીને જે-તે ક્ષેત્રનું આદર્શ 'કાર્ય' બની ગયા હોય છે..... એવી વ્યક્તિ પછી પ્રજાકીય સંસ્કૃતિ – સંપત બનતી હોય છે. ....પારાશર્ય એ માંહ્યલા છે ....વાચકને જીવનરસ જ નહિ, જીવનપોષક મબલક સામગ્રી અહીં સાંપડશે.... એમની સંનિધિથી કેવા કેવા કેટલા-કેટલા લાભાન્વિત થયા'તા એની વાતો અહીં મળે છે. પણ જે વંચિત રહી ગયા એનેય થોડી પણ મૂલ્યવાન પ્રસાદી તો અહીંથી મળશે જ. એ તો આના સંપાદનનો હેતુ છે.... આ સત્ત્વસંપદાનું વિતરણ છે.'માં મુકુન્દરાયના વ્યક્તિત્વનો પડઘો રણકવાનીની સાથે સાથે પ્રારંભિક બે શબ્દો – 'આ ગુણગાથા નથી', 'આ કીર્તિકળશ નથી' – માં પ્રસ્તુત ગ્રંથના સંપાદનનું દૃષ્ટિબિંદુ અને તેના પરિણામે ગ્રંથની મહત્તા સ્પષ્ટ ઊપસી આવે છે. પ્રથમ ૪ લેખોમાં મુકુન્દરાયની નોંધપોથીઓમાંથી પસંદ કરીને તેમની સુપુત્રી પ્રા. જ્યોતિબહેને કેટલીક અપ્રગટ સામગ્રી અહીં આપી છે, જેમાં કુટુંબનો પરિચય, વર્ષ ૧૯૭૯ સુધીના જીવનના કેટલાક નોંધપાત્ર બનાવો, પત્રો અને કૌટુંબિક દૈવી સંપતના વારસા વિશે જણાવ્યું છે, જે પ્રેરણાદાયી છે. ત્યારબાદ જ્યોતિબહેન, પીયૂષભાઈ અને ડૉ. દક્ષાબહેનનાં સંસ્મરણોમાં પિતૃવાત્સલ્ય અને ભાઈના સ્નિગ્ધ સ્નેહ અને કર્તવ્યપાલનનાં દર્શન થાય છે. પ્રભાશંકર પટ્ટણી અને મુકુંદરાય માનતા હતા કે હરિ ઝીણાનાં કાવ્યોમાં પાઠાંતરો કરીને બળવંતરાય ઠાકોરે 'ભણકારા'માં તેનો સમાવેશ કર્યો છે. આ સંદર્ભે ચર્ચા નીકળતાં મુકુંદરાયે ઉમાશંકર જોશીને પોતાનો અભિપ્રાય જણાવેલ તે સમયે પીયૂષભાઈ ઉપસ્થિતિ હતા તે પ્રસંગ પીયૂષભાઈએ પોતાના લેખમાં રજૂ કરી ઐતિહાસિક વિગત પૂરી પાડી છે.

અહીં ગ્રંથસ્થ અન્ય ૫૦ સંસ્મરણો સમાજના વિવિધ વર્ગો જેમકે કવિઓ, સર્જકો, ચિંતકો, લોકસેવકો, અધ્યાપકો, ડૉકટરો, વૈદ્ય, દર્દીઓ, ઉદ્યોગપતિઓ, ભાવકો વગેરેનાં છે. આ સૌએ ભાઈને જે રીતે નિકટથી જે સ્વરૂપે જોયા, અનુભવ્યા અને તેમનામાં સાચુકલા માણસનાં દર્શન કર્યાં તેની સૌએ હૃદયના ઉમળકાથી વાચા આપી છે. પ્રત્યેક સંસ્મરણ તાજગી લઈને આવે છે અને ભાઈની અણકથી વાતને ઉજાગર કરી મૂકે છે. આ સૌએ ભાઈને કરેલાં સંબોધનો જેમકે વિમલા ઠકાર 'ભાવનગરના ભાવ-પુરુષ', રમણલાલ જોશી 'સારસ્વતપ્રતિભા', રમેશ પારેખ 'વંદનીય વિભૂતિ', કાન્તિલાલ અજાબિયા 'અધ્યાત્મ ઉદ્યાનનું એક પૂર્ણ પ્રફુલ્લ પુષ્પ', ઇન્દુમતી ભટ્ટ 'પુણ્યાત્મા', ધીરુભાઈ


દોશી 'સાધુપુરુષ', જ્યોતિ ગાંધી 'બંધ છીપલીનું મોતી' વગેરેની સાર્થકતા તેમના સંસ્મરણલેખોમાં પ્રસ્ફુટિત થયેલી જોવા મળે છે. રઘુવીરભાઈના લેખમાં પારિવારિક સંસ્મરણોમાં તેમની વ્યંગ્ય અને વિનોદવૃત્તિ – 'આ કુટુંબમાં શરીરનો મહિમા ઓછો – એટલી હદ સુધી કે નિરાંતે બીમાર પણ રહી શકાય'નાં દર્શન થાય છે. કવિ માધવ રામાનુજ કાવ્યાંજલિ આપતાં નોંધે છે કે 'એવા મળ્યા વડીલ : માધવને મુકુન્દ / થોડો મળ્યો સમય, વ્હાલ મળ્યું વધારે. અહીં ગ્રંથસ્થ ઉત્પલ ભાયાણી અને ઉષાકાન્ત મહેતાના ભાઈ સાથેના વાર્તાલાપોમાં ભાઈની સર્જક તરીકેની કેફિયત તથા તેમના પિતાએ કરેલ 'સૌરાષ્ટ્ર ફિલ્મ કંપની'ની સ્થાપના અને તેમાં પ્રભાશંકર પટ્ટણી દ્વારા નાણાં પૂરાં પાડવાં વગેરે વિગતો મળી રહે છે. મુકુંદરાયને અર્પેલ શ્રદ્ધાંજલિઓ-શોકઠરાવોમાં સૌએ એક સ્વરે જીવનસત્યનો શોધક ભક્તહૃદયી કવિ જીવ ગણાવેલ છે. હરિકૃષ્ણ પાઠકે 'સતનો સમાગમ આજે આથમ્યો', તો ઉમાશંકરે 'ગુજરાતી ગિરાને ન્યાલ કરી ગયા છે.... અજબ શબ્દસંજીવની એમની પાસે હતી' તેમ જણાવેલ છે. વિવિધ ૭ પરિશિષ્ટો પૈકી પારાશર્યની પ્રકાશિત અને પ્રકાશ્ય કૃતિઓ ઉપરાંત લખવા ધારેલ કૃતિઓની લાંબી યાદી તેમના ભાવવિશ્વ-ચિંતનનો ફલક કેટલો વ્યાપક હતો તેની પ્રતીતિ કરાવે છે.




ભાગ–૨ : 'છીપે પાક્યાં મોતી'ના પૂર્વાર્ધમાં પારાશર્યની કવિતાકલાને મૂલવતા ૨૭ અભ્યાસલેખો, ૭ નિવેદનો, ૨ આમુખો, કાવ્યસંગ્રહો ઉપરનાં ૪૪ અવલોકનો, ૨૦ કાવ્યાસ્વાદો અને કવિતાવિષયક ૨ સ્મૃતિ-વ્યાખ્યાનોનો સમાવેશ થાય છે. સંપાદક હરિકૃષ્ણ પાઠકે સંપાદકીય 'પોતાના પોતની કમાણીમાં વિવિધ લેખકોએ કવિ પારાશર્યની કવિતાના મૂલ્યાંકનોનું સારગર્ભિત વિશ્લેષણ પ્રસ્તુત કરતાં નોંધ્યું છે કે 'લગભગ પાંચ દાયકા સુધી ચાલેલું તેમનું કાવ્યસર્જન અનેક રૂપે રસપ્રદ, વૈવિધ્યપૂર્ણ અને ધ્યાનાર્હ રહ્યું છે; અને તેમાં જે ઉપલબ્ધિઓ છે તે આપણા અધિકારી કાવ્યજ્ઞ વિદ્વાનોએ આવકારી છે, પુરસ્કારી છે.' અહીં વિવિધ કાવ્યમર્મજ્ઞો જયંત કોઠારી, લાભશંકર પુરોહિત, ચિમનલાલ ત્રિવેદી, જયંત પાઠક, વસંત પરીખ, રાજેન્દ્ર શુક્લ, ઉશનસ, હસુ યાજ્ઞિક, નીતિન વડગામા વગેરેએ પારાશર્યની કવિતાનાં વિવિધ પાસાંઓ વિશે વિશદ ચર્ચા કરી છે. આ બધા લેખકોએ કવિ પારાશર્યની વિશેષતાઓની સાથે સાથે તેમની મર્યાદાઓ તરફ પણ આંગળી ચીંધી છે. જયંત કોઠારી તેમના લેખ 'સુભાષિત અને મુક્તક : અર્થ અને અનુભવ'માં કેટલાંક મુક્તકોનો રસાસ્વાદ કરાવીને મુકુન્દ પારાશર્યને વિચારશીલ જીવનસાધક માત્ર નહીં, વર્તમાન કાવ્યઆબોહવામાં શ્વસતા સંવેદનશીલ કવિ ગણવાની સાથે તેમની શિથિલ વાક્યરચના, શબ્દૌચિત્યના પ્રશ્નો વગેરેનાં સ્થાનોનો પણ નિર્દેશ કરે છે. છંદશાસ્ત્રી અને મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી ચિમનલાલ ત્રિવેદીએ તેમના લેખમાં પારાશર્યની કવિતામાં છંદના વિનિયોગ વિશે ઝીણવટપૂર્વકનું અધ્યયન પ્રસ્તુત કરતાં નોંધ્યું છે કે કવિએ ચારે કુળના છંદોની ઉપાસના કરી છે. કવિ રાજેન્દ્ર શુક્લ 'અલકા'ને એક અપૂર્વ આવિષ્કૃતિ ગણાવીને વિલક્ષણ એવી આ કાવ્યઘટના પ્રત્યે જોઈએ તેવું ધ્યાન ન ખેંચાવું તે નવાઈ પમાડવા જેવો ઉદ્ગાર કાઢે છે અને મલ્લિનાથની પદ્ધતિએ પદેપદની વ્યાખ્યા કરીને આસ્વાદવાની અભિલાષા સેવે છે. ઘનશ્યામ ગઢવી 'સુદામાચરિત્ર' અને 'ગજેન્દ્રમોક્ષ' આખ્યાનોની મૂલવણીના પ્રારંભમાં આખ્યાનસ્વરૂપની અને અર્વાચીન ગુજરાતી

સાહિત્યમાં આખ્યાનના નવતર પ્રયોગની આછેરી ઝલક પ્રસ્તુત કરીને આ આખ્યાનોને પરંપરાને અનુસર્યા સિવાય વિશિષ્ટ કવિકર્મ તરીકે ઓળખાવીને સર્જકની ભક્તિપ્રતિભા અને ભાષાપક્કડની નોંધ લે છે. ચંદ્રકાન્ત શેઠ 'ભદ્રા'ના અવલોકનમાં કવિની કાવ્યાભિરુચિના ઘડતરમાં કૌટુંબિક વારસો અને સંસ્કૃત કવિતાનો પ્રભાવ હોવા છતાં કવિનું સ્વત્વ અને સત્ત્વ સુપેરે પ્રસ્ફુટિત થવાની નોંધ લે છે. કવિના સમકાલીનો પૈકી રામપ્રસાદ બક્ષી, વિજયરાય વૈદ્ય, સુંદરમ્, ડોલરરાય માંકડ, અનંતરાય રાવળ, કિશનસિંહ ચાવડા, હરિવલ્લભ ભાયાણી વગેરેએ તેમના કાવ્યસંગ્રહોનાં અવલોકનો કે પત્રો દ્વારા પ્રતિભાવો વ્યક્ત કરીને પારાશર્યની કવિતાને પાંખી છે, તો કવચિત પોતાનું અલગ મંતવ્ય પણ જણાવેલ છે. ઉદા. તરીકે હરિવલ્લભ ભાયાણીએ પત્ર દ્વારા 'અલકા' સંદર્ભે ઝાઝી ખુશી અને થોડી નાખુશી વ્યક્ત કરતાં લખ્યું કે મૂળ સાથે તાણોવાણો મને મળતો ન લાગ્યો તે નાખુશી, જ્યારે વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વિદ્યા અને સર્જકપ્રતિભા અને ભાવ-અનુભવની સૂક્ષ્મ અને તીવ્ર સંવેદનાનો વિરલ આસવ 'અલકા'માં જુએ છે.

ભાગ-૨ના ઉત્તરાર્ધમાં પારાશર્યની સત્યકથાઓ-વ્યક્તિચિત્રો વિષયક ૧૬ અભ્યાસલેખો, અવલોકનો નિવદનો ઇત્યાદિ સમાવિષ્ટ છે. પારાશર્ય ઉમાશંકર-સુંદરમ્ યુગના એક ઉર્જાશીલ કવિ ઉપરાંત સત્યકથાઓના લેખક તરીકે જનસમાજમાં વિશેષ આદરપાત્ર સ્થાન ધરાવે છે. તેમની સત્યકથાઓ તો ગુજરાતી સાહિત્યનું આગવું ઘરેણું છે. આ બધાં મૂઠી ઊંચેરાં ચરિત્રો સત્ય અને શીલનાં ઉપાસક રહ્યાં છે. મૂલ્યહ્રાસના આ યુગમાં જીવતરનું ભાથું પૂરું પાડતી આ કથાઓ પ્રત્યેક પરિવારમાં વંચાવી જોઈએ. 'વાંચે ગુજરાત' અભિયાન સમયે આ સત્યકથાઓ સાર્વજનિક ગ્રંથાલયોમાં ખરીદી માટે ધ્યાને ગઈ હશે ખરી ? સત્યકથાઓને રવીન્દ્ર ભટ્ટ, 'સુલભ સંસ્કારકોશ', ખોડીદાસ પરમાર 'દેશજ સંસ્કારની વારતા' અને મનુભાઈ પંચોળી 'એક વિલક્ષણ સાહિત્યપ્રકાર' તથા 'મૂળિયાં હલાવી નાખનારું પુસ્તક' તરીકે ઓળખાવે છે. મણિલાલ હ. પટેલ અને રમેશ ર. દવે નો 'નબૂ' ચરિત્રનિબંધનો સ-રસ આસ્વાદ હૃદયંગમ થઈ પડ્યો છે. વિનોદ જોશીએ ભાષાને સાહિત્ય-કથાનું સર્વોપરી તત્વ માનીને ભાષાને નિમિત્તે 'સત્યકથા' ની તપાસ હાથ ધરી છે. આચાર-વિચારની સમૃદ્ધિ અને કથનકલાની દૃષ્ટિએ આ 'સત્યકથાઓ'ને તેના ભાવકો અને વિવેચકોએ ઉમળકાભેર આવકારી છે, જ્યારે સામે પક્ષે આ બધી કથાઓના રચનાકર્મ સંદર્ભે લેખકની નિખાલસતા : 'આ સંગ્રહમાં મારું એવું કશું નથી કે જેને અંગે હું કર્તૃત્વનો દાવો કરી અભિમાન લઈ શકું. હા, મને આ કથાઓમાં એમના વસ્તુતત્વ માટે મમત્વ છે પણ એ કથાઓના કર્તા તરીકે નહીં જ.... જળ જેમ બે કાંઠાના કે આકાશનાં દશ્યોને ઝીલે તેમ મેં ફક્ત અંતરમાં ઝીલી છે.' ધ્યાનાર્હ બની રહે છે. આ છે મુકુન્દરાય પારાશર્ય. અહીં તેમના વ્યક્તિત્વનું આપણને દર્શન થાય છે.




**અંતિમ ભાગ-૩ :** પારાશર્યનું ભાવવિશ્વમાં પારાશર્ય દ્વારા ખેડવામાં આવેલ અન્ય સાહિત્યસ્વરૂપો જેમકે ચરિત્ર, નવલકથા, નિબંધ, વાર્તા અને વિવેચનવિષયક ગ્રંથો તથા સંપાદિત-અનુવાદિત ગ્રંથો વિશેના અભ્યાસલેખો અવલોકનો, નિવેદનો પત્રપ્રતિભાવો વગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચરિત્રગ્રંથ 'પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન' વિશે ઇતિહાસ અને સાહિત્યના પ્રખર અભ્યાસી-સંશોધક નરોત્તમ પલાણ ગંગાજળમાંય શુદ્ધિની

અપેક્ષા સેવતાં 'સમજણનો એક અવસર'ને લાંબો તથા અપ્રસ્તુત લેખ ગણાવે છે, તેમજ 'સાદાં સત્યો' ના સ્થાને તેમના કુટુંબીજીવન વિશે થોડીક વાતો, દામ્પત્યની ખાટીમીઠી વાતો, તેમના અવસાન સંદર્ભે માહિતી તથા વંશવૃક્ષના અભાવની પૂર્તિ કરવામાં આવી હોત તો આ 'દર્શન' વધુ સંતર્પક બનત તેમ જણાવ્યું છે. આ મર્યાદાઓના ઇશારા સાથે પલાણે આ 'દર્શન'માં મુકુન્દભાઈનો આદર્શ આત્મા દર્શનીય બની રહે છે તેમ સ્પષ્ટ જણાવ્યું છે. જોકે આ સળંગ જીવનચરિત્ર ન હોવાથી ચરિત્રનાયકના વ્યક્તિત્વને ઉપસાવતી મહત્ત્વપૂર્ણ ઘટનાઓનો જ સમાવેશ થઈ શકે. શરીફા વીજળીવાળાએ પ્રભાશંકરના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓની વિગતે ચર્ચા કરીને તેમજ લોકોત્તર વ્યક્તિત્વના જીવનની ઝાંખી કરાવવા માટે પારાશર્યના ઋણનો સ્વીકાર કરીને અહીં પુનરાવર્તનો ટાળવા તથા દીવાનનાં વધુ લોકોત્તર કાર્યોનો સમાવેશ કરવા સૂચન કર્યું છે. વાર્તાઓ સંદર્ભે ધીરેન્દ્ર મહેતા મૂલ્યબોધવાળા પુરાણપ્રસંગોને ધ્યાને લઈ 'વાર્તા'ના બદલે 'પ્રસંગકથા' તરીકે ઓળખાવે છે. કનુભાઈ જાનીએ 'ઊર્મિલા' અને 'ગૌરી' નવલકથાઓની મૂલવણી નવા પશ્ચિમી કથાપ્રકારની તુલનાએ ભારતીય કથાપરંપરાના પરિપ્રેક્ષ્યમાં વિસ્તારથી કરી છે. જાણીતા નિબંધકાર અને નિબંધ વિવેચક પ્રવીણ દરજીએ પારાશર્યના નિબંધો હૃદયશુદ્ધિ અને અનુભવની એરણ ઉપર પોતીકી રીતે સત્ય પ્રગટ થવા દે છે તેમ કહીને સ્વામી આનંદ, કિશોરલાલ કે કેદારનાથજીના નિબંધોનું સ્મરણ તાજું કરાવતા ગણાવ્યા છે, તેમજ પારાશર્યની ખરી ઓળખનું શ્રેય તેમના નિબંધોને છે. સમાજ વૈજ્ઞાનિક વિદ્યુત જોશી 'ગૃહસ્થાશ્રમ અને બીજા નિબંધો'ને માનવશાસ્ત્રીય અને સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ મૂલવવા પ્રયાસ કર્યો છે.

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથત્રયી પારાશર્ય સાહિત્યના દર્શન માટે એક અણમોલ આધારસ્રોત બની મહોરી ઊઠે છે. વસ્તુસંકલના, મુદ્રણકળા, બાંધણી અને સાજ-સજ્જાની દૃષ્ટિએ પણ સરસ છે.

– મણિભાઈ પ્રજાપતિ

*'તત્કાલ ચમકાવે, વૃત્તિને બહલાવે તેવી વાણીથી સાવધ રહેવું ઘટે... વાક્કૌશલથી પર થઈ તેનો અર્થ જો હિતકર હોય તો તે માનવને અભીષ્ટ છે. છેવટે વાણી તો અર્થનું વાહન છે. મહત્તા અર્થની છે. દૂધપાક રૂપાના કટોરામાં હોય કે પાનના પડિયામાં, મૂળ મહત્ત્વ ને ઔચિત્ય દૂધપાકનું છે... જ્યારે સ્વર્ણપાત્રમાં પિરસાયેલ અહિતકર પેયથી તો દૂર રહેવું ઘટે. વાણી જૂના કે નવા કોઈ પણ સ્વરૂપમાં ઉલ્લાસ-આનંદને નામે અધોગામી ક્ષુલ્લક સ્થૂળ વિલાસ ભણી ન ખેંચી જાય તેમાં સાહિત્યકૃતિની સ્વમાનભરી મૂલ્યવત્તા છે. માનવહૃદયને ઉન્નત કરે તેવા આનંદવાળી કૃતિ કલાકૃતિ છે : અધોમુખ લઈ જનારી વૃત્તિ, પ્રવૃત્તિ કે કૃતિ, વિકૃતિ છે.'*

*

*'ન સમજાય એવી ચાલાકીથી આશ્ચર્ય ઉપજાવે તે જાદુગર, જરૂરિયાત પૂરી પાડી ગ્રાહકને સંતોષે તે કારીગર અને ભાવકને સંતર્પણ દેવા ઉપરાંત તેનું અંતસ્તત્વ ઉન્નત કરી ભાવકને માનવતાસભર જીવવા સાહજિકતાથી પ્રેરે તે કળાકાર.'*

– મુકુન્દરાય વિ. પારાશર્ય

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### આચાર્યશ્રીઓનું સ્નેહમિલન

એસ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ પામેલ તાલીમાર્થીઓને અભ્યાસક્રમના ભાગ રૂપે વિવિધ પ્રેક્ટિકલ વર્ક કરવાનું હોવાથી આચાર્યશ્રીઓ સાથે પરિચય કેળવવા અને કૉલેજ-પરિવારનો સ્કૂલો સાથેનો સ્નેહસેતુ વધુ સુદ્રઢ બનાવવાના ભાગ રૂપે હાઈસ્કૂલોના આચાર્યશ્રીઓના સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં પ્રાર્થના બાદ કૉલેજના હેડ પ્રા. દીપકભાઈ પંડ્યાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને ઉપસ્થિત મહેમાનોનું અભિવાદન કરવામાં આવ્યું હતું. વિવિધ શાળાઓમાંથી આવેલ આચાર્યશ્રીઓએ પ્રાસંગિક પ્રવચનો આપ્યાં હતાં.

### એકાંકી

ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે પ્રમુખસ્વામી સાયન્સ અને એચ.ડી. આર્ટસ કૉલેજના યજમાનપદે અને કેમ્પસ ડાયરેક્ટર ડૉ. આર. જે. વ્યાસના મુખ્યમહેમાનપદે અમદાવાદના સુપ્રસિદ્ધ 'કોરલ' ગ્રુપે 'કડલા' અને 'પારખું' બે એકાંકીઓ પ્રસ્તુત કર્યાં હતાં. આ એકાંકીઓ સૂરજબા મહિલા બી.એડ્ કૉલેજ, એમ.પી. પટેલ પી.ટી.સી. કૉલેજ અને આર્ટ્સ કૉલેજનાં ભાઈ-બહેનોએ માણ્યાં હતાં. સમાજની વેદનાને વાચા આપતાં આ એકાંકીનાં પાત્રોએ સૌને ભીંજવી દીધા હતા.

### એન.જી.ઓ. સાથે એમ.ઓ.યુ.

તાલીમાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તેમનામાં સામાજિક સહભાગીતાના ગુણો વિકસે તે હેતુને ધ્યાનમાં રાખી એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા ગાંધીનગર શહેરની પ્રતિષ્ઠિત એન.જી.ઓ. સાથે કામગીરી અંગેના એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં. સદર કાર્યક્રમમાં ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, જ્યોતિ મહિલા મંડળ, લાયન્સ કલબ, સત્યસાંઈ સેવા સમિતિ, અરવિંદ કેન્દ્ર, નિસર્ગ સાયન્સ સેન્ટર વગેરે એન.જી.ઓ.ના સંચાલકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પોતાના કાર્યમાં સહભાગી થવા સ્વીકૃતિ આપી હતી.

### એમ.બી.એ. સલાહકાર સમિતિ

એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર સ્ટડીઝ (MBA) ગાંધીનગર દ્વારા તા. ૦૯ જુલાઈએ Advisory Council Meeting મળી હતી જેમાં ડૉ. કનુભાઈ પટેલ – ચેરમેન, શ્રી વલ્લભભાઈ પટેલ – વાઈસ ચેરમેન, શ્રી ડી. ટી. કાપડિયા (ડાયરેક્ટર, કે.એસ.વી.), ડૉ. સરલા અચ્યુતન (ડાયરેક્ટર, બી.કે. સ્કૂલ, અમદાવાદ) વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં MBAના ચાલુ અભ્યાસક્રમની ક્ષતિઓ અને આ ક્ષતિઓને કેવી રીતે નિવારી શકાય તેવા મુદ્દાઓ ઉપર તથા નવી મૂલ્યાંકન પદ્ધતિ વિશે તેમજ પ્રવર્તમાન સ્પર્ધાત્મક સમયમાં MBAનો અભ્યાસક્રમ સઘન

રીતે પ્રોફેશનલ બનાવવા વિસ્તારથી ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

## ગુરુપૂર્ણિમા

સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ, કડીમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ ઊજવવામાં આવ્યો, જેમાં તાલીમાર્થી બહેનોએ ગુરુ-શિષ્ય સંબંધ પર નાટક, અભિનયગીત, ભજન, દુહા, ગાન તથા વક્તવ્યો આપી પવિત્રતા સાથે આધ્યાત્મિકતાની સુવાસ ફેલાવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ઉપપ્રમુખશ્રી ડૉ. રામભાઈ પટેલે ગુરુનું મહત્ત્વ તથા આદર્શો પર પ્રવચન આપી બહેનોને પ્રેરણા પૂરી પાડી હતી. વધુમાં નવપ્રશિક્ષણાર્થીઓને માહિતગાર કરવાના હેતુસર કૉલેજમાં ઉપલબ્ધ ૪૦૦ જેટલા વિવિધ શૈક્ષણિક ચાર્ટ્સનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું.

* એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને વકીલશ્રી ડી. એચ. પટેલ એમ.એડ્. કૉલેજના (કે.એસ.વી.) સંયુક્ત ઉપક્રમે તાલીમાર્થીઓને ગુરુનું મહત્ત્વ સમજાય તે હેતુથી 'ગુરુપૂર્ણિમા' વિષય પર વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧૫ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં બી.એડ. કૉલેજના જોશી પ્રજ્ઞાબેન પ્રથમ સ્થાને અને ચમાર રીનાબેને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જ્યારે એમ.એડ્. કૉલેજના તાલીમાર્થી દિનેશભાઈ પ્રથમ સ્થાન પર રહ્યા હતા. આગળ ઉપર નિર્દેશિત કૉલેજો અને એસ. એસ. પટેલ પી.ટી.સી. કૉલેજના સંયુક્ત ઉપક્રમે ગુરુવંદના સંદર્ભે 'સ્વામી વિવેકાનંદ એક ઉત્તમ શિક્ષક અને યોગગુરુ' વિષય ઉપર શ્રી રજનીકાન્ત ભટ્ટના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલીમાર્થી શ્રી પ્રજ્ઞા જોશીએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ડૉ. કુસુમ યાદવે મહેમાનશ્રીનો પરિચય આપી પ્રસંગનું હાર્દ પ્રસ્તુત કર્યું હતું.

## જીટીપીએલ ચેનલની મુલાકાત

પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓ ઈલેક્ટ્રોનિક મીડિયા વિશે પ્રત્યક્ષ નિદર્શન દ્વારા માહિતી મેળવી શકે તે હેતુસર શાહીબાગ સ્થિત જી.ટી.પી.એલ. ચેનલની મુલાકાતનું રથયાત્રાના દિવસે તા. ૨-૭-૨૦૧૧ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. જીટીપીએલના હેડ પદ્મકાંતભાઈ ત્રિવેદીએ વિદ્યાર્થીઓને દરેક વિભાગ બતાવી તેની કામગીરી ઉદા. તરીકે વોઈસ રેકોર્ડીંગ, વૉઈસ મિક્સિંગ, એન્કરીંગ વગેરે કેવી રીતે થાય છે, સ્થળ પરથી પત્રકાર અને સ્ટીંગર્સે મોકલેલી વિગતો કેવી રીતે લાઈવ ટેલીકાસ્ટ થાય છે ? વગેરેની સંપૂર્ણ વિગતો સમજાવી હતી. બ્યૂરો ચીફ દેવાંગભાઈ ભટ્ટે એન્કર, ન્યૂઝરીડર, ન્યૂઝ પ્રેઝન્ટર વગેરે વિશે સમજૂતી આપી હતી. કેમેરા ચાલતો હોય ત્યારે કેવી ફ્રેમમાં બેસવું, કેવી પોઝિશન હોવી જોઈએ વગેરેની માહિતી આપી હતી. આ ઉપરાંત ટીકર્સ, વોઈસ ઓવર, સ્ક્રોલીંગ ન્યૂઝ વગેરેની પણ સમજૂતી આપી હતી. સવારે ૧૦થી ૫ કલાક દરમિયાન પત્રકારત્વના વિદ્યાર્થીઓએ રથયાત્રાના લાઈવ શોનું પ્રત્યક્ષ નિદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ મૂંઝવતા કેટલાક પ્રશ્નો પૂછીને પોતાની મૂંઝવણો હળવી કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ ફિલ્ડમાં વાચનરસ અને નિરીક્ષણશક્તિ હોવી ખૂબ જરૂરી છે. વિદ્યાર્થીઓની સાથે પ્રા. મિતેશ મોદી પણ જોડાયા હતા.

## નૃત્યસ્પર્ધા

આર. એચ. પટેલ ઈંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, ગાંધીનગર પ્રશિક્ષણાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ સંબંધી સંકલ્પના સાકાર થાય અને સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓમાં રસ લેતા થાય તે માટે નૃત્યસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૩૦ જેટલા પ્રશિક્ષણાર્થીઓએ વિવિધ રાજ્યોની

સંસ્કૃતિનો મહિમા વર્ણવતા ગરબા, બીહુ, ઘુઘર, મરાઠી તથા પંજાબી જેવાં નૃત્યો રજૂ કર્યાં હતાં, જેમાં મરાઠી, નૃત્યએ પ્રથમ સ્થાન તથા બીહુ નૃત્યએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ પ્રસંગે કૉલેજનાં હેડ ડૉ. કુસુમ યાદવે વિદ્યાર્થીઓમાં રહેલી સાંસ્કૃતિક ચેતનાને બિરદાવીને આજનો પ્રશિક્ષણાર્થી આવતી કાલનો શ્રેષ્ઠ શિક્ષક બને તે માટે ધ્યેયનિષ્ઠ પ્રયાસો કરવા જણાવ્યું હતું.

## પરિસંવાદ

એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા તા. ૧૨ જુલાઈના રોજ ફોરેક્સ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવેલું, જેમાં જપ્પી ફોરેકસ સર્વિસીસ, અમદાવાદના પ્રતિનિધિ શ્રી હર્ષ જપ્પી દ્વારા ફોરેક્સ મેનેજમેન્ટ અંગે સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવી હતી. આ સેમિનારમાં શ્રી ભોળાભાઈ પટેલ બી.બી.એ. કૉલેજના ૨૫૦થી વધુ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રવેશોત્સવ

* આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજ, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન તેમજ વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ આંમત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં તા. ૧૬-૬-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યો. કે. એસ. વી. યુનિવર્સિટીના ડાયરેક્ટરશ્રી ડી. ટી. કાપડિયાએ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન કરી પ્રાયોગિક જીવનના અનુભવ વિષય પર ભાર મૂકી ભાવિ શિક્ષકોને શુભકામનાઓ વ્યક્ત કરી હતી. શિક્ષણ વિભાગનાં ડીન ડૉ. વીણાબેન પટેલે સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાના જીવનસંદેશ 'કર ભલા હોગા ભલા'ને ચરિતાર્થ કરવામાં સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સામાજિક, આર્થિક તેમજ શૈક્ષણિક ક્ષેત્રે યોગદાનથી માહિતગાર કરી સંસ્થાનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજનાં હેડ ડૉ. કુસુમ યાદવે કૉલેજની અભ્યાસિક તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ સંબંધી પ્રગતિનો ચિતાર આપતાં કહ્યું હતું કે આ કૉલેજો ઉત્કૃષ્ટ ગુણવત્તાવાળા શિક્ષકો તૈયાર કરી સમાજસેવાના ઉમદા કાર્યમાં જોડાય છે.

* ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા તા. ૨૨-૭-૨૦૧૧ના રોજ પ્રવેશોત્સવ તથા ઉદ્‌ઘાટન કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના સેક્રેટરી તથા વાઈસ પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ ડી. પટેલના અતિથિવિશેષપદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના કુલપતિ શ્રી ડી. ટી. કાપડિયાના મુખ્ય મહેમાનપદે યોજાઈ ગયો. અતિથિશ્રીઓએ વિદ્યાર્થીઓને સર્વાંગી વિકાસ, ચારિત્ર્યઘડતર તથા વ્યક્તિત્વ વિકાસ અંગે વક્તવ્યો આપેલાં તેમજ કારકિર્દી વિકાસ માટે આશીર્વચન પાઠવેલાં. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વાઈસ-ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે વિદ્યાર્થીઓ તથા કૉલેજને નવા સત્ર સંદર્ભે શુભેચ્છાસંદેશ પાઠવેલ. સંસ્થાના નિયામક ડૉ. રમાકાન્ત પુષ્ટિએ મહેમાનોનું સ્વાગત તથા પરિચય કરાવ્યા બાદ સંસ્થાકીય પ્રવૃત્તિઓનો ચિતાર આપ્યો હતો. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થીઓના સ્વાગત માટે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન તા. ૨૩-૭-૨૦૧૧ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને બહાર લાવવા તથા યુવા પ્રતિભાઓને તક આપવાના મુખ્ય ઉદ્દેશ સાથે આ કાર્યક્રમમાં ગીત-સંગીત, ડાન્સ તથા મિમીક્રી જેવા વિવિધ કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા.

## પ્લેસમેન્ટ

એસ. કે. પટેલ સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, ગાંધીનગરના એમ.બી.એ.ના

વિદ્યાર્થીઓના પ્લેસમેન્ટ હેતુસર કેમ્પસ ઇન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૫ કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ ઇન્ટરવ્યૂ દરમ્યાન કોટક મહિન્દ્રા દ્વારા સૌથી વધુ વાર્ષિક રૂપિયા ૪.૫૦ લાખના પેકેજની અને કોકા-કોલા અને હિન્દુસ્તાન બેવરજિસ દ્વારા સૌથી ઓછી રૂ. ૩ લાખના પેકેજની ઑફર કરવામાં આવી હતી. નોંધપાત્ર બાબત એ કે બધા જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી ગયું.

## બિઝનેસ કમ્યૂનિકેશન

એસ. કે. પટેલ સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ MBAના તૃતીય સેમેસ્ટરના વિદ્યાર્થીઓ માટે બિઝનેસ કમ્યૂનિકેશન કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કૉલેજના પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી પાર્થ વોરા અને શ્રી દિપાલી આહુજાએ બિઝનેસ કમ્યૂનિકેશનનાં વિવિધ પાસાંઓની છણાવટ કરી હતી તા. ૨૭ જુલાઈના રોજ પ્રો. સ્વેતા ઝાએ 'Etiquettes and Presentation Skills' વિશે વિસ્તારથી ચર્ચા કરી હતી.

## બ્લડ ડોનેશન કેમ્પ

ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બી.બી.એ., ગાંધીનગર દ્વારા રેડક્રોસ સોસાયટી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બ્લડ ડોનેશન કેમ્પ તથા થેલેસેમિયા ચેક-અપ કેમ્પનું આયોજન તા.૧૩ જુલાઈ ના રોજ કરવામાં આવ્યું, જેમાં ૩૪ બોટલ્સનું રક્તદાન કરવામાં આવ્યું. આ ઉપરાંત ૪૨૮ વિદ્યાર્થીઓનું થેલેસેમિયા ચેક-અપ પણ કરવામાં આવ્યું.

## યોગ તથા મેડીટેશન વર્કશોપ

ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગરના વિદ્યાર્થીઓ ફિલ્મો તથા ફાસ્ટફૂડની સંસ્કૃતિની નબળી અસરોમાંથી બહાર આવી અભ્યાસલક્ષી તથા સ્વાસ્થ્યલક્ષી જીવનશૈલી અપનાવી એકાગ્રતા અને કાર્યક્ષમતાથી પોતાનું શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે હેતુથી પ્રેક્ષાધ્યાન એકેડેમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૭, ૮ અને ૧૧ જુલાઈ, ૨૦૧૧ દરમિયાન યોગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓ જીવનમાં પ્રાર્થનાનું મહત્ત્વ સમજે, તેમના આરોગ્ય પ્રત્યે વધુ સભાનતા કેળવે, માનસિક હકારાત્મકતા તથા એકાગ્રતા કેળવાય, ધ્યેય નિર્ધારણ તથા ધ્યેયસિદ્ધિ વલણ અપનાવાય તથા શિસ્ત તથા વિવેક જેવા ગુણોની કેળવણી થકી સ્પર્ધાત્મકતાનો અભિગમ કેળવાય તેવા ઉમદા હેતુઓ સાથે યોજવામાં આવેલી આ શિબિરમાં પ્રેક્ષાધ્યાન શિબિર, ગાંધીનગરના યોગશિક્ષક શ્રી શંભુદયાલ ટાંક તથા તેમના સહયોગી શ્રી વિજય વસંતે સેવા આપી હતી. આ ઉપરાંત તા. ૧૧-૭-૨૦૧૧ના રોજ વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓએ વિજ્ઞાન તથા સંલગ્ન વિષયો પર વાર્તાલાપ તથા વક્તવ્યો સાંભળ્યાં હતાં તેમજ સાયન્સ સિટીના વિવિધ વિભાગોની મુલાકાત લીધી હતી.

## રોકાણકારોમાં જાગરુકતા

ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર, મિનિસ્ટ્રી ઑફ કોર્પોરેટ અફેર્સ અને આઈસીડબલ્યુએઆઈ, અમદાવાદ રિજિઓનલ ચેપ્ટરના સંયુક્ત ઉપક્રમે 'ઈન્વેસ્ટર્સ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન BBAના વિદ્યાર્થિઓના લાભાર્થે તા. ૨૯ જુલાઈ ના રોજ કરવામાં આવ્યું. કાર્યક્રમના મુખ્ય વક્તા ડૉ. શાન્તનુ મહેતાએ રોકાણને લગતા અલગ-અલગ Instrumentsની ખૂબ જ ઝીણવટીભરી સમજ પૂરી પાડી તેમજ રોકાણકારો તેમજ વિદ્યાર્થીઓએ હાલના બદલાતા જતા કોર્પોરેટ વાતાવરણના નવા-

નવા અભિગમો કેવી રીતે કેળવવા તેની ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ વર્કશોપમાં અમદાવાદ ચેપ્ટર ઑફ કોસ્ટ ઍન્ડ વર્ક્સ એકાઉન્ટ્સના ચેરમેન શ્રી પ્રદીપભાઈ દેસાઈએ હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. જયેશ તન્નાએ કર્યું હતું.

## વક્તૃત્વ સ્પર્ધા

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને વકીલશ્રી ડી. એચ. પટેલ એમ.એડ્. કૉલેજના (કે.એસ.વી.) સંયુક્ત ઉપક્રમે ગીત અને વર્ક્તૃત્વ સ્પર્ધા દ્વારા તાલીમાર્થીઓને વર્ષાઋતુનું મહત્ત્વ સમજાય તે હેતુથી વર્ષાગીત ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દસ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગામીત સ્વાતિબેન પ્રથમ સ્થાને અને પટેલ રીપલબેને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તા. ૨૫-૬-૨૦૧૧ના રોજ ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રથમ નંબરે આરતીકુમારી, બીજા નંબરે પૂજા મંજુનાથ તથા ત્રીજા નંબરે નિરાલી જોષી વિજેતા થયાં હતાં. તા. ૨-૭-૨૦૧૧ના રોજ કૉલેજ ખાતે વક્તૃત્વસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં પ્રશિક્ષણાર્થીઓએ નીચેના વિષયો ઉપર પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા : ૧. સામાન્ય માણસ પર ફુગાવાની અસર, ૨. આનંદમય શિક્ષણ, ૩. શાળામાં ગુણવત્તાયુક્ત શિક્ષણ, ૪. સામાજિક તંત્રમાં ભ્રષ્ટાચારનું દૂષણ. આ સ્પર્ધામાં પ્રથમ નંબરે સુદેશકુમારી ગહલાવત, બીજા નંબરે હેની પીતાંબરમ તથા ત્રીજા નંબરે લેખરાજાની મોના વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં.

## શિક્ષક-ગરિમા શિબિર

સૂરજબા મહિલા બી.એડ્. કૉલેજ, કડીમાં ગાયત્રી પરિવાર મહેસાણા અને કડી દ્વારા બી.એડ્. અને પી.ટી.સી.માં અભ્યાસ કરતાં ભાઈ-બહેનો અને શિક્ષકો માટે શિક્ષક-ગરિમા શિબિરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ૧૫૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો. શ્રી પ્રવીણભાઈ પંચાલે આપણી સંસ્કૃતિના ભવ્ય વારસા વિશે, શ્રી નટુભાઈએ આપણા પ્રાચીન નારીરત્નો વિશે, શ્રી શૈલેષભાઈએ શિક્ષકના સ્વભાવ અને ગુણો વિશે, પ્રિ. રામકુમાર વર્માએ શિક્ષકની જવાબદારીઓ વિશે અને ડૉ. આર. જે. વ્યાસે શાંતિકુંજ હરિદ્વાર અને ત્યાંની યુનિવર્સિટીના અભ્યાસક્રમોની ગતિવિધિઓ વિશે વક્તવ્યો આપ્યાં હતાં. ગાયત્રી પરિવારના સભ્યોએ બોધાત્મક સંસ્કૃતિપ્રેરક ગીતોના ગુંજનથી વાતાવરણ ભર્યું ભર્યું બનાવ્યું હતું.

## શોધપત્ર

એસ. કે. પટેલ સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, ગાંધીનગરના નીચેના અધ્યાપકો શોધપત્રો રજૂ કર્યા. નિયામક સોનુ ગુપ્તા, પ્રા. પ્રકાશ ચાવલા અને પ્રો. સંધ્યા હરકાવત : Green Mgt. and Competitive Advantage (Annamalai University) પ્રો. ડેનીશ : Emerging Indian Economy in 21st Century : Challenges and Opportunities (Indian Economy); પ્રો. જલ્લવી અને પ્રો. યેશા શેઠ : Resurgence in Professional Edification.

## સંશોધન અહેવાલ લેખન વર્કશોપ

તા. ૯/૧૦-૭-૧૧ના રોજ દિવસોમાં ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના M.Phil.ના વિદ્યાર્થીઓ માટે ફેકલ્ટીનાં ડીન ડૉ. વીણાબેન પટેલની અધ્યક્ષતામાં 'સંશોધન અહેવાલ લેખન' માટેનો માર્ગદર્શન વર્કશોપ યોજવામાં આવ્યો, જેમાં સંસ્થાના અધ્યાપકોએ સંશોધન અહેવાલલેખનનાં વિવિધ પ્રકરણોની ક્રમશઃ ઊંડાણપૂર્વક સમજ આપી હતી. વિદ્યાર્થીઓએ ચર્ચામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## ઑન ઍર કાર્યક્રમ

તા. ૨-૭-૨૦૧૧ના રોજ રાજ્ય સરકાર દ્વારા ધોરણ-૯માં અમલી કરાયેલ સેમેસ્ટર પદ્ધતિના અનુસંધાને શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન બાબતે રાજ્ય સરકાર દ્વારા On Air માર્ગદર્શન આપવાના કાર્યક્રમને જીવંત બતાવવામાં આવ્યો. આ કાર્યક્રમમાં શાળાની ધોરણ-૯ની તમામ વિદ્યાર્થિનીઓ, શિક્ષકો અને ૪૫ વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આચાર્યાશ્રી શ્રીમતી સુધાબેન પટેલ તથા મો. સુપરવાઈઝર મોશનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો.

## ગુરુવંદના

* શ્રીમતી એમ. બી. કન્યા પ્રાથમિક શાળામાં ગુરુપૂર્ણિમાના પર્વની ઉજવણી નિમિત્તે ગુરુવંદના બાદ ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પ્રથમ નંબરે પ્રજાપતિ ભાર્ગવી આર, દ્વિતીય નંબરે પટેલ વિધિ ડી. તથા ગઢવી કિંજલ જે. તથા ત્રીજા નંબરે દવે પ્રિયલ બી. વિજેતા બન્યાં હતાં. આચાર્ય શ્રી નીરુબેન પટેલે પર્વનું તેમજ શિક્ષણ સાથે શિસ્તનું મહત્ત્વ સમજાવ્યું હતું.

* તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા. શાળામાં ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુવંદના અને વૃક્ષારોપણ કાર્યક્રમ ઊજવાઈ ગયો. આ પ્રસંગે ચીફ કન્ઝર્વેશન ઑફિસર શ્રી ડી. એસ. નર્વે, નાયબ વનસંરક્ષક અધિકારી શ્રી ભાવિનભાઈ વ્યાસ, આર.એફ.ઓ. શ્રી વી. વી. ઠાકોર તથા કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત શ્રી ડી. એસ. નર્વેએ જીવનમાં ગુરુનું મહત્ત્વ તથા વૃક્ષોની ઉપયોગિતા પર વક્તવ્ય આપ્યું હતું. કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમાભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ગુરુ તથા વૃક્ષોનાં મહત્ત્વ વિશેની વક્તૃત્વસ્પર્ધા, ગુરુભક્તિનાં ગીતો, તથા વૃક્ષ વિશે કાવ્યપઠન ગોઠવવામાં આવ્યાં હતાં.

* શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓ સુરક્ષિત રહી જીવનમાં પ્રગતિ કરી શકે તેવી ગુરુભાવના વ્યક્ત કરી હતી. વિદ્યાર્થીઓએ ગુરુ-શિષ્યના અતૂટ પ્રેમને વ્યક્ત કરતાં ગુરુમહિમા સંબંધી ગીતો, વક્તવ્યો રજૂ કર્યાં હતાં અને નિબંધ લેખનસ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પર્વની ઉજવણીને વિશેષ મહત્ત્વ અપાવ્યું હતું. નિબંધ લેખનસ્પર્ધામાં નીચેના વિદ્યાર્થીઓ વિજેતા થયા : ધોરણ-૫ : (૧) પટેલ પૂજન જે. (૫-એ), (૨) પટેલ કૃણાલ બી. (૫-એ), (૩) પટેલ યશ કે. (૫-બી), ધોરણ-૬ : (૧) પટેલ રવિ એન. (૬-સી), (૨) ડાભી નીરજ એમ. (૬-બી), (૩) પરમાર મનદીપ એ. (૬-બી), ધોરણ-૭ : (૧) રાવલ રોનક એમ. (૭-સી), (૨) ચૌધરી જૈનમ એમ. (૭-ઈ), (૩) પંડ્યા કથન એન. (૭-એચ).

* તા. ૧૫-૭-૨૦૧૧ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ઉજવણી નિમિત્તે ધોરણ-૪થી ૭ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વસ્પર્ધા, ગીતસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું તેમજ કવિ કલાપી રચિત નાટક રજૂ કરવામાં આવ્યું હતું. આ નાટકમાં વિદ્યાર્થીઓમાં નૈતિકતા અને પ્રામાણિકતાનાં મૂલ્યોનો વિકાસ થાય તેવા સંવાદો રજૂ કર્યા હતા. 'ગુરુ-કૌરવો પાંડવો' નાટક રજૂ કરી ગુરુના મહિમાને પ્રગટ કર્યો હતો. શાળાના આચાર્યશ્રી દશરથભાઈ પટેલે ગુરુનું માન જાળવવું, આજ્ઞાનું પાલન કરવું, ગૃહકાર્ય નિયમિત કરવું વગેરે જેવા સંકલ્પો વિદ્યાર્થીઓ પાસે લેવડાવ્યા હતા. આ પ્રસંગે એસ.

એસ. પટેલ પી.ટી.સી. કૉલેજનાં આચાર્યા કિરણબેન પટેલે પ્રસંગને અનુરૂપ પ્રવચન આથી બાળકોને આશીર્વચન પાઠવ્યા હતા. આ ઉપરાંત તા. ૨૩-૦૭-૨૦૧૧ના રોજ બજાજ એલાયન્જ ડિસ્કવર ઈન્ડિયા દ્વારા ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શાળાના ૬ વિદ્યાર્થીઓની ગાંધીનગર શહેર કક્ષાએ પસંદગી થઈ હતી.

## નિબંધસ્પર્ધા

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા દ્વારા સરકારની વિવિધ યોજનાએ જેમકે નિર્મળ ગુજરાત, નર્મદા યોજના અને ગુજરાતનાં પ્રવાસધામો વિશે નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ ક્રમે નાયક ક્રિમા ધોરણ-૯/ડી, દ્વિતીય ક્રમે રાઠોડ જૈમિના ધોરણ-૧૧ ડી અને તૃતીય ક્રમે પટેલ લીના ધોરણ-૮/ડી વિજેતા થયાં હતાં. આ ઉપરાંત તા. ૨-૮-૨૦૧૧ના રોજ શ્રી નટુભાઈ ઠક્કરની સ્મૃતિમાં મગોડી મુકામે યોજાયેલ નિબંધસ્પર્ધામાં કુરેશી સાહિસ્તા ધોરણ-૧૧/ડી દ્વિતીય ક્રમે વિજેતા થયેલ.

## નેશનલ સાયન્સ સેમિનાર

ભારત સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના ઉપક્રમે નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ગાંધીનગર જિલ્લાનો સેમિનાર તાજેતરમાં આયોજિત કરવામાં આવ્યો હતો. આ સેમિનારમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની વિદ્યાર્થીની દિશા આર. દેસાઈએ ભાગ લઈ 'ઘરમાં વપરાતાં રસાયણો અને તેના લાભાલાભ' વિશે પાવર પોઈન્ટથી પ્રેઝન્ટેશન આપ્યું હતું, જેમાં તે તૃતીય ક્રમે વિજેતા થઈ. અભિનંદન. આ ઉપરાંત તા. ૩૦-૭-૨૦૧૧ના રોજ સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, ગાંધનગર દ્વારા આયોજિત 'નેનો ટેકનોલોજી ફોર નેનો સાયન્ટીસ્ટ્સ' સેમિનારમાં ધોરણ-૯ અને ૧૧ની વિદ્યાર્થિનીઓ તથા વિજ્ઞાનશિક્ષકો શ્રી વિજયભાઈ પટેલ અને શ્રી અલ્પેશભાઈ પરમારે ભાગ લીધો હતો.

## પ્રખરતા શોધ કસોટી

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં પ્રખરતા શોધ કસોટીની પરીક્ષામાં ધોરણ-૯/એની વિદ્યાર્થિની દેસાઈ દિશા ઈશ્વરભાઈએ ગણિતમાં ૩૯.૩૩ માર્ક્સ અને તેનો પર્સન્ટાઈલ રેન્ક ૯૯.૧૯ મેળવ્યો. રાજ્યના ૧૫૧ વિદ્યાર્થીનીઓમાં મેરિટમાં ૧૫મું સ્થાન પ્રાપ્ત કરતાં સર્ટિફિકેટ તેમજ DEO કચેરી તરફથી રૂપિયા ૫૦૦/-નો ચેક મળવાપાત્ર છે. અભિનંદન.

## પ્રવેશોત્સવ

* શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળાની ધોરણ-૧ની ૨૩૭ વિદ્યાર્થિનીઓનો પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થિનીઓને કેમ્પસમાં વિવિધ સૂત્રોચ્ચાર સાથે ફેરવવામાં આવી તેમજ પૂ. દાસકાકાની પ્રતિમાને હાર પહેરાવવામાં આવ્યો હતો. ત્યારબાદ બાળફિલ્મ બતાવી આનંદપૂર્વક ઉત્સવની ઉજવણી કરવામાં આવી. શાળાનાં આચાર્યા બહેનશ્રી તથા શિક્ષકોએ આશીર્વાદ આપ્યા હતા.

* શ્રીમતી એચ. વી. પટેલ કન્યા બાલમંદિર, ગાંધીનગર દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણીના ભાગ રૂપે સિનિયર કે.જી.નાં બાળકો દ્વારા વેશભૂષા, વૃક્ષારોપણ, વિવિધ બેનરો સાથે બાળરેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

* શ્રીમતી આર. એન. પટેલ પ્રાઈમરી સ્કૂલના નવપ્રવેશાર્થીઓનો પ્રવેશોત્સવ તા. ૨૦-૦૬-૨૦૧૧ના રોજ યોજવામાં આવ્યો, જેમાં આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને સંસ્થા પરિચય આપી માહિતગાર કર્યા તથા વર્ષ દરમ્યાન શૈક્ષણિક પ્રવૃત્તિઓ સબંધી માર્ગદર્શન આપી શુભેચ્છાઓ પાઠવી હતી.

## મેડિકલ પ્રવેશ

શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના નીચેના **૩૮ વિદ્યાર્થીઓ**એ ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં મેડિકલમાં પ્રવેશ મેળવેલ છે. **બી. જે. મેડિકલ કૉલેજ** : ૧. માંડણકા જય કે. ૨. પટેલ અક્ષય જે. ૩. પટેલ ધ્વનિ જે. ૪. પટેલ ધ્રુવ આર. ૫. પ્રજાપતિ હર્ષ વી. ૬. ચૌધરી ધવલ વી. ૭. પરમાર સિતાંશું ડી. ૮. પટેલ પાર્થ સતીષભાઈ ૯. ઉપાધ્યાય મિતુલ એસ. ૧૦. શર્મા મનાલી વી. **એમ. એસ. મેડિકલ (બરોડા)** : ૧૧. પટેલ હાર્દિક બી. ૧૨. રાઠોડ શિવરાજ એમ. ૧૩. મિશ્રા યશોધર એમ. ૧૪. ત્રિવેદી મિત એમ. ૧૫. પટેલ જૈમિન એન. ૧૬. શાહ રાજ જે. ૧૭. ચૌધરી ભાગ્યશ્રી એન. **સુરત મેડિકલ કૉલેજ** : ૧૮. રાવલ જય એ. **જામનગર મેડિકલ કૉલેજ** : ૧૯. જાની સજીતા સી. ૨૦. રોહિત પૂજા પી. ૨૧. અસારી મિત્તલ કે. ૨૨. ઠાકોર કલ્પિત. **રાજકોટ મેડિકલ કૉલેજ** : ૨૩. પટેલ આકૃતિ વી. **ભાવનગર મેડિકલ કૉલેજ** : ૨૪. પટેલ જેકી બી. **જી.સી.એ. મેડિકલ કૉલેજ** : ૨૫. પટેલ રોનક કે. ૨૬. પટેલ મીત એમ. ૨૭. ડેર સંકેત ૨૮. ગોસ્વામી ગાર્ગી જે. ૨૯. શાહ આસ્થા એમ. ૩૦. મલિક ફહીમ એમ. ૩૧. પટેલ દિવ્ય આર. ૩૨. પટેલ નિપુણ એમ. **એલ. જી. મેડિકલ કૉલેજ** : ૩૩. પટેલ ભાવિન જે. **કરમસદ મેડિકલ કૉલેજ** : ૩૪. રાઠોડ મિતેષ આર. ૩૫. આચાર્ય અમીષા. **ગોત્રી મેડિકલ કૉલેજ** : ૩૬. પટેલ નીલમ પી. **સી.યુ.શાહ મેડિકલ કૉલેજ** : ૩૭. પટેલ લકીર કે. **સોલા મેડિકલ કૉલેજ** : ૩૮. દેસાઈ સ્નેહા આર. ઝળહળતી સિદ્ધિ બદલ વિદ્યાર્થીઓ, આચાર્યશ્રી, શિક્ષકો અને કર્મચારીઓને બદલ હાર્દિક અભિનંદન.

## રક્ષાબંધન પર્વ

શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં તા. ૧૨-૮-૨૦૧૧ના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને બાંધવામાં આવેલી રાખડીના સુરક્ષાકવચ સાથે શાળાનાં બાળકો સુરક્ષિત રહે તેવી ભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે રાખી મેકિંગ સ્પર્ધા રાખવામાં આવી હતી, જેમાં ધોરણ-૫, ૬, ૭ના લગભગ ૧૧૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું. ભાઈ-બહેનના અતૂટ પ્રેમની પ્રતીતિ કરાવતા આ પર્વની ઉજવણીના ભાગ રૂપે વિદ્યાર્થીઓએ પર્વને અનુરૂપ ગીતો અને વક્તવ્યો રજૂ કરી ઉજવણીને વિશેષ મહત્ત્વ આપ્યું હતું.

## રમતગમત સ્પર્ધાઓ

ગાંધીનગર જિલ્લા કક્ષાની રમતગમતોની સ્પર્ધામાં આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલય, ગાંધીનગરની વિદ્યાર્થિનીઓ નીચેની સ્પર્ધાઓમાં વિજેતા થઈ. હેન્ડબોલ સ્પર્ધામાં દ્વિતીય ક્રમે વિજેતા. આ પૈકી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે કુરેશી ગુલિસ્તા એસ., ધોરણ-૧૧/ડી, નાયક કૃષ્ણા જી. ધોરણ-૧૧/સી અને બલગામિયા તૃપ્તિ ધોરણ-૧૧/બીની પસંદગી થઈ. ધોરણ-૧૨ એ ની રાઠોડ, વિરાજ એ. તરણ સ્પર્ધામાં '૫૦ મીટર ફ્રી સ્ટાઈલ'માં પ્રથમ ક્રમે અને '૫૦ મીટર બેક સ્ટ્રોક'માં દ્વિતીય ક્રમે વિજેતા થતાં રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ. વોલીબોલની તાલુકા કક્ષાની સ્પર્ધામાં ધોરણ-૧૧/૧૨ની વિદ્યાર્થિનીઓ પ્રથમ ક્રમે વિજેતા થઈ.

**ટાઈપસેટિંગ અને મુદ્રક** : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯

**પ્રકાશક** : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

ફોન : ૨૩૨૪૪૬૯૦

# સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર સંચાલિત છાત્રાલયો




ડૉ. સી. કે. પટેલ અને એ. કે. પટેલ (યુ.એસ.એ.)
ઉચ્ચ શિક્ષણ બોઈઝ હૉસ્ટેલ, સેક્ટર-15, ગાંધીનગર



ઉચ્ચ શિક્ષણ બોઈઝ હૉસ્ટેલ,
સેક્ટર-15, ગાંધીનગરનું અંદરનું દૃશ્ય



ઉચ્ચ શિક્ષણ બોઈઝ હૉસ્ટેલ, સેક્ટર-15નું ભોજનાલય



સર્વ વિદ્યાલય ઉચ્ચ શિક્ષણ ઉમિયા કુમાર છાત્રાલય,
સેક્ટર-23, ગાંધીનગર



પટેલ અમથીબેન રેવનદાસ શિવદાસ ઉમિયા કુમાર છાત્રાલય,
સ્વ. પટેલ ડાહીબેન ભોળીદાસ અમથીદાસ ઉમિયા કુમાર છાત્રાલય,
સેક્ટર-23, ગાંધીનગર



શ્રીમતી રઈબેન નરસિંહભાઈ પટેલ પી.ટી.સી. હૉસ્ટેલ,
સેક્ટર-23, ગાંધીનગર

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 1, Issue No. 4 July-August, 2011
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015



1. શ્રી બળદેવભાઈ ગોપાળદાસ પટેલ ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-23, ગાંધીનગર
2. અંબાલાલ ગોપાળદાસ પટેલ ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-23, ગાંધીનગર
3. નારણભાઈ ગોપાળદાસ પટેલ ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-23, ગાંધીનગર
4. લોદરિયા પરિવાર ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-23, ગાંધીનગર
5. વર્ષાબહેન રમેશભાઈ નરોત્તમદાસ ઉમિયા ગર્લ્સ હૉસ્ટેલ, સેક્ટર-23, ગાંધીનગર

